નરસિંહમેહેતાનાં

પ્રભાત સંગ્રહ.

સર્વ વૈષ્ણવ ભક્તો માટે.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ઠાકોર જયંતીલાલ એન્ડ કો. બુકસેલર.

રીચીરોડ-અમદાવાદ.

આવૃતી ૧ લી — પ્રત ૪૦૦૦



સંવત ૧૯૬૬ — સને ૧૯૧૦

અમદાવાદ.

શ્રી "રત્નસાગર" પ્રીન્ટીંગ પ્રેસમાં

પટેલ ભીખાભાઈ છગનલાલે છાપ્યા

કિંમત રૂ. ૦-૪-૦

॥ શ્રીગણેશાયનમઃ ॥ શ્રી શારદાયનમઃ ॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥

પ્રભાત સંગ્રહ.

નરસિંહ મેહેતાનાં પ્રભાતીયાં.

જુનાગઢના વડનગરો નાગર–ગુજરાતમાં સૌથી જુના ભક્તનાં બનાવેલાં

॥ શ્રી જસોદાજીએ શ્રી કૃષ્ણને જગાડ્યા તે વિષે ॥

પદ ૧ લુ રાગ પ્રભાત.

જાગ્યને જાદવા કૃષ્ણ ગોવાળીયા, તુજ વિના ધેનમાં કોણ જાશે;
ત્રણસેને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડોરે ગોવાળિયો કોણ થાશે. જાગ્યને૦ ૧
દહિતણાં દેથરાં ઘીતણાં ઘેબરાં, કઢિઅલ દુધ તે કોણ પીશે;
હરિ મારો હાથીયો કાલિનાગ નાથીયો, ભુમિનો ભાર તે કોણ લેશે. જાગ્યને૦ ૨
જમનાને તીરે ગૌધેન ચરાવતાં, મધુરિસી મોરલી કોણ વાશે;
ભણે નરસૈયો તારા ગુણ ગાઇ રીઝિયો, બુડતાં બાંહડી કોણ સહાશે. જાગ્યને૦ ૩

પદ ૨ જું.

સમરને શ્રીહરી મેલ્ય મમતા પરી, જોને વિચારીને મુળ તાહરૂં;
તું અલ્યા કોણને કોને વળગી રહ્યો, વગર સમજે કહે માહારૂં માહારૂં. સમરને૦ ૧
દેહ તારી નથી જો તુ જુગતે કરી, રાખતાં નવ રહે નિશ્ચે જાયે;
દેહ સંબંધ તજી નવ નવી બહુ થશે, પુત્ર પૌત્ર પરિવાર વહાએ. સમરને૦ ૨
ધનતણું ધ્યાન તુ અહોનિશ આદરે, એજ તારે અંતરાય મોટી;
પાસે છે પણ અલ્યા તેને નવ પરખિયો, હાથથી બાજી ગઇ થયોરે ખોટી. સ૦ ૩
ભરનીદ્રા ભર્યાં રૂંધી વળાં ઘણો, સતના શબ્દ સુણિ કોણ જાગે;
જાગ તું નરસઈયા લાજ છે અતિ ઘણી, જન્મો જન્મ તારી ખાંત ભાગે. સ૦ ૪

પદ ૩ જુ.

ધ્યાન ધર હરિતણું અલ્પ મતી આળસુ, જે થકી જન્મનાં દુ:ખ જાએ;
અવર ધંધો કરે અરથ કાંઈ નવ સરે, માયા દેખાડિને મૃત્યુ વાયે. ધ્યાન૦ ૧
સકળ કલ્યાણ શ્રી કૃષ્ણના ચરણમાં, શરણ આવ્યા વીના સુખ ન હોયે;
અવર વેપાર તું મેલ્હય મિથ્યા કરી, કૃષ્ણનું નામ તું રાખ મ્હોયે. ધ્યાન૦ ૨
પટક માયા પરી અટક ચરણે હરી, વટકયમાં વાત સુણતાંજ સાચી;
આશાનું ભુવન આકાશ સુધી રચ્યું, મુખ્ય એ મુળથી ભીંત કાચી.
અંગ જોબન ગયું પલિત પિંજર થયું, તો નથી લ્હેતો શ્રી કૃષ્ણ કેહેવું;
ચેતરે ચેત દિન ચાર છે લાભના, લીંબુ લેકાવતાં રાજ લેવું. ધ્યાન૦ ૩

સરસ ગુણ હરિતણા જેને અનુસર્યા, તે તણા સુજશ તો જગત બોલે;
નરસઈયા રંકને પ્રીત પ્રભુથી ઘણી, અવર વેપાર નહી ભજન તોલે. ધ્યાન૦ ૫

ઈશ્વરના ઉપકાર વિષે.

પદ ૪ થું.

હરિતણું જ્ઞાન તને કેમ ગયું વિસરી, પશુરે ફેડીને નર રૂપ કીધું;
હાડને છેડ કરી સહુ તને હાંકતું, આજ વધારીને માન દીધું. હરિતણું૦ ૧
ઘાંચીનું ગાળિયું કંઠથી ટાળિયું, નેત્રના પાટા શ્રીનાથે છોડ્યા;
તે તણા ચરણને નવ ભજ્યો કૃતઘ્ની, તે ન ગુણ પાડના હાથ જોડ્યા હરિતણું૦ ૨
પગ ઠોકી કરી માગતો મુઢમતી. ઘાસ પાણી કરી શબ્દ ઝીણા;
આજ ગોવિંદ ગુણ ગાઇને નાચતાં, લાજ આવે તને કર્મહીણા. હરિતણું૦ ૩
લાંબીશી ડોકને કાંટાને ચાવતો, ઉંટ જાણી ઘણો ભાર લાધે.
આજ અમૃત જમે હરખે હળવો ભમે, વૈકુંઠનાથને નવ આરાધે. હરિતણું૦ ૪
પીઠ અંબાડીને અંકુશ માર સહી, રેણ ઉડાડતો ધરણી હેઠો;
આજ ચુવાચંદન આભ્રણ અંગ ધરી, વેગે જાય છે તું વેહેલે બેઠો હરિતણું૦ ૫
અન્ન વસ્ત્રને ભુષણને સર્વજે, તેહનો તુજનો હતો ઉધારો;
નરસૈના સ્વામીએ સર્વ સારૂ કર્યું, તે પ્રભુને તગે કાં વિસારો. હરિતણું૦ ૬

પદ ૫ મું

દેવા દેવ તુજને પડી દીન પ્રતિ પાળવા, કંથ કમળા રહો સંત સાથ;
લાડ પાળે તેનો પહાડ શા માનીએ, હાથ જમણો તગે મુખડામાં. દેવા દેવ૦ ૧
ગજતણી વારે તું ગરૂડ મુકી ધસ્યો, ફુંદના મુખથી ગજ ઉગાર્યો;
ધાય નારાયણ નામ લેતાં તદા, અધમ અજામેળ તુરત તાર્યો. દેવા દેવ૦ ૨
ભુપનું નોતરૂં લાવ વિણ પરહર્યું, પ્રેમનો પારખું પરમ ઠાલો;
ભક્તની ઝુંપડી જગત ઉંચી કરી, ભાજીને કાજને તું ધસાળો. દેવા દેવ૦ ૩
દ્રૌપદી કુરી લજ્જા તણે કારણે, દ્વારિકાથી ધસ્યા એક શ્વાસે.
પાંચ પાંડવતણી લાંચ નોડાતી કરિ, દુત થઇ આવીયા દુષ્ટ પાસે. દેવા દેવ૦ ૪
કાસ દૃષ્ટે કોડે કૃષ્ણ કહેતી હતી, ગોપીનાં ગોરસા લેઈ પીધાં;
સવરીના બોરમાં સ્વાદ ઝાઝો ગણ્યો, મુનિતણાં વૃંદમાં માન દીધાં. દેવા દેવ૦ ૫
બિર્થ પાલક એવું બિરદ પોતે વહે, એમ કહે સમરથ વેદ વાણી;
નરસૈયા રંકને જખના ભજનની, આપ આલબેલડા અધમ જાણી. દેવા દેવ૦ ૬

ઈશ્વરનું કિરતન કરવા વિષે.

પદ ૬ ઠું.

કૃષ્ણ કિરતન વિના નર સદા સુતકી, વિઅગ્ર કીધે વપુ શુદ્ધ ન થાયે;
સકળ તીરથ શ્રી કૃષ્ણ કિરતન કથા, હરિ તણા દાસ જ્યાં હેતે ગાયે કૃષ્ણ૦ ૧
પુર્ણ પુરૂશોતમ નવલ રંગી તજી, અન્ય દેવે જેનું મન મોહે;
કોટી ચિંતામણ કામ ધેનું તજી, મહીશીના પુત્રનું દુધ દોહે. કૃષ્ણ૦ ૨
ગર્ગ જોશી જશ ગાય જેનો સદા, નારદ નામ મુખથી નવ મુકે;
તે બ્રહ્મ દ્વાર આવીને ઉભા રહ્યા, ગોપીકા મુખ જોવાને ઢુંકે. કૃષ્ણ૦ ૩
પંજ ભવ સુર પતિ સ્વપ્ને પેખે નહીં, નેતિ નેતિ કહી નિગમ વામે;
નરસૈયો રંક જશ ગાઇને રીઝવે. સહસ્ત્ર મુખે શેશ પાર ન પામે. કૃષ્ણ૦ ૪

હરિનું સ્મરણ કરવા વિષે.

પદ ૭ મું.

હરિહર રટણ કર કઠણ કળીકાળમાં, દામ બેસે નહીં કામ સરશે;
ભક્ત આધીન છે શ્યામ સુંદર સદા, તે તારા કારજ સિદ્ધ કરશે. હરિહર૦ ૧
આપ સુખ સારૂ શુ મુઢ ફુલ્યો ફરે. શીશપર કાળ રહ્યો દંત કરડે;
પામર પલકની ખબર તુજને નહીં, મુઢ શું જોઇને મુછ મરડે. હરિહર૦ ૨
પ્રાઢ પાપે કરી બુદ્ધિ પછી ફરી, પરહરિ થડશુ ડાળે વળગ્યો;
ઇશને ઇર્ષા છે નહીં જીવપર, આપને અવગુણે રહ્યો રે અળગો. હરિહર૦ ૩
પરપંચ પરહરો સાર ઋદિએ ધરો, ઉચરો હરિ મુખે અચળ વાણી;
નરસૈયા હરી તણી ભક્તિ ભુલીશમાં, ભક્તિ વિના બીજું ધુળધાણી. હરિહર૦ ૪

પદ ૮ મું.

બાપજી પાપ મેં કવણ કીધાં હશે, નામ લેતાં તારૂં નિંદ્રા આવે;
ઉંઘ આળસ ને આહાર મે આદર્યાં, લાભ વિના લવરી કરવી ભાવે. બાપજી૦ ૧
દિન પુઠે દીન તો વહી જાય છે, દુરમતી નામે ભર્યાં રે ઠાલાં;
ભક્તિ ભુતળ વિશે નવ કરી તાહરી, ખાંડયા સંસારનાં થોથાં ઠાલાં. બાપજી૦ ૨
દેહ જ જુઠડી કરમ છે જુઠડાં, ભી ભંજન તારૂં નામ સાચું;
ફરિ ફરિ વરણવુ શ્રી હરી તુજને, પતિત પાવન તારૂં નામ જાચું. બાપજી૦ ૩
તારી કરૂણા વિના કૃષ્ણ કોડામણા, કળ અને વિકળતુ બળ ન ફાવે;
નરસૈયા રંકને જંખના તાહરી, હેડ બેડી ભાગો શરણ આવે. બાપજી૦ ૪

હરિજનની સંગત વિષે.

પદ ૯ મું.

તારા દાસના દાસની નિત્ય સંગત વિના ભ્રષ્ટ થાય બુદ્ધરા મન માહારે;
દુષ્ટને સંગતે દુષ્ટ મતી ઉપજે, શ્રવણ કીરતન નવ થાય તાહરૂં. તારા દાસના૦ ૧
પુર્ણ વિષપાનથી દુરિજન દોહલા, વીષ પીધે તન તેજ મરશે;
તુજથીજ વેગળા તેહની સંગતે, જન્મ કોટી તણા સુકૃત હરશે. તારા દાસના૦ ૨
અમૃતની ઉપમા સાધુને નવ ઘટે, રાહુની દુષ્ટતા ન ટળી તેણે;
પ્રહ્લાદ નારદે શુભ સંગત કરી, વશ કર્યા વૈકુંઠનાથ જેણે. તારા દાસના૦ ૩
ચતુરધા મુક્તિ છે જુજવી જુક્તીની, તારા તેહને નવ રાચે;
બેહુ કરજોડીને નરસઇયો વિનવે, જન્મોજન્મ તારી ભક્તિ જાચે. તારા દાસના૦ ૪

ભક્તના મહિમા વિષે.

પદ ૧૦ મું.

તારા દાસના ચરણની રેણુ મસ્તક ધરે, જે થકી કોટી કલ્યાણ પામે;
નિરખતાં નેહશુ નેત્ર અમૃત ઠરે, ભવતણા પાપ તે કવણ વામે. તારા દાસના૦ ૧
ભક્તને ભેટતાં કિલ્મિષ નવ રહે, જ્ઞાન દીપક થકી તિમિર નાસે;
ધન્ય ધન્ય ભાગ્ય જે સાધુ સંગત કરે, કૃષ્ણ કીરતનથકી કૃષ્ણ ભાસે. તારા૦ ૨
એક ક્ષણ વાર જે સંગત કરે, ધન્ય ઘડી જનુની તેજ જાણે;
ભણે નરસઇયો ભવસાગર બુડતાં, હરિજન નાવ નિશ્ચે પ્રમાણે. તારા દાસના૦ ૩

ઇશ્વરના મહિમા વિષે.

પદ ૧૧ મું.

મેં ગાયો બ્રહ્મ તે પરમ આનંદસુ, કર્મના જીવ તે ભર્મે બોલે;
મેં પરિશ્વરા તુજને જાણ્યા વિના, રત્ન ગુંજા કરે એક તોલે.
નિગમ અગમ સુગમ હવો ગોપિને, તેહનો પાઠ કોઇ નવ જાણે;
કર્મની કુંચી તેને રૂચે નહી કામના, ભુમીના ભુતનો ભર્મ આણે મે ગયે ૨
પણ જ્યાંહાં બ્રહ્મ ત્યાં પરમ આનંદ છે, ન આનંદ ત્યાં અનંદ હોયે;
નરસૈયો મંદમતી ગાય છે ગુણ કથી, બ્રહ્મ ભજવા થકી મોક્ષ હોયે. મે ગયો૦ ૩

સુદામા ચરિત્ર વિષે.

પદ ૧૨ મું.

સુદામાની સ્ત્રી સુદામાને કહે છે—રાગ ઉપર પ્રમાણે

જદુપતિનાથ તે મિત્ર છે તમ તણા, જાઓ વેગે કરી કૃષ્ણ પાસે;
પ્રીત પુરવતણી હેત ધરશે હરી, મનના મનોરથ સફળ થાશે. જદુપતિનાથ ટેક. ૧
ઘેર બાળક સહુ દુખ પામે બહુ, અન્ન ને વસ્ત્રથી રહે છે ઉણાં;
નિરધન સરજીયાં પુણ્ય કીધા વીના, કર્મના દોષ તે આવી પુણ્યા જદુપતિનાથ૦ ૨
જદુપતિ જાદવો ભક્તિ વશ માધવો, કરશે કરૂણા પ્રભુ દીન જાણી,
ગોમતી સ્નાનથી કોટી અઘ નાશસે, નિરખતાં કૃષ્ણને પ્રેમ આણી જદુપતિ૦ ૩
કૃષ્ણને હળીમળી સિઘ્ર આવો વળી, જાણશે દુઃખ અંતરજામી;
વિનંતિ મનમાં ધરો આળસ પરહરો, સહાય થાશે નરસૈના સ્વામી જદુપતિ૦ ૪

પદ ૧૩ મું

સાંભળો ભામની કાન ધરી કામની, કવણ કહાવું હુ કૃપણ પાપી;
ત્રિભુવન નાથ તે મહિપતી માધવો, કેમ બોલાય ત્યાં વાત વાંપી સાંભળો. ટેક.
દિવસ ઝાઝા થયા બાળપણને ગયા, નરપતી નવ જાણે પ્રીત જુની;
દુરબળ રંક હું ભિક્ષુક બાપડો, નવ લહું ચોકશી ખોટી ચુની સાંભળો૦ ૨
ઉગ્રસેન અક્રુર ઓધવ છે ત્યાં, બળિભદ્ર ને અનિરૂદ્ધ પાસે;
કોટી જોદ્ધા જહાં ઉભો રહીશ કયાં કોણ આવા મહરો હાથ સહાસે સાંભળો૦ ૩
જડિત રત્નો મણી કાન્તી ભાસે ઘણી, તિમિર નાવે તેની જ્યોત પારી;
ત્યાં કેમ બોલી શકું વેણ વદતો થકો, ધમણ ધમતો રહુ શ્વાસોશ્વાસે સાંભળો૦ ૪
મૌન બેશી રહો સુખ દુખ સઉ સહો, ભોગવો કર્મ જે ભાગ્ય ચોટયુ;
દુરિજન લોક તે છોને લવતા રહે, નરસઇના સ્વામીનું બીરદ મોટુ. સાંભળો૦ ૫

પદ ૧૪ મું.

સ્વામી સાચું કહું બોલવું નવ રહું, કથના વચન તે વેદ વાણી
ભવતણું નાવ તે ભક્તિ ભુધરતણી, તેહ હુ પ્રીછવું સ્નેહ આણી. સ્વામિ૦
નથી હરિ વેગળા ભક્તિ ભાવે મળ્યાં, રાય ને રંક તે એક ઘાટે;
લખપતિ કોટીધ્વજ મન નાણે રતી, શુક્ર સરિખા ત્યાંહા નથીરે સાટે. સ્વામિ૦ ૨
બ્રહ્મણ્ય દેવ દયાળ શ્રી કૃષ્ણજી, નિજ જન જાણિને સુદ્ધ લેશે;
મિતની રીત તે જાય નહીં વીસરી, બાળલીલા તણાં ચરિત્ર કહેશે. સ્વામિ૦ ૩

નથિ કાંઈ ઓઢવા ભેટ લેઇ જવા, કેમ કરી જાણશે કૃષ્ણ કામી;
દત્ત નથી આપણુ વદન લજામણું, નિરખતાં ભાજે નરસૈનો સ્વામિ. સ્વામિ૦ ૪

પદ ૧૫ મુ.

વીનતિ વળી કહુ ભેટ લાવી દઉ, પીતિયે તાંદુલ ગાંઠ બાંધો;
જાણશે થોડે ઘણુ ભાન ભોજન તણુ, ધન્ય તે કૃષ્ણશુ સ્નેહ સાંધો. વીનતી૦ ૧
ભીલડીના બોર તે ભાવે આરોગિયા, જુઠુ આજ આહિરતુ રે લીધુ;
ભક્ત વિદુરની ભાજી ભાવે જમ્યા, ભુપનુ નોતરૂ પાછુ કીધુ વીનતી૦ ૨
પેરે પેરે પાંડવ કષ્ટ નિવારીયાં, ભક્ત કારણ કઈ દુષ્ટ માર્યા;
ઉંચને નીચનું એને છે પારખુ, પતિત અકરમી કઈ કોટી તાર્યા. વીનતી૦ ૩
ભક્તિ વશ વીઠલો સત સાથે મળ્યો, સમોવડને નવ મુકે ટાણે;
સત સમરે ત્યાંહાં આવી ઉભો રહે, ભક્તના મન તણા ભાવ જાણે. વીનતી૦ ૪
જાઓ વેગે કરી નિરખો મુક્તિપુરી, ધન્ય ધન્ય તારૂણી સ્નેહ ન્યાળો;
નરસૈના નાથને નિરખો નિશ્ચય કરી, કામનિયે કંથને બાંહ્ય ઝાલ્યો. વીનતી૦ ૫

પદ ૧૬ મુ

ચાલિયો વનમાં જ્ઞાનના ઘાટમાં, મીત્ર મોહનતણુ નામ લેતો;
ધન્ય એ નર અવતાર સફળ કર્યા કૃષ્ણ હે કૃષ્ણ મુખ એમ કહેતો. ચાલિયો૦ ૧
માગવુ મૃત્યુ પ્રમાણ છે પ્રાણીને, લોભ કીધો તંહા પ્રીત તુટે;
કહ્યું મેં અબળા સુખે બેશી રહો, માગતાં તો બનો મર્મ છુટે. ચાલીયો૦ ૨
માગીયું મેં નથી શુ મુખે કહુ કથી, ભોગવુ કર્મ જે ભાગ્ય લાવ્યો,
શ્રીપતી નાથે મને રંક સરજાડીયો, એમ કરી દ્રીજ દ્વાર આવ્યો. ચાલિયો૦ ૩
આવી ઉભો રહો કંઠ ગદ ગદ થયો, કોટી સુરજ શશી જોત ભાસે;
ઉર દયા આ ને હરીજન જાણીને, પોળીએ જઇ કહ્યું કૃષ્ણ પાસે. ચાલિયો૦ ૪
મંદિર તેડીયા ચાલિને ભેટિયા, ત્રિવિધિના તાપ તે સવ નાઠાં;
હેમ સિંહાસને લેઇ બેસારીયા, તાણતાં વિપ્રનાં વસ્ત્ર ફાટયાં. ચાલિયો૦ ૫
તેલ ફુલેલ મ દન કરાવિયાં, શુદ્ધ ઉષ્ણોદકે સ્નાન કીધું;
કનકની પાવડી ચરણ આગળ ધરી, કૃષ્ણે ચરણોદક શીશ લીધું. ચાલિયો૦ ૬
પુનીત પીતાંબર પહેરવા આપીયુ, કનકને થાળે પકવાન દીધાં;
ભાવતાં ભોજન કૃષ્ણ સાથે કર્યાં, લીધું આચમન ને કારજ સિધ્યાં. ચાલિયો૦ ૭
કૃષ્ણ પલંગપર પોતે પધરાવિયા, દધિસુત વીંઝણે વાયુ ભરતા;
સત્યભામાદિક નારી જોઈ રહિ, નરસૈનો નાથ પદસેવ કરતા. ચાલિયો૦ ૮

પદ ૧૭ મું.

ભાગ્ય જો જો બાઇ કૃપણ ભિક્ષુક તણું, રૂકમણી આદિ સો નારી બોલે;
હળધર જોગ્ય તે ભોગ પહોચાડિયા, આજ અમરીષથી અધિક તોલે. ભાગ્ય૦ ૧
આ કૃપણ રૂપ તે પ્રગટીયું કયં થકી, વસ્ત્ર મેલાં દીસે કર્મ ફુટયો;
ત્રિગુણને દુર્લભ સેજ રામાતણી, વશ કરા નાથને પાપ છુટયો. ભાગ્ય૦ ૨
અંગ ઘણું કમકમે ધમણ મ્હોડે ધમે, ઉધરસે ને વળી નાક ચુતો;
જો જો કઉતક હરી દેહ દશા ફરી, કૃષ્ણ તે કૃષ્ણને સંગ સુતો. ભાગ્ય૦ ૩
પ્રહોઢીને ઉઠીયા સ્નાને બેસારીયા, વદન પખાળવા નીર દીધું;

કનક ઝારી ભરી શીતળ જળ આપીયું, કનક કટોરે તે પાણી પીધું. ભાગ્ય૦ ૪
શ્રીમુખે બોલીયા કહોને બાંધવ તમો, બ્રહ્મચારી કે બહુ ધર્મ કીધો;
કુશળ છે બાળ ગોપાળ બહુ તમ તણાં, ભાગ્ય મોટું મને ચીત્ત લીધો. ભાગ્ય૦ ૫
ગ્રહસ્થના ધર્મમાં હુંય વળગી રહયો, હુંને મારી વળિ ગત્ય ભુલ્યો;
મીત્ર સુદામાની શુદ્ધ લીધી નહીં, કામની કેફમાં હુંજ ડુલ્યો. ભાગ્ય૦ ૬
સાંદીપ ગોરને ઘેર આપણ ભણ્યા, ધન્ય ધન્ય દીવસ તે સફળ કહાવ્યો;
એક રેણી રહ્યા વન વીપે આપણે, સરપણ ભાગતાં મેઘ આવ્યો. ભાગ્ય૦ ૭
અન્ન લીધા વીના ભુખ્યા બેશી રહ્યા, ગોરાણીએ આપણી પીડ જાણી;
વીસરી ગયું છે કે વીર તને સાંભરે, સાંદીપ ગોરની અચળ વાણી. ભાગ્ય૦ ૮
ભાભીએ ભેટ જે મોકલી મુજ ભણી, ભાવશું ભાઈ તે લાગે મીઠી;
સંકોચતો ગાંઠડી વિપ્ર આધી ધરે, નરસઇના સ્વામીએ નજરે દીઠી. ભાગ્ય૦ ૯

પદ ૧૮ મું.

છપ્પન ભોગ જ્યાં કવણ તાંદુલ ત્યાં, આપનાં ઉર સંકોચ આવે;
જેરે જોઇએ તે આવી મળે કૃષ્ણને, તાંદુલ ભેટ તે તુચ્છ કહાવે. છપ્પન૦ ૧
ધાઇ લીધા હરી મુઠ તાંદુલ ભરી, પ્રેમે આરોગીયા સંપતિ પામી;
ઇંદ્ર કુબેરથી અધિક વઇભવ કર્યો, રૂકમણી કર ગ્રહ્યો શીશ નામી. છપ્પન૦ ૨
એક રહ્યાં અમો એક બીજા તમો, ભક્તને અઢળક દાન કરતા;
પ્રેમદાયે પ્રેમનાં વચન એવાં કહયાં, હાથ સાહયો ત્રીજી મુઠી ભરતાં. છપ્પન૦ ૩
વીનતા વચન તે વીપ્ર સમજ્યો નહીં, ચાલવા ઘર ભણી શીખ માગી;
નરસઇને નાથે દુરબળપણું ટાળીયું, ભક્તના દુ:ખની ભીડ ભાગી. છપ્પન૦ ૪

પદ ૧૯ મું.

વીપ્ર ચાલ્યો વળી કૃષ્ણ સાથે મળી, ચીતમાં શોચી વિચાર કરતો:
આપ્યું તો કાંઇ નહીં પીડ જારી નહીં, તે તણો સોચ ર્‌દાયેજ ધરતો. વીપ્ર૦ ૫
અષ્ટ મહાસિદ્ધિ તણી રીદ્ધિ નવનીધી તણી, સંપતીમાં રહયો ભોગ માણી;
કામની કથને હું દ્વારકાં આવીયો, અમતણી પીડ તો નવ જાણી. વીપ્ર૦ ૬
બાળ ગોપાળ જે વાટ જોતાં હશે, તેહને જોઈ અંતા શું કહેશું;
મીત્ર મોહનતણું હેત જયારે પુછશે, કામનીને ઉત્તર કેમ દેશું. વીપ્ર૦ ૩
એમ ચિંતા કરે નેત્રથી નીર ઝરે, કર્મની વાત મનમાંહી ધારી;
નરસઇનો નાથ તો અતી ઘણો લોભીયો, પીતાંબરી પણ લીધી ઉતારી. વીપ્ર૦ ૪

પદ ૨૦ મું.

ધન્ય તું ધન્ય તું રાય રણછોડજી, દીન જાણી મને માન દીધું;
નહી મુજ જોગ તે ભોગ પહોંચાડીયા, આજ અમરીષથી અધીક કીધું. ધન્ય૦ ૧
કનકને આસને મુજને બેસારીયો, રૂકમણી કૃષ્ણનો હાથ સહાતાં;
હેત કરિ કરી ચરણ તળાંશિયા, ખટરસ ભોજન ખાંતે ખાતાં. ધન્ય૦ ૨
બાળપણા તણો સ્નેહ નવ વીસર્યો, મીત્ર મોહનતણી પ્રીત સાચી;
હેતથી હળી મળી માન દીધું મને, રંક બેસાર્યો કનક માંચી. ધન્ય૦ ૩
ધન્ય ધન્ય કૃષ્ણજી સંત સેવા કરી, ધ્યાન ધરતો હું નીજ દ્વાર આવ્યો;
રત્ન જડીત મણી ભુવન શોભા ઘણી, દેવ શું દ્વારકાં આંહી લાવ્યો. ધન્ય૦ ૪

કનકની ભુમીને રત્નના થાંભલા, અર્કની જોત ઉદ્યોત દીસે;
ખાનને પાન વિહાર સ્થાનક ઘણા, કામની નિરખતાં કામ હીસે. ધન્ય૦ ૫
સમે નવ વરસની દીઠી ત્યાં સુંદરી, નારી નવ જોબનના બહુ રૂપાળી;
સોળ શણગાર તે અંગ સુંદર ધર્યા, દેવ વિમાનથી રહ્યા નિહાળી. ધન્ય૦ ૬
સહસ્ત્ર દાસી મળી પાસે વીંટી વળી, કામની કંથની પાસ આવી;
સ્વામીરે સ્વામી હું દાસી છું તમતણી, ચાલો મંદિરવીષે પ્રેમ લાવી. ધન્ય૦ ૭
ગોમતી સ્નાન કરી કૃષ્ણજી નિરખીયા, પુણ્ય પ્રગટ થયું પાપ નાઠું;
તેથકી સમૃદ્ધિ આ સકળ તે સાંપડી, મટી ગયું આપણું ભાગ્ય માઠું. ધન્ય૦ ૮
કૃષ્ણ કહેતાં તે નીજ ધામ પધારીયા, નવલ જોબન થયાં નરને નારી;
વીનતી ઉચરતાં રજની વીતી ગઈ, નરસઈના સ્વામીની પ્રીત ભારી. ધન્ય૦ ૯

ઇતિ સુદામાનાં પ્રભાતીયાં સંપુર્ણ.

ગોપિયોના જન્મની તારીફ વીશે.

પદ ૨૧ મું.

સારમાં સાર અવતાર અબળા તણો, જે બળે બ્રહ્માનંદ વીર રીઝે;
પુરૂષ સનાતન શું કરૂં હે સખી, જેથી નહી માહરૂં કાજ સીજે. સારમાં૦ ૧
મુક્તિ પર્યંત તો પ્રાપ્તી છે પુરૂષને, સત્ય જો સેવક ભાવ રાખે;
રસ ભર્યું રૂપણું નાથ નોહોરા કરે, તે નહી નાર અવતાર પાખે. સારમાં૦ ૨
ઇંદ્રિ આદીક અજ ઇશને મહા મુની, ગોપીકા ચરણજ તેહ વંદે;
ગોપીથી આપનું અધમપણું લેખવે, નરપણું નવ રૂચે આપ નંદે. સારમાં૦ ૩
વદ વેદાંત ઉપનિષદ ખટ મળી, જે મથીને રસ પ્રગટ કીધો;
તે રસ ભાગ્યનીધી ભામની ભોગવે, અહોનીશ અનુભવ સંગ લીધો. સારમાં૦ ૪
સ્વપ્ન સાચુ કરે ગિરધર શામળો, પ્રણમું હું પ્રાણપતી પાણ જોડી;
પંથનું જેમ પશુ પુંઠળ વળગ્યું ફરે, નરસઈના નાથની નાથ તોડી. સારમાં૦ ૫

પરોઢીયે વેહેલા ઉઠવા વિશે.

પદ ૨૨ મું.

રાત રહે જાહરે પાછલી ખટ ઘડી, સાધુ પુરૂષને સુઈ ન રહેવું;
નીંદ્રાને પરહરી સમરવા શ્રીહરી, એક તું એક તું એમ કહેવું. રાત રહે૦ ૧
જોગીયા હોય તેને જોગ સંભાળવા, ભોગીયા હોય તેને ભોગ તજવા;
વેદીયા હોય તેને વેદ વીચારવા, વૈષ્ણવ હોય તેને કૃષ્ન ભજવા. રાત રહે૦ ૨
સુકવી હોય તેને સદગ્રંથ બાંધવા, દાતાર હોય તેને દાન કરવું;
પતિવૃતા નારીએ કંથને પુછવું, કંથ કહે તેતો ચીત્ત ધરવું. રાત રહે૦ ૩
આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મના મર્મ તે જો વીચારી;
નરસૈના સ્વામીને સ્નેહથી સમરતાં, ફેર નવ અવતરે નરને નારી. રાત રહે૦ ૪

અભક્ત વિષે.

પદ ૨૩ મું.

નંદના નંદશું નેહ જેને નહી, તેરે માનવ ખર સ્વાન તોલે;
ભુતળ ભાર કરવાને એ અવતર્યા, પ્રેતની પેરે સંસાર ડોલે. નંદના૦ ૧

દુખી થકી રહ્યો ભોગ તેના બળો, શેલ પડો તેના મુખ આથે;
જીવતા જન તેતો જમ જેવા જાણવા, પ્રીત નહી જેહને કૃષ્ણ સાથે. નંદના૦ ૨
કીરતી શ્રી કૃષ્ણની જીભથી નવ ભજે, તેરે મુખે દેવરાશ તાણું;
ભણે નરસઈયો જેણે હરીને જાણ્યા નહી, તેહનું કુટુંબ સદાય કાણું. નંદના૦ ૩

ઇશ્વરનો પ્રેમ માગવા વિષે.

પદ ૨૪ મું.

પ્રેમરસ પાયે તું મોરના પીંછધર, તત્વનું ટુંપણું તુચ્છ લાગે;
દુબળા ઢોરનું કુશકે મન ચળે, ચતુરધા મુક્તિ તારી ન માગે. પ્રેમ૦ ૧
પ્રેમની વાત પરીક્ષાત પ્રીછયો નહીં, શુકજીએ સમજીને રસ સંતાડયો;
જ્ઞાન વૈરાગ્ય કરી ગ્રંથ પુરો કર્યો, મુક્તિનો મારગ સીધો દેખાડયો. પ્રેમ૦ ૨
મારીને મુક્તિ આવી ઘણા દૈતને, જ્ઞાની વિજ્ઞાની બહુ મુનીરે જાગી,
પ્રેમને જોગ હતી વૃજતણી ગોપીકા, અવલ વીરલા કોઈ ભક્ત ભોગી. પ્રેમ૦ ૩
પ્રેમને મુક્તિતો પરમ વહાલભ સદા, હેતુના જીવનો હેતુ તુટે;
જન્મો જનમ લીલા રસ ગાવતાં, લહાણના વહાણ જેમ દ્વાર છુટે. પ્રેમ૦ ૪
મેં ગ્રહયો હાથ ગોપીનાથ ગરવા તણો, અવર બીજું કોઈએ ન ભાવે;
નરસઇયો મહામતી ગાયછે ગુણકથા, જતી સતીનેતો સ્વપ્ને ન આવે. પ્રેમ૦ ૫

વામનજીના જન્મ વિષે.

પદ ૨૫ મું.

બળી તણે દ્વાર હરી વિપ્ર વામન હુવા, વેદની ધુન ગઈ ગગન ગાજી;
ઇંદ્રપ્રસ્થથી બળી આવ્યો ઉતાવળો, જેરે જોઇએ તે દીજ દયોને માગી. બળી૦ ૧
એક પર્ણકુટી તણો ઠામ ભણવા કરૂં, બોલવું તે મારે મુળ સાચું;
વિપ્ર ફરે ઘણા લોભના વહેલા, ઠામ માટે ઘણો હું ન જાચું. બળી૦ ૨
દયોને દ્વિજજી તમે નવનવા મંદીરો, ભુમીશું માગીરે ત્રણ કરમાં;
દયોજી ભંડાર બહુ કુંચીયો સાટીતવળી, માગો હસ્તી મારાં રાખો ઘરમાં. બળી૦ ૩
હસ્તી ભંડારને હું લઈ શું કરૂં, લોભીયાની નથી જાત માહરી;
આગે વિધાતાયે વામન નીરમ્યો, વ્રત રહેવું મારે બ્રહ્મચારી. બળી૦ ૪
ચેતજે તું બળી શુક્ર કહે છળ પડયો, વિષ્ણુએ વામન વેશધારી;
અર્થ જગન સમે દાન અવની તણું, પાત્ર એવું કયાં મળે મુને મુરારી. બળી૦ ૫
હરી તણા ચરણ ઉપર નીર નામતાં, નાળમાં ભ્રગુસુત પેઠા ચાલી;
રીસ રૂદયે ધરી ઘણું ઘણું રાયજી, નેત્રમાં દર્ભની સેર ઘાલી. બળી૦ ૬
બાપડો બળીરાય પગતળે ચાંપીયો, પ્રભુ પાતાળનો કરી થાપ્યો;
ભણે નરસઇયો હરીભક્ત આધીન છે, ઇંદ્ર અવીચળ અધીકાર આપ્યો. બળી૦ ૭

બ્રહ્મજ્ઞાન વીષે.

પદ ૨૬ મું.

જાગીને જોઉં તો જગત દાસે નહીં, ઉંઘમાં અટાપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય વીલાસ તદરૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે. જાગીને૦ ૧
પંચ મહાભુત પરીબ્રહ્મ વીશે ઉપન્યા, અણુ અણુ માંહી રહ્યારે વળગી;

ફુલ ને ફળ તેતો વૃક્ષના જાણવા, થડથકી ડાળ તે નહીરે અળગી. જાગી૦ ૨
વેદ તો એમ વદે સ્રુતિ સ્મૃતિ સાખ દે, કનક કુંડળ વીષે ભેદ નોયે;
ઘાટ ઘડ્યા પછી નામ રૂપ જુજવાં, અંતે તો હેમનું હેમ હોયે. જાગી૦ ૩
જીવ છે શીવતો આપ ઈછાયે થયા, રચી પરપંચ ચૌદ લોક કીધા;
ભણે નરસઇયો એ તેજ તું તેજનું, એને સમર્યાથી કંઈ સંત સીધ્યા. જાગી૦ ૪

પદ ૨૭ મું.

શરીર શોધ્યા વીના સાર નહી સાંપડે, પંડીતા પાર નહી પામે પોથે;
તાંદુલ મેલીને તુસને વળગી રહ્યા, ભુખ નહી ભાગે એમ ઠાલે થોથે. શરીર૦ ૧
રસના સ્વાદમાં સર્વે રૂંધાઈ રહ્યા, વગતી ગુરૂ જ્ઞાન વીનારે ગુંથે;
વાણી વીલાસમાં વીવીધ વાણી વદે, પરહરી પ્રેમને વળગે ચુંથે. શરીર૦ ૨
શબ્દ શીખે શરે! સકળ વિદ્યા ભણે, અધ્યાત્મા ઉચરે આવી ઓઠે;
પ્રપંચ પીંડમાં રહ્યો અહંકાર નવ ગયો, આથડયો એમ અનંત કોઠે. શરીર૦ ૩
શાસ્ત્ર કથા કહે રજનીમાં આથડે, એમ અજ્ઞાનમાં શીશ ગોઠે;
ભણે નરસઇયો જે ભેદ જાણી જુઓ, મેં તો રચી કહ્યું પદ ચોથે. શરીર૦ ૪

ઈશ્વરનું ધ્યાન ધરવા વિષે.

પદ ૨૮ મું.

ધ્યાન ધર ધ્યાન ધર નંદના કુંવરનું, જે થકી અખીલ આનંદ પામે;
અષ્ટ મહા સિદ્ધિ તે દ્વાર ઉભી રહે, દેહનાં દુકૃત તે દુર વામે. ધ્યાન ધર૦ ૧
મોરના પીંછનો મુગટ મસ્તક ધરે, કુંડળ મકરાકૃત શ્રવણ ઝળકે;
નિલવટ તીલક તે સુભંગ કેસર તણું, કંઠ મુક્તાફળ હાર લળકે. ધ્યાન ધર૦ ૨
પીતાંબર પલવટ કટીતટ ચીર છે, લલીત ત્રિભંગીવાળો વેણુ વાયે;
કદમના વૃક્ષ તળે રસિકા રસ ભરી, હરજીને સંગ આલાપિ ગાયે. ધ્યાન ધર૦ ૩
મોરલીનો ધ્વની સુણી વનીતા વ્યાકુળ થઇ, ગોપિકા કેરાં વૃંદ આવે;
નરસઇયાને મન આનંદ અતિ ઘણો, પુષ્પ મુક્તાફળ લેઈ ધરાવે. ધ્યાન ધર૦ ૪

પદ ૨૯ મું.

શા સુખે સુતો સંભાળ શ્રી નાથને, હાથ તે હરિવિના કોણ સહાયે;
માતને તાત સુત ભ્રાત ટોળે મળ્યાં, દોહલી વેળા સૌ દુર જાયે. શા સુખે૦ ૧
ઉંધે મસ્તક હતો ઉગ્ર તપ આચરી, બાંહ્ય કીધી ભગવાન કેરી;
અવતરી પાસ બંધાયો માયા તણે, લંપટી લાલચે લીધો ઘેરી. શા સુખે૦ ૨
દિવસે ચોદશ ભમ્યો ને નીંદ્રા નિશે, સ્વપ્નમાં સાંભરે ખોટી માયા;
પલક પલવાર નહિ હરિને ભજવા તણો, જયાંલગી જીવ સંજોગ કાયા. શા સુખે૦ ૩
ધન ધામે કરી ભાળી રહયો લોભિયા, નેહના વિસરી ગરભ કેરી;
નાથ ત્રિલોકના હરિને સંભારીઆ, જયારે રાખ્યો તો જઠરમાં ઘેરી. શા સુખે૦ ૪
જાગરે જીવડા વાજ આવ્યો ઘણું, કેટલાએક પ્રતિબોધ કીજે;
નરસઇના સ્વામીને નીત્ય સંભારતાં, દેહનાં દુષ્કૃત દૂર કીજે. શા સુખે૦ ૫

ઉપદેશ વિષે.

પદ ૩૦ મું.

સાધુ સાધુ સાચે ભજો ચરણ ગોવીંદના, માનવે દેહ તત્વ કહિયે;

કૃષ્ણ કહો વળી વળી કૃષ્ણ કહો, કૃષ્ણ કહેતાં સહુ સુખ લહિયે. સાધુ૦ ૧
કૃષ્ણ સેવાતણિ, અમર ઇચ્છા કરે, મુઢ મતી માનવી કાંઈ ન જાણે;
કૃષ્ણનું નામ રખે હૃદયથી વીસરે, ધન્યમાં ધન્ન કૃષ્ણજ પરમાણે. સાધુ૦ ૨
જેને જોવા મહા મુનીજન ભમે, વીઠલો વનમાં ગાયો ચારે;
ભણે નરસઇયો જે ચતુર નર તે ખરો, અહરનીશ કૃષ્ણ ધ્યાન ધારે. સાધુ૦ ૩

પદ ૩૧ મું.

પારકી હુંશે મહત્તા કરે પ્રાણીયા, પુણ્ય પાખી સર્વ વાત ખોટી,
કહે તેતો કરશણ કોદરા વાવાયા, કયાંથી જમે તુંતો દાળ રોટી. પારકી૦ ૧
કહે તેતો દાન આપ્યું અજાતણું, કયાંથી દૂહે તુંતો ઘેર ઝોટી;
કહે તે કથીર સોનારને આપીયું, કયાંથી પેહેરે તું કનક ટોટા. પારકી૦ ૨
પુણ્યથી રિદ્ધિ છે પુણ્યથી સિદ્ધિ છે, પુણ્યમાં પહેરશો ડગલા ડોટી;
ભણે નરસઇયો તું પુણ્યકર પ્રાણીયા, પુણ્યથી પામશે પદવી મોટી. પારકી૦ ૩

જશોદાના પુણ્ય વીશે.

પદ ૩૨ મું

ધન્યરે ધન્ય મહા પુન્ય જશોદાતણું, પુત્રભાવે પરીબ્રહ્મ રાજે;
નંદના નંદ આનંદ થઇ અવતર્યા, શેષ બળીભદ્ર સંગ ગાજે. ધન્યરે૦ ૧
અમર આહીર અરધાંગ ગોપાંગના, વૃક્ષવેલી સર્વ રૂષી રાણી;
ભક્તિ તે રાધિકા મુક્તિ જશોમતી, વ્રજ વૈકુંઠ તે વેદ વાણી. ધન્યરે૦ ૨
નીગમ વસુદેવજી ગાય ગોપી રૂચાં, દેવકી બ્રહ્મ વિવાદ કહાવે;
બ્રહ્મા કર લાકડી વેણુ મહાદેવજી, પંચ વદન કરી ગાન ગાવે. ધન્યરે૦ ૩
ઇંદ્ર અરજુન અહંકાર દુર્યોધન, દેવતા સર્વે અવતાર લીધો;
ધર્મ તે રાય યુધીષ્ટિર જાણજો, દાસનો દાસ નરસૈને કીધો. ધન્યરે૦ ૪

જસોદા શ્રીકૃષ્ણને જગાડે છે તે વિશે.

પદ ૩૩ મું.

ઉઠ ઉતાવળો ચાહયને વીઠલા, ગોવિંદ ગાયને વચ્છ ધાવે;
જાગ્યને જાદવા જનનિ જશોદા વદે, કહાન કાં ઘણી તને નિંદ્રા આવે. ઉઠ૦ ૧
દંતધાવન કરો આળસ પરહરો, રજનિ તિમિર ગયું પહો ફાટયુ;
કુરને કરમળો સે ન શીરાવતો, દહિરે દામોદરા થાય ખાટું. ઉઠ૦ ૨
બારણે બહાર બળીભદ્ર ઉભા રહ્યા, જોરે લહાલા તારી વાટ જુવે;
નરસઇના સ્વામીનું મુખડું દિઠડે, માતનું મનડું અતિરે મોહે. ઉઠ૦ ૩

ઇશ્વરની ભક્તિ માગવા વીષે.

પદ ૩૪ મું.

મારા નાથજી મુને ભક્તિ દેજો સદા, દિન જાણીને સંભાળ લેજો;
ભક્તિ આપિ ભલા ભાવથી ભુદરા, અંતે આરિ અહોનિશ રહેજો. મારા૦ ૧
ભક્તિકારણ મારો દેહ દુરબળ હજો, દેહ કારણ રખે સ્નેહ જાયે;
આજ મનસા જદુનાથ વિસરે, વળતિ વલે મારિ કોણ થાયે. મારા૦ ૨
કર્મ કુહા કરિ ખાણ ચારે ભરિ, નાસવા નિસર્યો નામ બારી;
કૃષ્ણ કિરતન વિના જામ જાએ મજાના, જેમ રહે જુગટે રિદ્ધિ હારિ. મારા૦ ૩

હું ગર્ભ નાના ફરયો નીત્ય ઉજાગરો, નવ ઠરયો નાથજી શરણ પાખે;
ભવવિશે બુડતાં વારને બુમ નહીં, બાંહ્ય ગ્રહી મુજને કોણ રાખે. મારા૦ ૪
અલ્પ આયુષ્યમાં કલ્પના મનુષ્યને, આજ કીધુ વળી કાલ કરવું;
શ્વાસનો શો વિશ્વાસ નહીં નીમીષનો, આશ અધુરીને એમ ગરવું. મારા૦ ૫
ઉત્તમ મધ્યમ વરણ તું વિઠલા, પ્રગટ થઇને દરશન પમાડો,
નરશઈયા રકને ટક કરૂણા કરો, દીનબધુ વળ્યો આંક આડો. મારા૦ ૬

ઇશ્વર ઇચ્છાથી જે બને તેનો અફસોસ ન કરવા વિષે.

પદ ૩૪ મું.

જે ગમે જગ્ત ગુરૂદેવ જગદીશને, તે તણો ખરચરો ફોક કરવો;
આપણો ચીંતવ્યો અર્થ કાંઈ નવ સરે, ઉગરે એક ઉદવેગ ધરવો. જેવ૦ ૧
હું કરૂ હું કરૂં એજ અજ્ઞાનતા, સકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટી મડાણ છે સર્વ એણીપરે, જોગી જોગેશ્વર કોઇ જાણે. જે૦ ૨
નીપજે નરથી તો કોઇ ન રહે દુખી, શતરૂ મારીને સૌ મીત્ર રાખે;
રાયને રંક કોઇ દૃષ્ટે આવે નહી, ભવનપ ભવનપર છત્ર રાખે. જે૦ ૩
સ્ફુરતા પત્ર ફળ ફુલ આપે થયા, માનવી મુર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં જેહને જે લખ્યું, તેહને તે સમે તેજ પોહોચે. જે૦ ૪
વ્યથ ગરબડ કરી વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પુજે;
મન કર્મે વચનની આપ માની હે, સત્ય છે એજ મન એમ સુજે. જે૦ ૫
સુખ સંસારી મિથ્યા કરી માનજે, કૃષ્ણ વિના બીજું સર્વ કાચુ;
જુગલ કરજોડી કરી નરસઇયો એમ કહ, જન્મ પ્રતિ જન્મ હરિનેજ જાચું. જેવ ૬

ઇશ્વરના સ્વરૂપ વિષે.

પદ ૩૫ મુ.

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરી, જુજવે રૂપે અંતર ભાસે;
દેહમાં દેવ તું તેજમાં તત્વ તું, શુન્યમાં શબ્દ થઇ વેદ ભાશે. અખિલ૦ ૧
પવન તું પાણિ તુ ભુમિ તું ભુધરા, વૃક્ષ થઇ ફુલી રહયો આકાસે;
વિવીધ રચના કરી અનેક રસ લેવાને, શિવથકી જીવ થયો એજ આસે. અ૦ ૨
વેદ તો એમ વદે સ્મૃતિ સાખ દે, કનક કુડલ વિશે ભેદ ન્હોયે;
ઘાટ ઘડયા પછી નામ રૂપ જુજવાં, અંત્યે તો હેમનું હેમ હોયે; અખિલ૦ ૩
વૃક્ષમાં બીજ તું બીજમાં વૃક્ષ તું, જોઉ પટંતરો એજ પાસે;
ભણે નરસૈયો એ મનતણી શોધના, પ્રીત કરૂ પ્રેમથી પ્રગટ થાશે. અખિલ૦ ૪

આત્મજ્ઞાન વિષે.

પદ ૩૬ મું

જ્યાં લગી આતમા તત્વ ચીન્યો નહી, ત્યાં લગી સાધના સર્વ જુઠી;
મનુષ દેહ તાહરો એમ એળે ગયો, માવઠાની જેમ વૃષ્ટી વુઠી. જ્યાં૦ ૧
શું થયું સ્નાન સેવાને પુજા થકી, શું થયું ઘેર રહી દાન દીધે;
શું થયું ધરી જટા ભસ્મ લેપન કરે, શું થયું લાલ લોચન કીધે. જ્યાં૦ ૨
શું થયું તપને તીરથ કીધા થકી, શું થયું માળ ગ્રહી નામ લીધે;
શુ થયું તીલકને તુળસી ધરયા થકી; શું થયુ ગંગાજળ પાન કીધે. જ્યાં૦ ૩

શું થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયું રાગને રંગ જાણ્યે;
શું થયું ખટદરશન સેવા થકી, શું થયું વરણના ભેદ આણ્યે. જ્યાં૦ ૪
એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, આતમારામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસૈયો કે તત્વ દરશન વિના, રત્ન ચિંતામણી જન્મ ખોયો. જ્યાં૦ ૫

પદ ૩૭ મું.

અલ્યા નામ પામ્યો પણ રામને નવ લહ્યો, વૈષ્ણવ પદ કેરાં બિરદ લાગે;
ઘર વચ્ચે પુત્ર વિના જેવું પારણું, વર વિના જેમ જાન વળે. અલ્યા૦ ૧
વ્યાધીની વેદના વિશ્વની નવ ટળે, ઠાલો ગગનમાં ઘેર ગાજે;
હરિને જાણ્યા વિના હરિકિંગ જન થયો, તત પાણી નથી ભુખ ન ભાજે. અ૦ ૨
તું એમ જાણજે હરિજન હું થયો, નિગુણ ગાઈ ગયો ભક્ત ભવમાં;
કરણી તો કાગની હોડ કરે હંસની, હંસ કેમ હશે હાર ભવમાં. અલ્યા૦ ૩
પંડમાં પ્રભુ પણ પ્રગટ પેખ નહિ, કેમ પરબ્રહ્મ દૂર ન ળે;
અગણિત બ્રહ્મનું ગણિત લેખું કરે, દૃષ્ટ ભાવે કરી મળ ઝાલે. અલ્યા૦ ૪
જો નિરાકારમાં જેહનું મન ગળે, ભિન્ન સંસારની ભ્રાંતિ ભાગે;
દાસ નરસઇયો તેને ચરણે નમે, જ્ઞાન વિજ્ઞાનની જોત જાગે. અલ્યા૦ ૫

હરમાળાનાં પ્રભાતિયાં.

પદ ૩૮ મું.

તું શાનો ઠાકોર હું શાનો સેવક, મારા કરમના લેખ ભુંશ્યા ન જાય્યે;
મંડળિક હારને પેરેપેરે પરભવે, લક્ષ્મીનાથ હવે કેમ થાશે. તું૦ ૧
મુને કો કહે લંપટી કો કહે લોભીયા, કો કહે તારો ત્રુટીયા રે ખોટા;
સાચ કર શ્રી હરી દીન જાણી કરી, હાર આપે તો કહું નાથ મોટો. તું૦ ૨
વેવાઇએ મુજને અતિશે વગોવીયો, ઉન્હુ ઉદક મુકી ઉપહાસ્ય કીધું;
દ્વાદશ મેઘ ત્યાં મોકલ્યા શ્રી હરી, આપના દાસને માન દીધું. તું૦ ૩
જાહરે મુજને મહાદેવે કીરપા કરી, ત્યારે મેં લક્ષ્મીનાથ ગાયો;
મામેરા વેળા તો લાજ જાતી હતી, ગરૂડ મુકીને તું ચરણુ ધાયો. તું૦ ૪
મારે બેઉ પાસે સુંદરી બાંહ્ય કંઠે ધરી, કેશવ કીરતન એમ થાવે;
અબુદ્ધ લોક તે અસત્ય વાણી વદે, પુણ્યવંત લોક તે પ્રેમે ગાવે. તું૦ ૫
હીરના દોરીયે હાર ગુંથાય છે, ધાણું વાશે તો નીજ દાસ મરશે;
દયા કરીને હરી હાર આલો મને, સામળા સહાય તે કુણ કરશે. તું૦ ૬
સોરઠમાં મુને સર્વ સાચો કહે, પુત્રીનું મેં સાજું સારૂં કીધું;
નાગરી નાતમાં નામ વધારીયું, નરસૈયાને અભેદાન દીધું. તું૦ ૭

પદ ૩૯ મું.

સોગળ ભાગીયે રાય દામોદરા, ઉઠ જદુનાથ દવધિ દેવા;
રાય મંડળિક મદ ભર્યો એમ ઓચરે, નરસૈયા નાગરની જુઠી સેવા. સો૦ ૧
ભક્ત પાળક દયાળ દામોદરા, દાસ નરસૈન શરણે રાખો;
પતિજ છે મુજને પુરણ તાહરી નાગર સાથે હરિ નેહ દાખો. સો૦ ૨
નિશદિન નરહરિ નામ રટણે વરો, પતિત પાવન તારું બરદ કહાવો;
ગ્રાહ થકી તમે ગજ મુકાવિયો, તેમ નરસૈયા નાગરને મુકાવો. સોગળ૦ ૩

પદ ૪૧ મું.

શ્રીકૃષ્ણ કૃપાનિધી કેસવા શ્રીહરી, હું અનાથ તું નાથ કહિયે;
મંડળિક હારને પેરેપેરે પરભવે, છબિલા વીના શર્ણ કાને જઇએ. શ્રીકૃષ્ણ૦ ૧
સંસાર પરહરી નામ તારૂં જપુ, તો પ્રભુ કાં પેરે પેરે પીડ;
અંતરગત અવીલોકીને શામળા, તુજ વિના દુઃખિયાસુ કોણ ભીડ. શ્રીકૃષ્ણ૦ ૨
મારા મનમાં દુઃખ પુરણ છે, તો મહારૂ દુઃખ પ્રભુ શે ન જાણે;
ભણે નરસઇયો પુરણ પતિજ માહરે, મંડળીક મુજને માર વાણે. શ્રીકૃષ્ણ૦ ૩

પદ ૪૨ મુ

સાહ્ય કરી શ્રીહરિ દિન જાણી કરી, સન્મુખ થઇને તુ જોને આજ;
અંતા નાગર જ્યારે હઠ કરી બોલશું, નહીં રાખું ત્રીકમા તોરી લાજ. સાર૦ ૧
ગોકુળ માંહિ તું ગાળો ખાતો ફરે, નવનીત આહિરના લેતો ચોરી;
મદન ચોરશું મુખ નથી બાલતો, હજુ અંતા લાજ રાખુજ તોરી. સાર૦ ૨
અહયા બહુ પેરે ગોપીને લાડ લડાવીયાં, અન્ન આહિરનાં જાતો ચાખી;
નટવાપણે રંગ ભોગ લીલા કરે, તે નાગર નરસઇયો રહયો છે સાંખી. સાર૦ ૩

પદ ૧૩ મું

મોરગડે શું મોહી રહયો શામળા, હાર આપે તો તારી ખ્યાત વાધે;
નાગર તાહરૂ નામ ગાતો હતો ત્રીકમ, તુને કોઈ નહિ આરાધે. મોગરડે૦ ૧
સરવ જાતી તણા લોક ટોળે મળ્યા, જેની સહાય કરશો તેની થાશે;
મૃત્યુના ભય નરસઇયો બિહતો નથી, તાહરો જશ જગદીશ જાશે. મોગરડે૦ ૨
રજનિ સઉ વહિ ગઈ લાજ રાખી નહિ, જોત ઝાંખિ થઈ જાય દિવા;
કેશવા કંઠથી માળ અળગી કરો, પ્રેમે આરોપો નરસઇને ગ્રીવા. મોગરડે૦ ૩

પદ ૪૪ મુ.

હારને કાજે શું હઠ કરે શામળા, જાગવાને તારી પાસ આવ્યો;
રાધીકા સંગ તું વાત બેઠો કરે, શુ વઇકુંઠથી તુંરે લાવ્યો. હારને કાજે૦ ૧
તારૂં નામ વિશ્વંભર થયું તે વરાંગિયે, નંદના છોકરા તું છાશ પીતો;
ઓઢતો કામળી હાથમાં લાકડી, ગાવડી ચારતો વન રહેતો. હારને કાજે૦ ૨
મારે તો માત તું તાત તું ભુધરા, તુજવિના દુઃખ તે કોને કહીયે;
ભણે નરસઇયો તારા ગુણ ગાઈ જીવીયે, એકલા ભુતળમાં કેમ રહીયે. હારને૦ ૩

પદ ૪૫ મું

હારને કાજે શું વિલંબ કરવો ઘણો, ન હોય કૌસ્તુભ વિદ્રુમ માળા;
ઉજળાં પુષ્પ ને સુત્રનો તાંતણો, તેણે શું મોહી રહયો નંદલાલા. હારને૦ ૧
ઉંચને મુકી નીચને અનુસર્યો, જોઇ નહી જાત્યા જાત દાસી;
રાજાની દીકરી રૂકમણી પરહરી, કુબ્જાને મંદીર થયો નિવાસી. હારને૦ ૨
રજની અલપ રહી લાજ તારી ગઈ, જોત ઝાંખી થઇ જાય દીવા;
કેશવા કંઠથી માળ અળગી કરો, પ્રેમે આપો નરસઇને ગ્રીવા. હારને૦ ૩

પદ ૪૬ મું.

આલ્યને હાર સુત નંદ વસુદેવના, આપ ને અધાપી તારે લાજ થોડી;
કંસના ભયથકી નાશી ગોકુળ ગયો, રહયો આહીર શું પ્રીત જોડી. આ૦ ૧

તારી ગરજ માટે માબાપ તેં બે કર્યાં સુરને અસુર મુનિ સર્વે જોતાં;
કંસનો વધ કર્યો કારજ તારો સર્યો, માબાપ મેહેલ્યાં તેં વૃજ રોતાં. આ૦ ૨
ભક્તિ કરતાં તું આહીરનો નવ થયો, તો મુને હાર તે કેમ આપે;
ભણે નરસઇયો રજનીરે થોડી રહી, આદ્ય તરકર મુને શું સંતાપે. આ૦ ૩

પદ ૪૭ મું.

ઉઠને શામળા મુકી મનના આંમળા, બોલ્ય નહિશુંજ અભિમાન માટે;
આદ્યને હાર કાં પ્રગટ હવડાં કરૂં, તે કામ કીધું બંશીવટ ઘાટે. ઉઠને૦ ૧
અણવરી નાર તેં ભોગવી ભુધરા, પરણતાં અથ શું બેસે તારે;
હારને વાર થઇ ભાર ભાગી ગયો, શું કહું નાથજી વારે વારે. ઉઠને૦ ૨
કળીજુગ માંહી પ્રતિત ગઇ લાખેણી, વૈષ્ણવની વારે કોણ થાસે;
ભણે નરસઇયો હું આજ હળવો પડયો, તાદૃશ ગુણ હવે કોણ ગાશે. ઉઠને૦ ૩

પદ ૪૮ મું.

તને રોકી રહી રાત્રિકા રંગ જામ્યો ઘણું, રશીયા રજની રહી થોડી;
નંદના નંદ તું શાને આળસ કરે, નાગના સાથે તેં પ્રીત તોડી. તને રોકી૦ ૧
દેવને પાળીને કામ પરજાળીને, ઈશપદ પામ્યો ઉસીયા સ્વામી;
શામળા તુજને લોક લંપટ કહે, થયો વ્યભિચારિ કાનુડો કામી. તને રોકી૦ ૨
હઠ કરે તમ શું હઠ કરે, શામળા, તુટસે સ્નેહ ત્રિકમ તાણે;
ભણે નરસૈયો જો જામની વહી ગઇ, મંડળિક મારશે મુજને વાણે. તને રોકી૦ ૩

પદ ૪૯ મું.

ઉઠરે અટપટા નથી બોલતો ચટપટા, લંપટા લાજ તારી જાશે;
વ્રજપતી રંગમાં કેલ ઘટા કર, તુજ વિના વારે તે કોણ ધાશે. ઉઠરે૦ ૧
ભક્ત વત્સલ કહાવે તે રોગટ ગયું, લાજ શેવકની તુજ હાથે;
ઉઠ તું ચરવતી શું બેઠો હરબડો, વાત ઘાડી પડી તુજ સાથે. ઉઠરે૦ ૨
જીવ મારો જગમગે અંગ મારૂં ડગમગે, ડગમગે નેત્ર જોવાને રૂપ;
નરસૈયો મગમગે લોક સઉ જગમગે, કોપીયો મંડળીક દુષ્ટ ભુપ. ઉઠરે૦ ૩

પદ ૫૦ મું.

નવ મેલે શામળા આવડા શા આંમળા, મામલા ઘણા મનમાં કેમ રાખે;
કોટી બ્રહ્માંડપતિ ઝાઝું શુ કહું કથી, વાલા વિસારી મને કેમ નાંખે. નવ૦ ૧
ગજને ઉગારીયો આહને મારીયો, મારિયા રાવણ લંકા ભુપ;
રંક તું હારિયો કોણે તું તારિયો, તારિયા ગ્રાહિ રહ્યું નિજ રૂપ. નવ૦ ૨
મુકરે મરકડા જોઇ તારી છટા, અટકે અંગ મુકાશે વાલા;
નરસઇયો વિનવે પ્રીછરો શામળા, નઠોર ન થઇએ નંદલાલા. નવ૦ ૩

પદ ૫૧ મું.

ખરેખર કાનુડા તારૂં મન ચોદશ ભમે, જાણુ નાગર કંઇ દાન આપે;
અલ્યા નામ લક્ષ્મીવરા કરો, લાલચ્ય ખર, રંકને લોભીયા શું સંતાપે. ખરે૦ ૧
તાંદુલ લઇ રીધ વિપ્રને મોકલી, ભુવન કીધું વૈકુંઠ સરખું;
મ્હારે તો દાન તુ જ્ઞાન તુ ભુત્તરા, નિત્ય પ્રત્યે તારા ચરણ નિરખુ ખરે૦ ૨
મન મોકલું કરો હાર કંઠે ધરા, હરખીને વહેલા મંડપ આવો;
ભણે નરસૈયો રજનીરે થોડી રહી, દુષ્ટ બંધન થકી મુજને મૂકાવો. ખરે૦ ૩

પદ ૫૨ સુ.

સદા તુ દયાળ હું દીન દામોદરા, હે દીનાનાથ જોને વિચારી;
ચરણને શરણ આવ્યો કૃપાનાથ હું, કરો સંભાળ ગોપાળ મારી. સદા૦ ૧
દેવના દેવ સુણ દેવકી બાળકા, વિશ્વ પાલક એવું બરદ તારે;
એવું જાણી ઘટે તેમ કરો ત્રિકમા, અવર કો અધીપતી નહિ મારે. સદા૦ ૨
જો મારા કરમને ભાલવિશ શુદ્રા, તો પતીત પાવન તારૂ નામ જાશે;
છાંડતા તો નથી છુટવું શામળા, છાંડતાં તે ઉપહાસ થાશે. સદા૦ ૩
દુષ્ટ ભાવે તેં હણિ માસીપુતના, જમદૂતના પથથી તેં નિવારી;
ચમકી નાર કીરતન કરી ઉગરી, તુ વાના શરણ કુણ કરે મોરારી. સદા૦ ૪
તારા નામથી દ્રુપતીને અમર પુરીયાં, દ્રુપદ પામિયો અચળ આગે;
તેમ તારા નામનો નરસૈયો જપ કરે, રાખ્ય શરણે તુને લાજ લાગે. સદા૦ ૫

પદ ૫૩ મું.

દેવા ભક્તનો ઇશ તુ વિષ્ણુ કહાવે સદા, કાંગલાનુ દાન તુને કેમ ભાવે;
વિપ્ર સુદામાને નવનિધિ આપી તે, માહારી આગળ કેમ નાવે. દેવા૦ ૧
હવાં કૃપણ થયો જાણતો સે નથી, સદા સેવક જન પ્રતિરે પાલ;
નાશીને ખુણે જઈ પેઠો શ્રી હરી, કાલયવનનો આણ્યો કાલ. દેવા૦ ૨
શીશુપાલ જરાસંધ કંસ નરકાસુર, તેહતણા બળ માન મોડયા;
પુતના અગાસુર કેશી બકાસુર, વૈર ભાવે તેના બંધ છોડયા. દેવા૦ ૩
ભક્તિ ભાવે જેણે તુજને ઉપાશીયો, ગર્ભવાસ તે ન આવે રે વળતો;
ભણે નરસઇયો હું ભાવથી વરણવુ, રખે ત્રિકમ મુને રાખે ટળતો દેવા૦ ૪

પદ ૫૪ મું.

કેટલાએક મળિ વાત એવી કરે, દુષ્ટ બોલે મુખ વચન વાણી;
કામન મોહન કાંઈ એક એકને, મંત્ર ભણું એણુ આણ્યું પાણી. કેટલા૦ ૧
મંત્ર જંત્રની વાત જાણું નહીં, કેવળ કૃષ્ણ મે રૂદીયે ભાખ્યો;
પ્રહલાદ કારણ સ્થંભમાં પ્રગટીયા, બાળક ધ્રુવને અવિચળ રાખ્યો. કેટલા૦ ૨
ચાર પદારથ સુદામાને આપીયાં, ઢામર ફેડી ત્રીલોચન કીધો;
અમરિષ રાજા ઉગારીયો શાપથી, ચક્ર ધરીને હરિ ચરણ લીધો. કેટલા૦ ૩
વેવાઇયે મન વિચાર એવો કરી, મામેરાની ટીપ આપી માંડી;
ત્રણ સહસ્ર સાડલા ત્રણ સહસ્ર કાપડાં, ત્રણ સહસ્ર ચુંદડી ચીર સાડી. કેટલા૦ ૪
ત્રણ સહસ્ર ચોળી કસબ કિનખાબની રંગ જુદા ને શોભિત તાજા;
સારૂ આણ્યા બેઉ ખટ સહસ્ર મલી, નાદી નુદશાન કઈ સાજા. કેટલા૦ ૫
તેણે સમયે વેવાઇએ એવું કહ્યું, તમ પુત્રી સહુએ ઠઠ માંડી;
સહસ્ર બે ચાર રૂપીયા લે ઉછીના, નહિકર રાતમાં જાય છાંડી. કેટલા૦ ૬
દીકરીનુ લે તે તો કુંભિ પાકે પડે, હોંશે હળાહળ કોણ ખાયે;
લક્ષ્મીના નાથ લજ્જા મારી રાખશે, મામેરૂ કર્યા વિના નહીં રે જાયે. કેટલા૦ ૭
તે વેળા નાથજી લક્ષ્મીજી લેઇને, પ્રીતે પ્રભુજી માહારી લાજ રાખી;
નરસૈયો વીનવે હાર આપો હરી, દાસનાં દુઃખ કેમ દહો છો સાંખી. કેટલા૦ ૮

પદ ૫૫ મુ.

કોણ આગળ જઈ વીનવુ વીઠલા, શ્રીપતી લાજ રાખોને મહારી;

દ્રુપદિ લાજને કાજ આવ્યા હરી, દુઃખ પામી નહી દાસી તારી. કેણુ૦ ૧
પ્રગટ થાઓ પ્રભુ ભૂતળ ભુદરા, નરસૈના નાથ એવું બરદ કહાવો;
સેવકનું સંકટ ટાળીયે ત્રીકમા, તો તમે કાનજી ભલારે ભાવો. કેણુ૦ ૨
લોક દેખે સહુ દુઃખ દેછે બહુ, મંડળીક મદ ભરયો મુઢ પાપી;
નરસૈયાના સ્વામી જેમ ધરે તેમ કરો, લાજ રાખી નાખો બંધ કાપી. કેણુ૦ ૩

પદ ૫૬ મું.

શ્રવણે સુનો થયો સામળા શ્રી હરી, લક્ષ્મીનાથ શું નીંદ્રા આવી;
બિરદ મોહું ધરયુ પતિત પાવન તણુ, શરણ આવે તેની બાંહ્ય આવી. શ્રવણે૦ ૧
દુષ્ટના દ્રષ્ટથી રાખ્યા રમા પતિ, તમ વિના માહાર નહી અવર સ્વામી;
હરીજન લોકને આનંદ બહુ, અવર કોને કહુ શીશ નામી. શ્રવણે૦ ૨
ફુલની માળ તે અધિક તુજને વશી, વીસરયો નાથ હું મન તારે;
નરસઈયાના સ્વામી વીલંબ ન કીજીયે, હાર આરોપિયે કંઠ મહારે. શ્રવણે૦ ૩

પદ ૫૭ મું.

દયા આણયા દામોદરા દાસની, તુરે મારો ધણી વિશ્વ જાણે;
પ્રગટ થયું નામ તે તું થકી શામળા, વીઠલા વિનતી મન નાણે. દયા૦ ૧
મારે મંત્ર તું જંત્ર તું ધ્યાન ધરણીધરા, મીત્ર મોહન નહીરે બીજો;
હાર આપ્યા વિના લાજ કહો કેમ રહે, દિન દેખી પ્રભુ સેન રીઝો. દયા૦ ૨
સાર કીધા વિના નેટ નથી છુટવું, જો તારા ચરણની આશ આપી;
નરસૈયાના સ્વામી મન માગી કહું. દેહ દામોદરા તુજને સોપી. દયા૦ ૩

પદ ૫૮ મું.

પરણીને પારકે હાથ શું ભાળવ્યા, લાજ નાવેરે કંથ કેમ તુજને;
કોડી અબજ અપરાધ ક્ષમા કરી, મેહેર કરી પાસ રાખો મુજને. પરણીને૦ ૧
દાસને દાસીના દુઃખતાં કાપવા, નાથને જાઓ છો એક શ્વાસે;
આજ અલબેલડા અરજ સુણતા નથી, જુઠો નથી છપીરાજી નાસે. પરણીને૦ ૨
જેવી તેવી દાસીની લાજ તો નાથને, અંતમજી કેમ પ્રીત તોડી,
પ્રાણ જાશે તોય અવરને નહિ ભજુ, હઠિલા નથી, કહુંછું બે હાથ જોડી. પરણીને૦ ૩
સોલ સહસ્ર એકસો આઠ સ્ત્રી તાહરે, તેમાં એક અધિક હું દાસી તારી;
નરસૈયાના સ્વામી શું કહુ હું તુજને, હાર આપી સાહ કરને મહારી. પરણીને૦ ૪

પદ ૫૯ મું.

વિશ્વપાલક ઠરૂં વિનંતી વિકળતા, તુજ વિના દુઃખ કોણ જાણે;
વલવળતાં જશે આ જામની, ત્રિકમા નિંદ્રાશુ તજશો વહાણે. વિશ્વપાલક૦ ૧
રોકયો શુ રાધિકા કહ્યું જેવું કરો, મુજપર દયા હરિ સેન આણે;
આળડી હઠ પ્રભુ નવ ધરે તુજને, તુને, તુટશે સોહ ત્રીકમ તાણે. વિશ્વપાલક૦ ૨
આ અવસર નહિ સાચવો શામળા, તો તારી કિરતી કોણ વખાણે;
હાર નહિ આપો તો નરસઈને મારશે, રાડ લીધી મંડળીકરાણે. વિશ્વપાલક૦ ૩

પદ ૬૦ મું.

નંદના નંદને વાર લાગે ઘણી, હરિજન લોકને શું હસાવો;
કોટી બ્રહ્માંડમાં ન્યુન નહી તાહરે, લક્ષ્મીવર તુને લાજ કેમ ન આવે. નંદના૦ ૧
પેરેપેરે પરણ્યું માન માગી કરી, કઠણ કયાં થઈ રહ્યો કૃષ્ણ કામી;
કપટ ભાવે ભજ્યો તોય તુજને હરી, સાર સંભાળ કર જગત સ્વામી. નંદના૦ ૨
કોણ વેળા થઈ હાર આપે નહીં, સાંભળ શામળા વાત મારી;
નરસઈયાના સ્વામી માહરે દુઃખ નથી, મારતાં લાજ જાશે તારી. નંદના૦ ૩

પદ ૬૧ મું.

પ્રથમ પ્રીત માંડી હવે શું રહયો શામળા, ન્યુન તારે હરી સીછે આજે;
કંઠમાં કુસુમની માળ તું ગ્રહી રહયો, તે કહો કૃષ્ણજી શાને કાજે. પ્રથમ૦ ૧
શાચી ભક્તિ કરૂં લોક જુઠો કહે, કેમ તજી કાનજી નાશી જાઓ;
નાથજી તું વડો મંડળીક મદ ચડયો, વારે વિશ્વંભર વેલા ધાઓ. પ્રથમ૦ ૨
મેહ્ય માયા હવે પુષ્પના હારની, વાર લાગે ઘણી વિશ્વનાથ;
નરસૈયાના સ્વામી આશ તારી ઘણી, મુકશો નહી હરી ગ્રહયો રે હાથ. પ્રથમ૦ ૩

પદ ૬૨ મું.

હાર મધુસુદના આજ વહાલો થયો, રાખી રૂદેમાં થયો રે સાંસો;
હાર માંહે હીરા હશે શામળા, લોભી લક્ષ્મીવરા તે વીમાસો. હાર૦ ૧
મંડળીક ઉપર કૃપા કીધી ઘણી, દાસપરથી દયા તેં ઉતારી;
સંકટનો સાથી સહી તુજવણા શામળા, દીનાનાથ મુકોને ન વિસારી. હાર૦ ૨
ભક્ત વત્સલ એવું બીરદ છે તાહરૂં, હુરે વળગી રહયો તેની આશે;
પતીત પાવન હરી નામ છે તાહરૂં, વિપત પડે હવે શું વીમાશે. હાર૦ ૩
વાંક નહી વિઠલા તમ તણો તો રતી, પીડા પામું હરી મુજ પાપે;
ભણે નરસઇયો મુને મડળીક મારશે, જીવતો રહું જો હરી હાર આપે. હાર૦ ૪

પદ ૬૩ મું.

હાર હૈયા વચે શું રે રાખી રહયો, કપણ થયો રે તું કૃષ્ણ કાળા;
થોડીક વારનો પરૂણો પ્રભુ તાહરો, રૂડું ગમે તે કરો નંદલાલા. હાર૦ ૧
તાહરા બળતણી હિમ્મત માહરે, તુ રે આપીશ તે આરે લેવો;
તાહરા મનમાં વાત કેવી હશે, દાસનો દાસ હું જેવો તેવો. હાર૦ ૨
મરણથી માધવજી હું તો ડરતો નથી, નેટ નિવારણ આ દેહ પડશે;
હાર આપ્યા વિના મંડળીક મારશે, તે અપજશ તારે શીર ચડશે. હાર૦ ૩
કેટલી વેળા થઈ કરગરૂં કૃષ્ણજી, શું કહું શામળા વારેવારે;
નરસૈયાના સ્વામી આવો ઉતાવળા, તુજવિના ભક્તને કોણ ઉગારે. હાર૦ ૪

પદ ૬૪ મુ.

હું જાચક તું દાતાર દામોદરા, મહારે મન બિરદ સાચું;
આપે ન આપે તોય તું ધણી ત્રીકમા, તુજ વિન બીજા કોને ન જાચું. હું૦ ૧
ભક્ત સુદામાની સાહ્ય કરી શામળા, નવનિધી આપી ત્રુઠયા મુરારી;
ચતુરભુજ તે ચંદ્રહાસ ઉગારીઓ, કિરતી ગાય છે જગત સારી. હું૦ ૨
ગુરૂ બાળક જેમ સદનથી લાવિયા, અરજુન પ્રતિજ્ઞા વાચા પાળી;

બ્રાહ્મણના દશ પુત્ર હર્યા હતા, વઈકુંઠનાથ તું લાવ્યો વાળી. હું૦ ૩
એવાં ઘણાં વળી બિરદ છે તાહરાં, માહરૂં દુખ હરિ શું કહું તુજને;
હાર નહિ આપો તો મંડળિક મારશે, નરસૈયો કહે હરી રાખ્ય મુજને. હું૦ ૪

પદ ૬૫ મું.

વાર થઇ વીઠલા વેગે વારે ચડો, નાગરી નાતમાં હાંસી થાયે;
ભક્ત ઉદ્ધારીયા અનેક આગે હરી, તમ વિના કાનજી કોને કહેવાયે. વાર૦ ૧
દ્રુપતિ કાજ વેગે ધશી આવીયા, પુરિયાં ચિર અનેક ભાતે;
રાખિયે લાજ કરો કાજ હરી અમતણું, વિલંબ ન કીજે એજ વાતે. વાર૦ ૨
જાચ્ય તું જદુપતિ સહાય શ્રવણે સુણી, પ્રગટ થઇને માન દીધું;
છાબ છાયલ ને ચીર બહુ નવનવાં, પુર્યાં પિતાંબર કાજ સીધ્યું. વાર૦ ૩
જય હરી જય હરી હાર આપો મુને, કેશવા કીરતી રહે જગમાં સાચી;
નરસઇયો નમી કહે વાલા તુજને, જન્મો જન્મ તારી ભક્તિ સાચી. વાર૦ ૪

પદ ૬૬ મું.

રાગ મેઘ મલ્હાર અથવા રામગ્રી રાગના પ્રભાતમાં પણ ગવાય છે.

જીરે ચોદશ જોઉ તારી વાટડી, મારો નાથ ન આવે;
મંડળિક ખડગ કાઢી રહ્યો, મુને કોણ મુકાવે. ચોદશ જોઉ તારી૦ ૧
હઠીલાજી હઠ મુકીએ, હાર આપી મુજને;
મારયા પછી મારા નાથજી, લાજ લાગશે તુજને. ચોદશ જોઉ તારી૦ ૨
જીરે ગજ કારણ ગરૂડ છોડીયો, અણુ એર ઉજાણા;
નરસઈયાને હાર આપતાં, આવડું શું રે રીસાણા. ચોદશ જોઉ તારી૦ ૩
જીરે વામન રૂપે બળિ છળ્યો, વરા ત્રણ પદ કીધી;
ઈંદ્રનું ઇંદ્રાસન રાખવા, શીખ બળિનેરે દીધી. ચોદશ જોઉ તારી૦ ૪
જીરે મોસાળું કીધું ભલું, અથ ગાંઠ રે ન્હોતો;
લક્ષ્મીજી લેઇ પધારીયા, મુને કીધો રામોતો. ચોદશ જોઉ તારી૦ ૫
રામાશુ રંગે રમો, પ્રભુ મુજને વિસારી;
છબિલાજી તમ કનેથી, હાર આપો ઉતારી ચોદશ જોઉ તારી૦ ૬
નરસઇયો વિનતી વિનવે, રાય દામોદર સુજાણ;
તમે હઠે નથી બોલતા, મંડળિક અજાણ. ચોદશ જોઉ તારી૦ ૭

પદ ૬૭ મું.

વિવિધ વિચારી પ્રીતડી, જોને સારંગ રાતો;
હાર નહિ આપે તો મારશે, મંડળિક મદ માતો. વિવિધ૦ ૧
કામી થયો તું કેશવા, મુને પરભવે પાપી;
લોભિ થયો લક્ષ્મિવરા, પુતના ને સંતાપી વિવિધ૦ ૨
મહારી વારે ચડોને વિઠલા, નહિતો બિરદ તુજ જાશે;
નરસૈયાને મંડળિક મારશે, તારા ગુણ કોણ ગાશે. વિવિધ૦ ૩

પદ ૬૮ મું—રાગ દેશી ફેર પ્રભાત.

મહા હઠીલો મુખથી ન બોલે, જુઠડો છે જદુનાથ રે;
ધુતારો ધરણીધર જાણ્યો, અટકયો ન મુકે વાત રે. મહા હઠીલો૦ ૧

ગોકુળમાં તું થયો ગોવાળો, નવનીત કેરો ચોર રે;
ભલી ભગત સવરીનાં એઠું, જુઠાં પ્રાશિયાં બોરરે. મહા હઠીલો૦ ૨
પરાધિન થઇ પેટજ ભરતો, લેતો ગુજરીના દાન રે;
નરસઈયા શાને હારને કાજે, આવડું શું અભિમાન રે. મહા હઠીલો૦ ૩

પદ ૬૯ મું.

મહા હઠીલો મુખથી ન બોલે, શામળો મહા કુજાન રે;
ધુતારો ધરણીધર જાણ્યો, આહિર જાત કુજાત રે. મહા હઠીલો૦ ૪
ચંચળ લંપટ ચાડી ખાતો, સઘળે કરતો સોર રે;
ગોકુળમાં ગીરધારી રહેતો, નવનિત કેરો ચોર રે મહા હઠીલો૦ ૫
તું ગુજરધનાઇને ઘેર જાતો, ત્યાં તું ટહાડો ઠુમરો ખાતો,
ધનાબાઈ બાંધતી ઝાડે તાણી, ત્યાં હું મેલાવતો સારંગ પાણી. મહા હઠીલો૦ ૬
તે વેળા સંભારો વાહલા, દયા મનમાં આણો રે;
મહારાજા મોંઘા નવ થઇએ, મને પોતાનો કરી જાણો રે. મહા હઠીલો૦ ૭
મારે રૂડે તારે રૂડું, મ્હારે ભુંડે તારૂ ભુંડું રે;
મારિ પત જાતાં તારી પત જાશે, ત્યારે ગોકુળમાં કેમ રહેવાશેરે. મહા હઠીલો૦ ૮
લોકો સહુ વરવાં બોલે છે, ઢાંક મારાં કે ઉઘડું તારાં;
નાગર બરડક બોલા કહીયે, ત તયો નવ આણ્યા હુકયે. મહા હઠીલો૦ ૯
બાણુભાણ સુતાએ પકડી રાખ્યો, ત્રુજવણ કુણ કરે સહાય રે;
નરસઈયાને હાર નહિ આપે, ત્યારે તે વિના જશ કોણ ગાશેરે મહા હઠીલો૦૧૦

પદ ૭૦ મું. રાગ સેવાડો.

નરસઇમેહેતો પોતાની પુત્રી કવરબાઇને કહે છે.

સાસરે પધારો રે મહારી કુંવરી રે, વિપ્રીત વેહના રે વિસાર;
પીયર તમારૂ રે પુત્રો ઢુંકડું રે, છે શ્રી ગોકુળમાં પરિવાર. સાસરે૦ ૧
હરીગુણ ગાતાં રે ઘડપણ ગાળજો રે, સતસંગે કરજો વળી સુવિચાર;
રૂદન ન કરશો રે રૂદિયાં ફાટતે રે, નથી કોઇ આંસુનું રે લેનાર. સાસરે૦ ૨
મારે તો નિરધનને પેટ તું પડી રે, કાંઈ ન પામી તું તો સુખ;
નઠોર છે નાત નાગરતણી રે, ઠામ ઠામ દીધાં છે બહુ દુઃખ. સાસરે૦ ૩
એમ ન કીજે રે મારા તાતજી રે, રાખો શ્રી નાથજી શું નેહ;
સાર ઘણી કીધી રે એણે શામળે રે, તે આજે કેમ દેશે છબીલોજી છેહ, સાસરે૦ ૪
જેણે રે મામેરૂં રે હરીયે પેહેલાં કરયુ રે, રાખી દુષ્ટ સભામાં વળી લાજ;
કુંડીને સીકારી રે હરીએ હેત શું રે, તે હાર આપશે શ્રી મહારાજ. સાસરે૦ ૫
સંસરીયે જઇને રે હવે હું શું કરૂં રે, જયાં રૂડયા સરંગ પાણ;
તમને જયારે રે મંડળીક મારશે રે, ત્યારે અમે તજશું અમારારે પ્રાણ. સાસરે૦ ૬

પદ ૭૧ મું. માનબાઈ કહે છે.

આધાર તે હતો હરી અનેરે તાહરોરે, અમો અબળા દુરબળ નાર;
પ્રિતલડી તો હતી રે પેલા ભવતણી રે, તે ત્રીકમજી મેલી કેમ રે વીસાર. આધા૦ ૧
પટકુળ મેમદાના રે પ્રીતે પુરીયા રે, રાખી દુષ્ટ સભામાં વળી લાજ;
દીન જાણીનેરે અમને કયાં દગો દરોરે, મેહેતાજીને મુકાવોને મહારાજ. આધા૦ ૨

પ્રહ્લાદને ગજ થકી રે મુકાવીયારે, વારે તમે ધાયા અડવાણે ચર્ણ;
ગ્રામના દાસીસા તમે સહી નવ શકો છે, શું સુતા છો અશર્ણ શર્ણ. આધા૦ ૩
નારદને સઘળું હરજી હસાવિયું રે, હારને ઘણી લાગી વાર;
વળાથાંને પળમાં રે સહુ હરખે ભર્યાં રે, વારે નહી કીધું નંદ કુમાર આધા૦ ૪
ગણુના સાંભળીનેરે પ્રભુ સહિ નવ શકોરે, એકલા શો કરશોરે વિલાસ;
દિન જાણીનેરે અમને દયા કરોરે, પુરો અમ અબળા કેરી આશ. આધા૦ ૫
વિનંતી અમારીરે સ્વામી તમે સાંભળોરે, છોજી તમે ભક્તવત્સલ ભગવાન;
કરજોડીનેરે, કરે છે વિનતિરે, માનબાઇ માગે છે રે માન. આધા૦ ૬

પદ ૭૨ મું રતનબાઇ કહે છે.

દામોદર દિનનેરે દરશન દિજીયે રે, વાલા તારા મહેતાજી રે દુભાય;
જન્મોજન્મનોરે દાસ તમારો રે, શામળિયાજી કિધિ છે બહુ સહાય. દામોદર૦ ૧
નાગ્રયાનેરે મંડળિક મારશે રે, તમો પધારયા રાધાજીને ઘેર;
ગોપિયોની સાથે પ્રભુજી રંગે રમોને, સ્વામિ તમ સેવકની શી પેર. દામોદર૦ ૨
માંતલડીના બાધ્યારે પ્રભુજી પધારજો રે, આવોજી રમિયે રાસ વિલાસ;
નાગરની માળારે લતા આવજો રે, પુરો અમ અબળા કેરી આશ. દામોદર૦ ૩
બ્રજમાં તો ભટકિરે અમો ભુલાં પડ્યાં રે, પારખ્યાં ગોકુળમાં તો ધામ;
નરસૈયા સાથેરે લઇ રહ્યા રૂસણું રે, તે તો નહિ સરે શામળિયાજી કામ. દામોદર૦ ૪
વૃન્દાવન વનમાં રે લાડ લડાવિયાં રે, તેવી પ્રભુ પુરો અમારી આશ રે.
ગોવિંદજી વિનતિ રંગે નહિ સાંભળો રે, અમો છીએ તમારા રે દાસ. દામોદર૦ ૫
દિન જાણિને અમને દયા રે કરો રે, નરસૈયો સુણે છે રે માન;
એ છે વિનતિ રે રતનબાઇની રે, શામળીયાને કરે છે રે માન. દામોદર૦ ૬

પદ ૭૩ મું. કાનબાઇ કહે છે

શામળિયા સ્નેહિ રે અમ ઘેર આવજો રે, કહું મારા મનના કેરી રે વાત;
નાગરાની માળ રે લટકતિ રે લાવજો રે, રંગિલા જુઓ વિતી ગઇ બધી રાત. શા૦ ૧
નાડતો કૃષ્ણજી રે કામનીના પુરવા રે, આવોજી સભા મધ્યે મહારાજ;
મહેતાજીને મંડળિક મારશે રે, લક્ષ્મીવર જાશે તમારી રે લાજ. શા૦ ૨
હાર ન આપ્યો રે અતિ કઠણાં પડયાં રે, તે તમને કેમ ગમે છે નાથ;
વિનતિ કરીને રે કાન તમને કહું રે, બુડતાં તો આવી ઝાલો હાથ. શા૦ ૩
પ્રિતલડી બંધાણી રે, પ્રભુ તમથી ઘણી રે, અમો બીજા કોની કરીએ આશ;
વહાણો વિતિ છે રે જુઓ જાગવા રે, આસ નથી ઉઠો શ્રી અવિનાશ. શા૦ ૪
વિલંબ કરવાથી રે વાત વણશિ જશે રે, પ્રિતમજી પધારો ને આવાર;
કાનબાઇ કહે છે રે મોહનજી માનીએ રે, હરી મારા તોધારાના આધાર. શા૦ ૫

પદ ૭૪ મું. પાનબાઇ કહે છે.

મારા જદુપતિ જદવા રે, વિનતિ ગુણોને વિશ્વાધાર;
શરણુ તમારે રે છું હું સામળા રે, તોયે વાલા કેમ નહી કરો વાર. મારા૦ ૧
સભા સહુ દેખતાં રે હાર આપીયે રે, બિરદ પાળોને પોતાનું શામ;
સાહાય સેવકની કોડે કીજીએ રે, મહેતાજીના મનની પુરો હામ. મારા૦ ૨
ગોકુળમાં ગીરધારી રે રક્ષા કરી ગાયની રે, ગોપીયોને ઘણાં લડાવ્યા લાડ;

તેમ મહેતાજીની રે આશ પુરીએ રે, અમો અબળા માનુ તમારો રે પાડ મારા૦ ૩
જગમાં જનમીને રે અમો ભુલાં ફર્યાં રે, નિચ ભક્ત કરીને પામ્યા ઠામ;
બાંધ્ય અહાની રે લાજ બધી નાથને રે, પ્રિત કરી તમશુ સુંદર શ્યામ. મારા૦ ૪
તમારે જગતમાં રે ભક્તો અનેક છે રે, અમારે તો એક તમે ભગવાન;
પાનબાઇ કહે છે રે પ્રભુજી પધારીયે રે, વહાલા હાર આપીને રાખો માન. મારા૦ ૫

પદ ૭૫ મુ. રાગ મારૂ-સુરસેના સખી કહે છે.

શ્રીજી મારી વિનતિ રે, તમે સાંભળો સારંગ પાણ રે;
સંકટ તમને શું કહુ વાલા, તમો છો ચતુર સુજાણ રે શ્રીજી મારી૦ ૧
દાસને દુઃખ છે દોહલાં, તે કેમ સહો છો મહારાજ રે;
વિલંબ ન કીજે વિઠલા, હવે ગઇ સેવકની લાજ રે. શ્રીજી મારી૦ ૨
અમો હળવાં પડયાં દામોદરા તો, તારા ગુણ કોણ ગાય રે;
બરદ ન રાખો જુદરા, તો અમે કેમ જીવાય રે. શ્રીજી મારા૦ ૩
સજશે ન થાઓ શામળા, તમે બિગાળ ભાગો આજ રે;
હાર આપો હરો દાસને, જેમ જાય મર્ળિકની લાજ રે. શ્રીજી મારી૦ ૪
અમ વિના તમે એકલા, પ્રભુ શો કરશો વિલાસ રે;
પરસ્પર છે કાનજી, અમને તમારી આશ રે. શ્રીજી મારી૦ ૫
જળહળતા છો સામસુંદરવર, અમો છું તમારી નાર રે;
નેહવિના નારી કેમ રહે, કાંઇ કરો મન વિચાર રે. શ્રીજી મારી૦ ૬
સ્વામી શું નથી જાણતા, મન ઉતારોને રીશ રે;
અપરાધ અમારો ક્ષમા કરો, નામે સુરસેના શીશ રે શ્રીજી મારી૦ ૭
અમો અબળા તમને નમું, અમને કરો પસાય રે;
નરસઇઆને ઉગારી લીજે, ત્યારે હસિયા વઇકુંઠરાય રે. શ્રીજી મારી૦ ૮
સુરસેનાની વિનતી, સાંભળી દામોદર રાય રે,
આસનથી હરી ઉઠિયા, દાસને કર્યો પસાય રે. શ્રીજી મારી૦ ૯

પદ ૭૬ મું.

સુરસેનાની વિનતી જાણી રે, આસનથી ઉઠયા શારંગપાણી રે;
જળહળતા બ્રહ્મ તે આવ રે, રાખી હરખ હરીને વધાવે રે સુરસેનાની૦ ૧
સઘળી બાઇને બિડી આપી રે, દિસે બળયા તે સઘળા પાપી રે;
નવ જાણે નરસઇઆ વીચાર રે, આવ્યાં મંડપમાં દેવ મોરારી રે. સુરસેનાની૦ ૨
મુખે બોલ્યા તે શ્રી જુગદીશ રે, નામ્યું સર્વ સખીને શીશ રે;
તમારી સ્તુતિ સહિ નવ જાય રે, એમ બોલ્યા તે જાદવરાય રે સુરસેનાની૦ ૩
સર્વે સખીને દીધું આલીંગન રે, દિન વચન બોલ્યા જગજીવન રે;
સર્વે સખીને સમરપ્યા હાર રે, નયણે વહે છે જળની ધાર રે. સુરસેનાની૦ ૪
તમે શાને કરો વિલાપ રે, હાર અરપુ આપોઆપ રે;
તમો વેચો તો વેચાઉ રે, કાચે તાંતણે બાંધ્યો આવું રે. સુરસેનાની૦ ૫
બ્રહ્માદીકને વશ નહી થાઉ રે, વેદ વિદ્યા હોયે ત્યાં ન જાવુ રે;
એવું બોલ્યા શ્રી જુગદીશ રે, નામ્યું સર્વ સખીને શીશ રે. સુરસેનાની૦ ૬
જેને મંત્ર તણો અભિમાન રે, ત્યાંથી દૂર રહ્યા ભગવાન રે;

હું તો સત્ય વચનજ ભાખું રે, હું તો લજ્જા સેવકની રાખુ રે. સુરસેનાની૦ ૭
તમે જે રે માગો તે આપુ રે, તમ વચન કદી ન ઉથાપું રે;
તમને કહું વિસ્તારી વાત રે, મહેતાજીની વધારૂ ખ્યાત રે. સુરસેનાની૦ ૮
માટે કહોને કેદારો ગાય રે, તે વીના હાર નહી અપાય રે;
હું તો જઈ બેસું આસન રે, સત્ય માનજો મુજ વચન રે. સુરસેનાની૦ ૯
તમો પ્રાણથકી છો પ્યારા રે, ક્ષણ એક ન મુકુ ન્યારા રે;
એમ બોલ્યા દામોદર રાય રે, સહુ સખીઓને હરખ ન માય રે. સુરસેનાની૦ ૧૦

પદ ૭૭ મુ. રાગ આશાવરી.

સખીયો રે જયારે હરખજ પામી, ત્યારે રિઝયા સારંગપાણીજી;
હશી હશી વચન શ્રીમુખ બોલ્યા, ધન્ય ધન્ય છે વૈષ્ણવ વાણીજી સખીયો૦ ૧
કુંવરબાઈ કહે કરજોડી, સાંભળો મારા તાતજી;
દામોદર રાયને ઘણો વહાલો છે, કેદારો સાક્ષાતજી. સખીયો૦ ૨
ગીરીવરધારી ને કુંજ બીહારી, તે સાથે છે હેડજી;
દામોદરશુ પ્રીત બંધાણી. છે રાગ કેદારાની જોડજી. સખિયો૦ ૩
મહેતાજી મન સ્થીર કરી રાખો, નહી મુકે નાથ તમારોજી;
દામોદરરાયને ઘણો વહાલો છે, તે ગાઓને રાગ કેદારોજી. સખિયો૦ ૪
મહેતાજી કહે પુત્રી માહરી, દેવાળીયા કહેવાઈયેજી;
સાઠ રૂપઇએ ઘરેણે મૂકયો છે, માટે કેનો કેદારો ગાઇએજી. સખિયો૦ ૫
ધરણીધર મહેતાજીને મંદીર, ખત લખીને આપ્યુજી;
તે રૂપઇયા આપ્યા વિના, જો ગાઉ તો જીભ કાપુજી. સખિયો૦ ૬
અટક સાંભળી મહતાજીના, સમરથ સારંગપાણીજી;
કેદારો મુકાવા ચાલ્યા, પ્રીત પુરવની જાણીજી. સખિયો૦ ૭

પદ ૭૮ મું. રાગ કાલેરો.

કેદારો મુકાવાને ચાલ્યા, તે ભક્તવત્સલ ભગવાન સ્વરૂપ;
ધરણીધર મહેતાજીને મંદીર, લઈ ચાલ્યા મહેતાનુ સ્વરૂપ. કેદારો૦ ૧
ધન આપી ખત માગી રે લીધું, મહેતાજીનો મહીમા વધારયો રે બહું;
ધરણીધર નાગરને ઘેર, એક અપાંગળી હતી રે વહુ કેદારો૦ ૨
તેને ઘેલી કહી સહુકો બોલાવે, તેને મંદીર પધાર્યા ભગવાન;
મસ્તક હાથ મુકીને ઉઠાડી, તેનું રૂપ કીધું લક્ષ્મીજી સામાન. કેદારો૦ ૩
એક પંથ બે કારજ કરીને, હરી આવ્યા જુનાગઢ મોઝાર;
મહેતાજીને ખોળે ખત નાંખ્યું, અદ્રીક્ષ રહીને મોરાર. કેદારો૦ ૪
તેરં શ્રીપાતને સરવે દીઠુ, મંડળીક પાસે માગે માન,
નરસૈયો ઇશ્વરનો શેવક, કહ્યું કરો હઠીલા રાજન. કેદારો૦ ૫
અન્યોઅન્ય સહુ વાત કરે છે, ખત આપ્યું દામોદરરાય.
નરસૈયાને મંદીર મોકલો નહી તો, આપણો મહીમા જાય. કેદારો૦ ૬
તજાજેથી તતક્ષણ આવ્યા, કહે ધરણીધર સાંભળો રાય;
હરીના જન હરી સરખા જાણો, મહેતાજીને લાગો પાય. કેદારો૦ ૭

પદ ૭૯ મું—રાગ સારંગ.

દ્વારિકાં પોહોત્યા કમળાપતિ, રામાનંદ પ્રત્યે કહે વિનતી;
તમે જુનાગઢ લગી વેગે જાઓ, નરસઇયા નાગરને કરો પસાવો. દ્વારિકાં૦ ૧
આવ્યા રામાનંદ સભા મોજાર, એવે ધરણીધર કહેછે વિચાર;
મેહેતાજીને રૂપે આવ્યા ભગવાન, અપાંગ વહુ કીધી લક્ષ્મી સમાન. દ્વારિકાં૦ ૨
અથ આપી ખત લીધુ હરી, ધરણીધરે વાણી ઓચરી;
શ્રીપાત સાંભળીને દીલગિર થયા, મંડળીક રાય વિચારી રહ્યા. દ્વારિકાં૦ ૩
અન્યોઅન્ય વારતા ઓચરે, વૈષ્ણવ સાથે દ્વેષ કોણ કરે;
દક્ષણવંત ગંગોદક ભર્યો, નરસૈ નાગર વૈષ્ણવ ખરો. દ્વારિકાં૦ ૪
ગાએ રત્ન ગળાણું રાય, રત્ન જડે ને જીવે ગાય;
એવી પ્રિત દામોદર કયાંથી કરે, ભાગી ભોગળ હાર કંઠે ધરે. દ્વારિકાં૦ ૫
તે માટે મહેતાને મોકલો ઘેર, બ્રાહ્મણશું નવ કીજે વેર;
વેર કિધે નવ થાએ ભલું, તે માટે કહિએ એટલું. દ્વારિકાં૦ ૬
એમ સભાજન સરવે કહે, તે તો મંડળિક સરવે લહે;
પ્રબલ પ્રધાન વિચારે પેર, નરસૈયાને મોકલીએ ઘેર. દ્વારિકાં૦ ૭

પદ ૮૦ મું.

રામાનંદ સન્યાશી એણી પેરે કહે, એ કથા અપ્રવચ નવ રહે;
કોઈ કોઈની કુડી પક્ષ કરે, તે સન્યાસી નરકે સંચરે. રામાનંદ૦ ૧
વૈષ્ણવ જનને નિંદે જેહ, કુંભીપાક પડે નર તેહ;
પંઢરપુર નાગર છે એક, તેમાં નામો ભક્ત વિસેક. રામાનંદ૦ ૨
નામ દેવને હારશું પ્રિત, રામાનંદ કહે શુભ રીત;
બ્રાહ્મણે આણી મરતક ગાય, લઇ બાંધી સુલતાન સભાય. રામાનંદ૦ ૩
નામદેવે સજીવન કરી, તુલશિ માળા કંઠે ધરી;
નામદેવ નર હરિગુણ ગાય, આવ્યા સમરથ વૈકુંઠરાય. રામાનંદ૦ ૪
જુઠા લોક સહુ જોઇ રહ્યા, વૈષ્ણવ જન તે સાચા થયા;
ભગત જગ્તને આદથી વેર, પ્રભુ શેવકની જાણે પેર. રામાનંદ૦ ૫
પ્રલ્હાદજી પર કોપ્યો તાત, વિભિષણને વીરે દીધી લાત;
અમરિષને દુરવાસા કોપીયા, ધ્રુવ બાળક તે વનમાં ગયો. રામાનંદ૦ ૬
ત્યાં મળીયા રૂષી નારદરાય, આપી મંત્ર કર્યો વીદાય;
તેણે ધર્યું હરીનું ધ્યાન, પ્રસન્ન થયા પોતે ભગવાન. રામાનંદ૦ ૭
ભક્ત જાણીને શુદ્ધ લીધ, ધ્રુવજીને તો અવીચળ કીધ;
સુધનવા ઉગાર્યો હરી, તેલ કઢા તો ટાઢી કરી. રામાનંદ૦ ૮
પંચાળીનાં પુર્યાં ચીર, તે તો પોતે હળધર વીર;
માટે મહેતા તમને કહુ, સંસારી ચરિત્ર હું સઘળું લહુ. રામાનંદ૦ ૯
હાર લીધા વિના જાએ ઘેર, તો વૈષ્ણવની શી પેર;
ભાગી ભોગળને આપ્યો હાર, ત્રિભુવન વરતે જયજયકાર.
નિજ ધરણનો બેસી મહારાજ, ઠામઠામ જનની રાખે લાજ;
રહો વિસ્વાસે આણે ઠામ, હવે ડગમગ આવે કામ. રામાનંદ૦ ૧૧

મેહેતા તમારી ભક્તિ બળી, દુઃખ આપશે હેતે હરી;
રામાનંદ આશીર્વચન ઉચરે, મેહેતાજી મન હુઃખ ધરે. રામાનંદ૦ ૧૭
કેદારો આલાપીને ગાય, સર્વ સખીને આનંદ થાય;
જય દામોદર જય રણછોડ, નિજ ભક્તના પુરો કોડ. રામાનંદ૦ ૧૮

પદ ૮૧ મું રાગ કેદારો

મારા વાલોજી રાગ મુકાવીને આવ્યા, મહેતો ખત વાંચીને ખુંખારેરે;
નાચે કુદેને તાલ વજાડે, મારા વાલોજી નવ વીસારેરે. મારા વાલોજી૦ ૧
મધુરે સ્વરે કેદારો ગાયો, શ્રીમાન ગોપીના નનાણું આવ્યોરે;
ઠમકે ઘુઘરી નેપુર વાજે, આલાપે રાગ કેદારો મુકાવ્યોરે. મારા વાલોજી૦ ૨
પ્રગટ થાઓ પાતળિયા મળવાનાં, સુજને આવો વારેરે;
આવો છબીલા હારને દીજે, મારે લાગ્યા ત્યારેરે. મારા વાલોજી૦ ૩
મલપતા મંદીરમાંથી આવો, મંગળ ભક્ત દીનદયાળુરે;
સભા સર્વ દેખતાં કાનુડા, મારા કંઠ આરોપો માળારે. મારા વાલોજી૦ ૪
એમ કહી ખત મસ્તક મુક્યું, મળિયો થાવો સારંગરે;
જયજયકાર બોલે નરસઇયો, સર્વ મળીયા કરી ગાનરે. મારા વાલોજી૦ ૫

પદ ૮૨ મું રાગ પ્રભાત.

દામોદર દીલમાંહે વીચારેરે, મહેતો ભગત છે માહારોરે;
ક્ષણુએ સુજને નવ વીસારે, ગણું તેહથી મને પ્યારોરે. દામોદર૦ ૧
એમ વીચારી ગયા અલબેલા, ધરણીધરને ઘેરરે,
કેદારો મુકાવી લાવ્યા, જુગતે જાણી પેરરે. દામોદર૦ ૨
ખત લાવીને ખોળે નાંખ્યું, તે તો નરસે જોયુંરે;
મહેતો મનમા રાજી થઇ બેઠું, જોતાં મનડું મોહ્યુંરે. દામોદર૦ ૩
હોંશેથી કેદારો ગાયો, તે તો સુજને ભાવ્યોરે;
ઉપમા આપી સુજને અળગની, ગોરીયો ગમાણુ આવ્યોરે. દામો૦ ૪
માટે આસન જઇને બેસુ, છાને લાગ વારેરે,
કેવો ગણીયા સુજને મેહતે, કેમ આપુ હવે હારરે. દામોદર૦ ૫
રીસ ચઢાવી આસન બેઠા, શ્રી દામોદર રાયરે;
તે તો મેહેતાજીએ જાણ્યું, હવે શી પેર થાયરે. દામોદર૦ ૬
મેહેતાજી કહે સુણો મોહનજી, રીસાઇને ક્યાં જાઓરે;
જીવ જતાં લગી નવ છોડું, સહાય સામળીયા થાઓરે. દામોદર૦ ૭

પદ ૮૩ મું.

ભાગ્ય ભોગળ સામળીયા સાથી, ઘેલરા મુકાવોને ગોવાળારે;
આહિરને આવડો શો અટકો, આપો મોગરાની માળારે. ભાગ્ય૦ ૧
હવે ગાળ નહિ દઉં ગોવીંદજી, ક્ષમા કરો અપરાધરે,
શીવ વિરંચી તારો પાર ન જાણે, તે શું કર્યો મે વાદરે. ભાગ્ય૦ ૨
શુક શૈનકાદિક ધ્યાન ધરે છે, તે તું નંદ કુમારરે;
લક્ષ્મીવર મેં કહ્યો તુજને, લંપટ વારંવારરે. ભાગ્ય૦ ૩
સેવક જનના બોલ્યા સામું, જોઇએ નહી જદુનાથરે;

અવગુણ ભરીયો પણ છું તારો, હેતે ઝાલો હાથરે. ભાગ્યઠ ૪
સુધ બુધ લજજા પ્રેમી જનમાં, નવ રહે લગારરે;
પ્રેમ વચનમાં જે બોલાયું, વિઠ્ઠલ વારવારરે. ભાગ્યઠ ૫
ગુણસાગર છો શ્રી ગિરધારી, બાનાની પત રાખોરે;
મહેર કરી મહારાજા મુજપર, દાસને દરશન દાખોરે. ભાગ્યઠ ૬
આવો આલીંગન દીજે વાલા, સુંદર મુખડું નીહાળુંરે;
ભણે નરસૈયો રજની વિતી, થયું ત્રિલોકમાં અજવાળુંરે. ભાગ્ય૦ ૭

પદ ૮૪ મું.

જાગ્ય જાગ્યરે જદુપતિ, રજની વિહાણી;
મંડળીક મુજને બહુ બીવરાવે, જીવણ લ્યો જાની. જાગ્ય૦ ૧
અરૂણ ઉદયની વેળા થઈ છે, હરણી તો આથમી;
દીપક જ્યોતો ઝાંખી થઇ છે, દહુ મસ્તક નામી. જાગ્ય૦ ૨
વલોણાં ગાજે ને ઘંટીઓ ગાજે, પ્રેમદા ભરે પાણી;
કેસવજી તમે કેમ ન આવ્યા, કોણે બાંધ્યા તાણી. જાગ્ય૦ ૩
મુંચકંદને કુંભકરણ જીત્યા. તેની ઉંઘ તને આવી;
આળસુ કેમ બન્યા અલબેલા, શું બેઠા રીસાવી. જાગ્ય૦ ૪
દીનબંધુ છો દામોદરજી, હાર હરી આપો;
નરસઇયો કહે નાથજી મહારા, કષ્ટ તમો કાપો. જાગ્ય૦ ૫

પદ ૮૫ મું.

ખત વાંચતાં હું ખમચાયો, તેની તમને ચડી છે રીસરે;
સેવકના અપરાધજ સામું, શું જુવો જગદીશરે. ખત વાંચતાં૦ ૧
શ્રીપતી સહાય કરો સેવકની, વેળા થઈ છે ઝાઝી રે;
મોગરાની માળા લઇને પધારો, મહેતાજી થાયે રાજી રે. ખત વાંચતાં૦ ૨
ઉઠો ઉઠો હરી થયું અજવાળું, ખોટી ન થાઓ પળ એકરે;
પ્રીતમજી પ્રેમેથી ભેટું, મુકી દો હરી ટેક રે. ખત વાંચતાં૦ ૩
એવું શુણી ઉઠયા અલબેલા, થયો ત્યાં બહુ કડાકોરે;
જાણે મેઘ ગાજ્યો અશાડો, એવો થયો ભડાકો રે. ખત વાંચતાં૦ ૪
મોહનજી કહે સુણો મહેતાજી, અંતર નથી તમ સાથેરે;
પ્રીત કરી તુજને પેરાવું, હાર હું મારે હાથેરે. ખત વાંચતાં૦ ૫
તુજ વિના મહારે નવ ચાલે, હું પુરૂં તારી આશરે;
એમ કહીને બંને ભેટયા, નરસંને અવિનાશરે. ખત વાંચતાં૦ ૬

પદ ૮૬ મુ-રાગ વસંત.

કમાડ કકડીયાં ને ગગન ગડગડીયાં, મંડળીકના મંદીર;
ભોગળ ભાગીને તાળાંરે તુટયાં, પધાર્યા શ્યામશરીર. કમાડ કકડીયાં૦ ૧
ખળભળીયા ધ્રાકોશીસાંરે, પડે પોળે પોકાર;
નાઠા ભર સભાથી સર્વકો, થઈ રહ્યો હાહાકાર. કમાડ કકડીયાં૦ ૨
આસનથી ઉઠયા અવિનાશી, આવ્યા સભા મોજાર;
સભા સરવે દેખતાંરે આપ્યો, હરીએ મહેતાજીને હાર. કમાડ કકડીયાં૦ ૩

પીતાંબર પ્રીતે ઓઢાડયું, આપી કાને કુંડલ જોડ;
મસ્તક મુગટ સમરપી નાચે, જય શ્રી રણછોડ. કમાડ કડકડીયાં૦ ૪
મુખ મોરલી મધુરી વજાડે, દીનોનાથ દયાળ;
રંગીલો છબીલો છોગાળો વાલો, તે લે ભમરી કરતાળ. કમાડ કડકડિયાં૦ ૫
જયજયકાર બોલે સહુ સખીયો, ધન્ય ધન્ય ગોકુળ રાય;
નરસઈયાને ફરી ફરી ભેટે, હઇડે હરખ ન માય. કમાડ કડકડિયાં૦ ૬

પદ ૮૭ મું—રાગ પ્રભાત.

આફુણીએ જો દ્વાર ઉઘાડી, ત્યાર ગોપાળરાયે દીધો રે;
રાજા મંડળીક થર થર કાંપ્યો, મેં મોટો અપરાધ કીધો રે. આફુણીએ૦ ૧
સંન્યાસી સૌ વિસ્મય પામ્યા, વરત્યો હાહાકાર રે;
જેને જેવો તેને તેવો, દીઠા દેવ મોરાર રે. આફુણીએ૦ ૨
નરસૈ આશ્રમે નૃસિંહરૂપ દીઠા, મુકુંદાશ્રમે મુકુંદરૂપ રે,
અચ્યુતાશ્રમે અચ્યુતરૂપ દીઠા, માધવાશ્રમે માધવરૂપ રે. આફુણીએ૦ ૩
અદભુતાશ્રમે અદભુતરૂપ દીઠા, વિશ્વંભરે વિશ્વરૂપરે;
વિશ્વંધરઆશ્રમે વિશ્વરૂપ દીઠા, કેશવાશ્રમે કેશવરૂપ રે. આફુણીએ૦ ૪
રઘુનાથાશ્રમે રઘુનાથરૂપ દીઠા, ભીમે દીઠા રામરે;
રાજાની માએ ચતુરભુજ દીઠા, રાણીએ દીઠા સુંદર શ્યામ રે. આફુણીએ૦ ૫
આપાતપડીતે સુંદર રૂપ દીઠા, ધોધરે દીઠા બ્રહ્મચાર રે;
બ્રહ્મભારથીએ બ્રહ્મ રૂપ દીઠા, પ્રસાદપુરીએ ત્રિપુરાર રે. આફુણીએ૦ ૬
પ્રલંબ પ્રધાને પ્રૌઢ રૂપ દીઠા, મંડળિકે દીઠા કાળરે;
સભાએ દીઠા સુંદર શિરોમણ, સજજને દીઠા બાળ રે. આફુણીએ૦ ૭
જાગી ધ્યાનીયે જ્યોતી રૂપ દીઠા, કુંવર બાઇયે દીઠા પીતાય રે;
મેહેતાજીયે લટકાળા છોગાળા, દીઠા શ્રી ગોકુળના રાય રે. આફુણીએ૦ ૮
અભયપાતેને જેનો તેનો તેવો, વ્યાપી રહ્યો કરૂણાળ રે;
મેહેતાજીને કંઠે આરોપી. લેઇ મોગરાની માળ રે. આફુણીએ૦ ૯
રાગ રાગનું તાન મીલાવે, મોરલી મદનગોપાળ રે;
જય જયકાર કહે સરવકો, હરિ ભક્તવત્સળ પ્રતિપાળ રે. આફુણીએ૦ ૧૦
લોક સહુ રાજાને કહે છે, તમે મોટો અપરાધ કીધો રે;
રામાનંદને રીસ ચડી બહુ, શ્રાપ રાજાને દીધો રે. આફુણીએ૦ ૧૧
પ્રભુના જનને તેં બહુ પીડયો, કાંઈ ન વિચાર્યું આપ રે;
ત્રણ જન્મ તુ મ્લેચ્છ થઇને, ભોગવ તુજ પાપ રે. આફુણીએ૦ ૧૨
ત્યારે સુરસેનાએ હાથજ સાહયો, રાજાને શ્રાપ ન દીજે રે;
જેણે આપણું ભુડું કીધું હોય, તેનું રૂડું કીજે રે આફુણીએ૦ ૧૩
ત્યારે રાજા પસ્તાયો પોતે, આવી દંડવત કીધો રે;
કુમતિમાં મેં કાંઈ ન માન્યું, માહારો એકે અરથ ન સીધ્યો રે. આફુણીએ૦ ૧૪
આગળ સુવર્ણ બ્રહ્મને મોહોર આપી, તે કશુ ન આવ્યું કામ રે;
કળિજુગમાંહી હરિ ભક્ત મોટા, વળી નારાયણ નામ રે. આફુણીએ૦ ૧૫
એ વાત તે કોને કહીયે, મઠયા પ્રધાન ને સતરે સન્યાસી રે;
નારાયણનો જન મેં દુભવે., હઇયે ન જોયું વિમાસી રે. આફુણીએ૦ ૧૬

ત્યારે મહેતાજી એણીપેરે બોલ્યા, સાહી રાજાનો હાથ રે;
વાંક સઘળો છે તારી માતનો, તેને પુછ તું વાત રે. આફુડીયે જો૦ ૧૭
રાજા જઈ માતાને કહે છે, હવે શી પેર થાશે રે;
માતા કહે તે કહ્યું ન માન્યું જુનાગઢ તુજ જાશે રે. આફુડીયે જો૦ ૧૮
વલતો રાજા એણીપેરે બોલ્યો, મા સઘળો તારો વાંક રે;
સાચું કહે જે નીપજયું હોયે તે, હું થઈશ તારો રાંક રે. આફુડીયે જો૦ ૧૯
વળતી માતા એણીપેરે બોલી, કહું છું સાચું હુય રે;
મ્લેચ્છ સેવકનું મુખ મેં જોયુ, પેટે રહયો જન તુય રે. આફુડીયે જો૦ ૨૦
દુષ્ટતણું મુખ જોતાં આવો, નીરદય નીપજયો તન રે;
કહ્યું ન માન્યું પ્રથમ કોઈનું, પીડયા હરીના જનરે. આફુડીયે જો૦ ૨૧
એવું સુણીને મંડળીક મનમાં પસ્તાયો બહુ આપ રે;
નરસઈયાને પીડા પમાડી, તેથી પામ્યો શ્રાપ રે. આફુડીયે જો૦ ૨૨

પદ ૮૮ મુ.

શ્રી દામોદરે દયા કરીને નરસઈયા, નાગરનો રાખ્યો રંગ;
સર્વ શેવકના સુખને કારણ, રાય મંડળિક કીધો માનભંગ. શ્રી દામોદરે૦ ૧
કો કહે કામી ને કો કહે કપટી, પણ શેવકને તમારી આશ;
રાખી લાજ સભામાં સાચી, હરિજન સઘળા કીધા નીરાશ. શ્રી દામોદરે૦ ૨
કળીયુગ માંહે પ્રત્યક્ષ દીઠું, નરસઈયાને ઝીતાડયો હોડ;
કાને કુંડળ ઘાલ્યાં મેહેતાને, પીતાબર આપ્યું કટી છોડ. શ્રી દામોદરે૦ ૩
એ જાર જાતે કાંઈ ન જાણ્યું, વૈષ્ણવ સાથે કીધા વાદ;
મહાજનો સહુ એણીપેરે કહે છે, ઉતાર્યો હરીએ એનો નાદ. શ્રી દામોદરે૦ ૪
જયજયકાર હવો સોરઠમાં, મહેતાને આપ્યો હારજ હરી;
મંડળીક રાયનો મમત હરીને, નરસઈયા નાગરની રક્ષા કરી; શ્રી દામોદરે૦ ૫

પદ ૮૯ મું.

મારા ઠાકોર દામોદરે, મારી સ્હાય કરી સભાળી રે;
વઇકુંઠથી વેગે આવીને, આપ્યો હાર ઉતારી રે. મારા ઠાકોર૦ ૧
ભક્તજનને વાલે લાડ લડાવ્યા, સદાય છે સૂખકારી રે;
અનેક ભક્ત આગે ઉધાર્યા, કૃપા કરી મુરારી રે. મારા ઠાકોર૦ ૨
નૃપતી નિત્ય દાન દેતા સુવર્ણનું, નહાતો ગંગા નીર રે;
પણ વૈષ્ણવથી દ્વેષજ કરતો, તેથી પામ્યો કલંક શીર રે. મારા ઠાકોર૦ ૩
શુક સૈનકાદીક મુનીવર નારદ, નિગમ ચતુર મૂખ ગાય રે;
હનુમાન સરખા તેલધરે તોએ, હરિગુણ કો ન ગાય રે. મારા ઠાકોર૦ ૪
જેની સેવા સૂરીનર ઇચ્છે, સહસ્ત્ર અઠયાશિ ધાય રે;
અમર ઇંદ્રાદીક ગાંધર્વ અપ્સરા, ગુણ શ્રી હરીના ગાય રે. મારા ઠાકોર૦ ૫
આમેઉ મોહને કીધું, આપ્યા વસ્ત્ર શણગાર રે;
મંડળીક દેખતાં મહારાજે મુને, હેતે દીધો હાર રે. મારા ઠાકોર૦ ૬
સોરઠ જન જોવાને આવ્યા, પહોત્યા મનના કોડ રે;
સકળ સભામાં લજ્જા રાખી, નરસૈયો ઝીતાડયો હોડ રે. મારા ઠાકોર૦ ૭
કળીજુગ માંહે કરણ આનવી, પામર કોને નવ સુજે રે;

ભણે નરસૈયો સુણો નારાયણ, ચરણ શરણ રાખી લીજે રે. મારા ઠાકોર૦ ૮

પદ ૯૦ મું.

શ્રી દામોદરે કીધી દયા જે, મુગટ સહિત મુને આપ્યો હાર;
બાજુબંધને બેરખા આપ્યાં, ત્રિભુવન વર્ત્યો જયજયકાર. શ્રી દામોદરે૦ ૧
રાજા તું ઘેલો થયો જે, ખડગ લઈને આવ્યો સંગ;
રસિયાજી શું રંગે રમતા, રમા પતીએ રાખ્યો રંગ. શ્રી દામોદરે૦ ૨
શા શા ગુણ ગાઉં ગોવિંદના, ઠામ ઠામ રાખી મુજ લાજ;
અકળ ન થાએ એ અલબેલો, સારે સેવક જનનાં કાજ. શ્રી દામોદરે૦ ૩
જે જન સેવે સાચા મનથી, તે તો ત્રિકમજી જાણે રે;
ભીડ પડે જ્યારે સેવકને, સહાય કરે તે ટાણે રે. શ્રી દામોદરે૦ ૪
સજ્જન સરવે સાચું માનો, એ હરિ દીનદયાળ રે;
નિજ સેવકની લજ્યા રાખી, કંઠે આરોપી માળ રે. શ્રી દામોદરે૦ ૫

પદ ૯૧ મું.

શ્રી દામોદરના ગુણ ગાતાં, નર કો દુખીયો ન હોય રે;
સદા શામળીયો શરણે રાખે, સન્મુખ આવી જોયે રે. શ્રી દામોદરના૦ ૧
મુરખ મુઢ હીંડે રડવડતો, નવ જાણે હરિનો મર્મ રે;
સમરણ કરતાં તરતજ આવે, પરિપૂરણ પરિબ્રહ્મ રે. શ્રી દામોદરના૦ ૨
છેલ છબીલોને છોગાળો નિત્ય નિત્ય તેને ભજીએ રે;
મંડળિક માન ઉતારયું જેણે, કહો કેમ તેને તજીયે રે. શ્રી દામોદરના૦ ૩
સુખદાતાની પુર્ણ કૃપાથી, અવિચળ પદ હું પામ્યો રે;
નરસઈયાના સ્વામીને જોતાં, ભવ ભય સઘળો વામ્યો રે. શ્રી દામોદરના૦ ૪

પદ ૯૨ મું

વાલાના ગુણ શા શા કહું રે, આગમે આવી રાખી લાજ;
પતીત પાવન હરી નામ તમારૂં, પ્રગટ થાઓ છો ભક્તને કાજ. વાલાના૦ ૧
કૃપા કરી મુને હારજ આપ્યો, મંડળિકરાય થયો માન ભંગ;
સભા સઘળી આશ્ચર્ય પામી, કૃપા તમારી પરમાનંદ. વાલાના૦ ૨
સાચી પ્રિત કરે જે હરીશું, તેના મનના પુરે કોડ,
કૃપા કરી તમે નરસઇયાને, ભક્તવત્સલ પ્રભુ શ્રી રણછોડ. વાલાના૦ ૩

પદ ૯૩ મુ

કરજોડીને દાસ વિનવે, હું સંતકૃપાએ સુખ પામ્યો રે;
ભક્તના ચરણ રેણુયે નરસઇયો, સકળ વેદના વામ્યો રે. કર જોડીને૦ ૧
અલ્પબુદ્ધિ અજ્ઞાની હતો, હું દેખા દેખી ચાલ્યો રે;
સાધુ સમાગમ નિશદિન, હરજીયે હાથજ ઝાલ્યો રે. કર જોડીને૦ ૨
પ્રજાજન સહુ ચરણે નમિયા, નગર તણા જે વાસી રે;
ભણે નરસઇયો શ્રી હરી સેવો, ટળશે ભવ દુખ ફાંસી રે. કર જોડીને૦ ૩

પદ ૯૪ મું.

ઓળખો અકળ નહી જાય મહારો, વાલો ઓળખો શ્રી ગોકુળરાય રે;
કૃપા સાગરે કૃપા કરીને, કીધી મ્હારી સાહાય રે ઓળખો૦ ૧
ઓળખો ધ્રુવ પ્રલ્હાદ વિભિષણ, અમરિષને હનુમાન રે;

અક્રૂર ઓધવ વિપ્ર સુદામા, વિદુર ભક્ત વરદાન રે. ઓળખો૦ ૨
ઓળખો વેગે ધરૂપદ તનયા, ચરણે અહલ્યા તારી રે;
કુબજાનું ચંદન માગી લીધું, ગોકુળ રાચ્યું મુરારી રે. ઓળખો૦ ૩
ઓળખો વેગે વ્રજ વનિતા, તારણ તરણ ગિરધારી રે;
ઓળખો પ્રીત કરી જે મુકને, લીલા કુંજ વિહારી રે. ઓળખો૦ ૪
સાંદીપનો સુત આણી આપ્યો, વેદ વદે એમ સાચું રે.
મારો ઠાકોર એજ દામોદર, અહોનિશ એને જાચું રે; ઓળખો૦ ૫
ભક્ત વત્સલ સદા હરી દાતા, દીનોનાથ કહાવે રે.
નરસઈયાના સ્વામીને સમરતાં, પુનરપી જનમ ન આવે રે. ઓળખો૦ ૬

પદ ૯૫ મું.

નીરખી લોક નગરના હરખ્યા. ધન મેહેતાનો અવતાર રે;
મહિપતિ આવી ચરણે લાગ્યા, કરે હરખ ઓછવ નરનારિ રે. નિરખી૦ ૧
અમે અબુધ મુરખ અજ્ઞાની, ખોટી કહી વૈષ્ણવની વાત રે;
સ્વામી સેવકમાં ભિન્ન ન હોએ, શ્રુતી સ્મૃતિ બોલે વિખ્યાત રે. નિરખી૦ ૨
છબિલાજીના વાલા જે જન, તે સાથે કરવા દ્વેષ રે;
સાચું પાસુ સામળિયાનું, નિશ્ચે લખ્યો મટે નહિ લેખ રે.' નિરખી૦ ૩
દુરિજન સઘળા દુઃખજ પામ્યા, જેણે કીધાં કુડાં કર્મ રે;
ભણે નરસૈયો તમે સુકૃત કરો સૌ, ધરણીધર રાખે ધર્મ રે. નિરખી૦ ૪

પદ ૯૬ મું.

ધન્ય તુ ધન્ય તું એમ કહે શ્રીહરી. નરસૈયા મારો ભક્ત તુ સાચો રે;
મેહેલી પુરૂષાતન સખીને રૂપે થયો, તારો પ્રેમ જોઈ હું રાચો રે. ધન્ય૦ ૧
મુજમાં ને તુજમાં ભેદ નહી નાગરા, માન્ય તું કહ્યું વદવાણી રે;
હજી પતિત મહારી નથી તુજને, માગતાં મોકલ્યું ટાહાડુ પાણી રે. ધન્ય૦ ૨
મામેરૂં કીધું તે કેમ ગયો વીસરી, હાર આપ્યો ત પ્રત્યક્ષ ભુપ રે;
ચૌદભુવનમાં તુજ સમો કો નહીં, માહરૂં તાહરૂં એક રૂપ રે. ધન્ય૦ ૩
તાહરો અક્ષર ગાયને સાંભળે, કુળ સહિત પવિત્ર થાય રે;
ભણે નરસઈયો મીઠુ બોલી શુ રિઝવો, કરજોડી કૃષ્ણજી સમ ખાએ રે. ધન્ય૦ ૪

પદ ૯૭ મું.

ધન્ય તું ધન્ય તુ એમ કહે શ્રી હરી. ત્રિગુણ રહીત મન થયું રે તારૂં;
કોટી બ્રહ્માંડનો પતિ કરે વિનતી, નરસઈયા માન્ય તું વચન માહારૂં. ધન્ય૦ ૧
બ્રહ્માશંકર શુક શનક આદે જતી, શેષ નારદ ધરે ધ્યાન મારૂ;
મનકર્મ વચને તું અનુસરે, કોટી મુક્તી તારે ચરણ વારૂં. ધન્ય૦ ૨
જેવી વ્રજ સુંદરી તેવો તું નરસઈયો, નિરમળ મને મારો જશ ગાયો;
રાસ ક્રીડા કરી તુજને મેં દાખવી, હાર આપવાને હું હોંસે ધાયો. ધન્ય૦ ૩
વ્રજલીલા મધ્ય કેલીમાં કાનજી, પુરૂષ નામે કોઈ પાસે નાવે;
આદ્ય એ શ્રીહરી વ્રીજવીનતા ખરી, નરસઈ વિના લાડ કુણ લડાવે. ધન્ય૦ ૪

પદ ૯૮ મું.

સંસારનો ભય નિકટ ન આવે, કૃષ્ણ ગોપાળને ભજતાં રે;
ત્રિવિધ તાપ ટળે સહુ તનના, મોહ માયાને તજતાં રે. સંસારનો૦ ૧

ધ્રુવની દૃઢ ભક્તિને જાણી, અવીચળ પદવી આપી રે;
ભક્ત પ્રેહલાદ ઉગારી લીધો, જનમ જરા જડ કાપી રે. સંસારનો૦ ૨
જે જન સાચો ભાવ રાખી, જપે શ્રી જગદીશ રે;
શરણાંગત રાખે શામળીયો, કાપે સઉ કિલ્મિષ રે. સંસારનો૦ ૩
શ્રી દામોદર જેવો દાતા, જગમાં મળે ન કોય રે;
નરસઈયો કહે નિશદિન જપિયે, સકળ કારજ સિદ્ધ હોય રે. સંસારનો૦ ૪

પદ ૯૯ મું. —રાગ કાલેરો.

મેહેતાજી અને ઢેડ લોકોના પ્રસંગ વિષેનું પદ.

ગીરી તળાટીને કુંડ દામોદર, ત્યાં મહેતાજી નાવા જાય;
ઢેઢવરણમાં દૃઢ હરી ભક્તિ, તે પ્રેમ ધરીને લાગ્યા પાય, ગીરી૦ ૧
કરજોડીને પ્રાર્થના કીધી, વિનતી તણાં બહુ વધારે વચન;
મહાન પુરૂષ મ્હારી અરજ એટલી, મ્હારે આંગણે તમે કરો કિરતન. ગીરી૦ ૨
પ્રેમપદારથ અમો પામિયે વામિયે જનમ મરણ જંજાળ;
કરજોડતામાં કરૂણા ઉપજી, એહેતો વૈષ્ણવ પરમદયાળ, ગીરી૦ ૩
પક્ષા પક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમદૃષ્ટી સર્વ સમાન;
ગૌમુત્રે તુળસી સ્થળ લીંપજો. એવું વૈષ્ણવે આપ્યું વાક્ય દાન. ગીરી૦ ૪
મેહેતાજી નાશાળે આવ્યા, લાવ્યા પરસાદ કર્યો ઉત્સવ;
પોર થયા લગી ભજનજ કીધાં, સંતોષ પામ્યા સૌ વૈષ્ણવ. ગીરી૦ ૫
ઘેર પધાર્યા હરી જશ ગાતા, વાતા તાલ શંખ મૃદંગ;
હસિહસિ નાગરો તાળિયો લે છે, આ શારે બ્રાહ્મણના ઢંગ. ગીરી૦ ૬
મૌન ગ્રહીને મહેતાજી ચાલ્યા, અધવચ રહાને શું કેશું;
જાગ્યાં લોક નર નારી પુછે, મહેતાજી તમે એવા શું. ગીરી૦ ૭
નાત ન જાણું ને જાત ન જાણું. ન જાણું કાંઈક વિચાર;
કરજોડીને કહે નરસઈયો, વૈષ્ણવનો મને છે આધાર. ગીરી૦ ૮

પદ ૧૦૦ મું.

એવા રે એવા અમો એવા રે એવા, તમો કહો છો વળી તેવા રે;
ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તોય, કરશું દામોદરની સેવા રે. એવારે૦ ૧
જેનુ મન જે સાથે બંધાણું, પેહલુ હતુ ઘર રાતું રે;
હવે થયું છે હરિરસ માતું. ઘેર ઘેર હીંડે છે ગાતું રે. એવારે૦ ૨
સઘળા સાથમાં હુ એક ભુંડો, ભુંડાથી વળી ભુંડો રે;
તમારે મન માને તે કહેજો. નેહ લાગ્યો છે મને ઉંડો રે. એવારે૦ ૩
કરમ ધરમની વાત છે જેટલી, તે મુજને નવ ભાવે રે;
સઘળા પદારથ જે થકી પામે. મારા પ્રભુની તોલે નાવે રે. એવારે૦ ૪
હળવા કરમનો હુ નરસઈયો, મૂજને તો વૈષ્ણવ વહાલો રે;
હરિજનથી જે અંતર ગણશે, તેનો ફોગટ ફેરો ઠાલો રે એવારે૦ ૫

પદ ૧૦૧ મું.

મેહેતાની સખી માનબાઈની વીનતી.

સાંભળો ને શામળિયા વાલા, મારે તમથી નથી કાંઈ કાચુ રે;
દુરિજન સહુ મળી આડુ બોલે છે, રખે તે જાણતા સાચુ રે, સાંભળોને૦ ૧

અતરની જાણો અલબેલા, મહેતાજી નાત છે મ્હારરે રે;
સઉ મળીને મુજને સંતાપે, શુ કહીયે વારેવારે રે. સાંભળોને૦ ૨
નાગર સરવે નાત મળીને મહેતાજીનું, નોતરૂં ટાળ્યું રે;
કંઠ કટારીને દેહજ પાડું, જો પ્રભુ સામું નવ ભાળ્યું રે. સાંભળોને૦ ૩
જો મહેતાજી જમવા આવે, મ્હારે તમારે શી માયા રે;
જોર નથી બિજું જગજીવન, પાડીશ મહારિ કાયા રે. સાંભળોને૦ ૪
નાગર સહુ નાહીનાહીને આવ્યા, પહેર્યાં પીતાંબર ભાવ્યાં રે;
એકએક નાગરમાં ઢેડ બેબે, તેવા શામળીયે બતાવ્યા રે. સાંભળોને૦ ૫
અંતરજામીયે અરજ સાંભળી, નાગર જમવા બેઠા રે;
એકાએક કરમાં અસ્થિ લઇને, નાગરમાં ઢેડ પેઠા રે. સાંભળોને૦ ૬
એકએકના મુખ સામું જોયું, આતે શું કહેવાય રે;
નાગર સઉ નાત બહાર રહીશું, હવે કયાં નાશી જવાય રે. સાંભળોને૦ ૭
નાગર સરવે નાત મળીને, કીધો એક વિચાર રે;
જો મહેતાજી જમવા ન આવે તો, નાત નીકળો ગામ બહાર રે. સાંભળોને૦ ૮
ભક્તરાજને જમવા તેડાવો, મન મનાવી લાવો રે;
કૃપાનાથ કૃપાવંત થઇને, હવે તે જમવાને આવો રે. સાંભળોને૦ ૯
નાગર સરવે સાથ મળીને, મહેતાજીને તેડવા પધાર્યા રે;
શું છે મહેતાજી જમવા નથી આવ્યા, વાટ જોઈ જોઇ અમો હાર્યા રે. સાંભ૦ ૧૦
મરડ નથી મહેતાના મનમાં, તેડ્યા તતક્ષણ આવ્યા રે;
માનબાઇનો સ્વામી અધિક શિરોમણ, સઘળા તે ઢેડ સમાવ્યા રે. સાંભળોને૦ ૧૧

પદ ૧૦૨ જું.

પ્રાણુપે મૂને વૈષ્ણવ વહાલા, અહર્નિશ એને ધાઉ રે;
તપ તીરથ વૈકુંઠ તજીને, વૈષ્ણવ હોય ત્યાં જાવું રે. પ્રાણુપે મૂને૦ ૧
અમરીષ મુજને અતીશય વહાલો, દુરવાસાએ માનભગ કીધો રે;
જગત ભગતની રક્ષા કરવા, અવતાર દશવાર લીધો રે. પ્રાણુપે મૂને૦ ૨
બેઠા ગાય ત્યાં ઉભો સાંભળું, ઉભો ગાય ત્યાં નાચું રે;
વઇષ્ણવથી ક્ષણુ નહિ હું અળગો, ભણે નરસઇઓ સાચું રે. પ્રાણુપે મૂને૦ ૩

પદ ૧૦૩ જું.

હરીની ભક્તિ વિના જે જીવે તેનો અફળ ગયો અવતાર;
તુલસીની માળાને તિલકજ પાખે, જુઠા શા શણગાર. હરિની૦ ૧
દશ માસ ઉદર દુઃખ પામ્યો, કીધું કારજ તે ખંભાર;
દેહ ધરી હરીદાસ ના કહાવ્યો, તેની જનુનીને ધીક્કાર. હરિની૦ ૨
વૈષ્ણવ જન વાહાલા નહી જેને, મીથ્યા ગયો તેનો અવતાર;
નરસઈયાના સ્વામી વિના બીજો અનેક ધર્મ મિથ્યા વિચાર. હરિની૦ ૩

પદ ૧૦૪ થું.

ધન્ય ધન્યરે જીવતર વૈષ્ણવનું, જયાં જોઇએ ત્યાં હરિગુણ ગાય;
ચૌદ લોકમાં પહેલી પુજા, નરનારીતે વઈકુંઠ જાય. ધન્ય ધન્યરે૦ ૧
વૈષ્ણવ કેરા ગુણ લક્ષણુ, તિલક છાપ ને તુળસી માળા;

વૈષ્ણવ કેરો વંશ દેખીને, જમકિંકર નાસે તતકાળ. ધન્ય ધન્યરે૦ ૨
જન્મ મરણના ફેરા છુટે, જમ જોખમથી રાખે અંગ;
સંસાર માંહે તે નર છુટ્યા, જેને નિશદિન વૈષ્ણવ સંગ. ધન્ય ધન્યરે૦ ૩
માત પીતા કેરૂં કુળ તારે, પરદેશી પાવન પરિવાર;
ભણે નરસઇયો હરિગુણ ગાતા, પુનરપી તેને નહી અવતાર. ધન્ય ધન્યરે૦ ૪

પદ ૧૦૫—રાગ આશાવરી.

નરસઇયાને કીધી દયા, વૈકુંઠનાથ તે સન્મુખ થયા;
આપી માળ પરમ ઉમંગ, રમાપતિએ રાખ્યા રંગ. નરસઇયાને૦ ૧
પંચ શબ્દ વાજે નિસાન, રાય કરજોડી માગે માન;
રાખો મહેતાજી મહીમાય, નીચો નમીને લાગ્યો પાય. નરસઇયાને૦ ૨
દુષ્ટ થકી દુષ્ટ આળના જા. થોડે દહાડે મ્લેચ્છજ થા;
વૈષ્ણવ જનની નિંદા કરે, નિશ્ચે તે નરકે સંચરે. નરસઇયાને૦ ૩
નિશદિન લેશે હરિનું નામ. તેનાં સઘળાં સરશે કામ;
ભણે નરસૈયો જે સેવા કરે, પુનરપી તે જન નવ અવતરે. નરસઇયાને૦ ૪

પદ ૧૦૬ મું—રાગ પ્રભાત.

તમારી કૃપા હતી મારા વાલા, મુને જે આપો તે થોડું રે;
દીનાનાથ દામોદરનો હું, દાસ થઇ કર જોડું રે. તમારી કૃપા૦ ૧
જયદેવને જે કૃપા કરી તે, સઘળે લોકે જાણી રે,
તેમજ મુજને હાર આપ્યા તે, તમારી કૃપા ગણાણી રે. તમારી કૃપા૦ ૨
ધન્ય કેદારને ધન્ય એ માળા, ધન્ય આશાવરી રાગે રે;
ભણે નરસૈયો ભલે અવતરીયા, કૃષ્ણ ભજ્યાનો લાગ રે. તમારી કૃપા૦ ૩

પદ ૧૦૭ મું—રાગ ગોડી.

મંડળીક આવી લાગ્યો પાય, ક્ષમા કરો કે મંદમતી રાય;
પ્રલંબ પ્રધાન વિનય બહુ કરે, સીંચો નયણે નિરજ ભર. મંડળીક૦ ૧
ભીપાત સરવે મેહેતાજીને નમ્યા. અમો અતિશય તમને દમ્યા;
અમે અજ્ઞાન થયા મહારાજ, રાખી દામોદરે તમ લાજ. મંડળીક૦ ૨
ભીમ મહેતાજીને પ્રણામજ કરે. શન્યાસી વિનય વચન ઉચરે;
દેશી નાગર ધેરજ ગયા, વૈષ્ણવ સરવ રળીઆતજ થયા. મંડળીક૦ ૩
એ હરિજનનો મહિમા રહ્યો, રાય મંડળીક પોતે લહ્યો;
સભા સર્વે જન બોલે પેર. મહેતાજી પધારો ઘેર મંડળીક૦ ૪
સખીઓ સહીત ઉઠયા તેણીવાર, સર્વે બોલે ત્યાં જયજયકાર;
મેહેતાજી આવ્યા મંદીર માંહે, વૈષ્નવ જને વધાવ્યા ત્યાંહે.
નરસઇયો કહે જપો હરિ નામ, દામોદરને કરો પ્રણામ. મંડળીક૦ ૫

પદ ૧૦૮ મું—રાગ આશાવરી.

સંવત પંદર બારોતરામાં, ચૈત્ર શુદ સપ્તમી રવીવાર રે;
અતિ આનંદે માળા ગાઈ, નરસઇઓ ઉતર્યો ભવ પાર રે. સંવત પંદર૦ ૧
વૈધ્રત વ્યતીપાત એકાદશી દીન, વૈષ્ણવ મુખ સંભળાય રે;
અગમ અગોચર પાતક જેનાં. તે સઘળાં બળી જાય રે. સંવત પંદર૦ ૨

જે જન સાંભળે ભાવે કરીને, નરનારી દુખીયાં ન થાય રે;
ભણે નરસૈયો તે વૈકુંઠમાં, ગરૂડે થઈને જાય રે. સંવત પંદર૦ ૩

ઇતિ હારમાળાના પદો સંપુર્ણ.

પદ ૧૦૯ મું રાગ રામગ્રી.

પઢારે પોપટ રાજા રામના, સતી સીતા પઢાવે;
પાસે બંધાવી પાંજરૂં, મુખે રામ જપાવે; પઢારે પોપટ૦ ૧
પોપટ તારે કારણે, લીલા વાંસ વઢાવું;
તેનું ઘડાવું પોપટ પાંજરૂં, હીરા રત્ને જડાવું. પઢારે પોપટ૦ ૨
પોપટ તારે કારણે, શી શી રસોઈ બનાવું;
સાકર કેરાં ચુરમાં, ઉપર ઘી પિરસાવુ. પઢારે પોપટ૦ ૩
પાંખ પિળીને પગ પાંડુરા, કોટે કાંઠલો કાળો;
નરસઇયાના સ્વામીને ભજો, રાગ તાણી રૂપાળો. પઢારે પોપટ૦ ૪

પદ ૧૧૦ મુ.

કોણ એ સમાનાં કામની, દંત કુળીયલ રામા;
દ્રુપદીની લજ્જા રાખવા, હરી ઉભા છે સામા. કોણ૦ ૧
વાલોજી ગયાતારે વાડીએ, સરવે સુંદરી સાથે;
શેલડીના સાંઠા છોલતા, છરી બેઠી છે હાથે. કોણ૦ ૨
આનિતી મંદીર પધારીયાં, ચીંથરડી રે લેવા;
દ્રુપદીએ ચિર વધેરિયો, હરિને પાટો બાંધવા. કોણ૦ ૩
ત્રીકમે તેના તાંતણા, લખિ રાખ્યા છે લેખે;
નવશે નવાણું ચીર પુરીયાં, સઘળી સભા રે દેખે. કોણ૦ ૪
ગરૂડે ચડીને ગોવિંદ આવિયા, આવ્યા અંતરજામી;
ભક્ત ઉદ્ધારણ ભુદરા, મેહેતા નરસઇનો સ્વામી. કોણ૦ ૫

પદ ૧૧૧ મું.

આવો અમારે દેશડે, મિઠા મોહન માવા;
દહિ દુધને વળિ ઘ્રત ઘણું, ખિરમાં ખાંડ ખાવા. આવો અમારે૦ ૧
રસોઇ કરી ભાત ભાતની, કાન તમારે કાજે;
પ્રિતમ પ્રિતે પધારિયે, કૃપા કરીને આજે. આવો અમારે૦ ૨
ગંગાજળ મેં ગરમ કરયું, નાથ તમારે નાવા;
આપું પિતાંબર પહેરવા, ચાલો પ્રસાદ પાવા. આવો અમારે૦ ૩
અરજ સુણી અલબેલડો, પ્રેમે આવ્યા છે ધાઇ;
ગોપીયો દેખી ઘેલી થઇ, અતિ મન હરખાઇ. આવો અમારે૦ ૩
ભાવે ભોજન જમાડીયાં, બીડિ પાનની દીધી;
ઘણા દિવસની ગોઠડી, કાન આગળ કીધી. આવો અમારે૦ ૫
પ્રેમની સાંકળે બાંધીયા, હવે નહી દેઉં જાવા;
નરસઇના સ્વામિ સામળા, ચાલો ગોકુળ માવા. આવો અમારે૦ ૬

પદ ૧૧૨ મું.

સુખ દુખ મનમાં ન આણીયે, ઘટ સાથે રે ઘડીયાં;

ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડીયાં. સુખ દુઃખ૦ ૧
નળરાજા સરખો નર નહિ, જેને દમયંતી રાણી;
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યા અન્ન ને પાણી. સુખ દુઃખ૦ ૨
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રોપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિંદ્રા ન આણી. સુખ દુઃખ૦ ૩
સીતાજી સરખી સતિ નહિ, જેના રામચંદ્ર સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતિ મહા દુઃખ પામી. સુખ દુઃખ૦ ૪
રાવણ સરીખો રાજીઓ, જેને મંદોદરી રાણી;
દસ મસ્તક છેદાઇ ગયાં, બધી લંકા લુટાણી. સુખ દુઃખ૦ ૫
હરિચંદ્ર નૃપ સત્યવાદી તા, જેની તારા લોચની રાણી;
તેને વિપત પડી ઘણી, ભરિયાં નિચ ઘેર પાણી. સુખ દુઃખ૦ ૬
સગાળશા શેઠ વસ્તા હતો, જેની ચંગાવતી રાણી;
કુવર કેલૈયો વધેરી ગયો, નયણે નાખ્યાં પાણી. સુખ દુઃખ૦ ૭
શીવજી સરખા તપસી નહિ, જેને પાર્વતી રાણી;
ભેળવાયા ભીલડી થકી, તપમાં ખામી આણી. સુખ દુઃખ૦ ૮
હનુમાન સરખો મહાજતી, જેને વંદે કપીઓ,
જાણ્યું તું રાજ આપશે, આપ્યો તેતો કુપીઓ. સુખ દુઃખ૦ ૯
દુઃખ પડ્યું સર્વ દેવને, સમર્યા અંતરજામી;
ભક્તવત્સળ છે શ્રીહરી, મહેતા નરસૈંના સ્વામી. સુખ દુઃખ૦ ૧૦

પદ ૧૧૩ મુ.

ગુરૂપદ વંદી રે વાણી ઓચરૂં રે, હું છું બાળક અબુધ અજાણ;
અપરાધ માગું રે માં જો ના દયાનીધી રે, બોલ્યું અબોલ્યું કરજો પ્રમાણ. ગુરૂ૦ ૧
ભવસાગરમાં રે ગુરૂનાવે હું ચડ્યો, સહેજમાં આવ્યો સાગર પાર;
હોડીને હિંસ્યા તોયે; મુજને નવ નડ્યા રે, સદગુરૂ નાવક હોઇ હુંશીઆર. ગુરૂપદ૦ ૨
વેપાર તો કીધો રે હરિ નામનો રે, કીધા ગુરૂ ગુણી દલાલ;
માલ વહોરાવ્યા રે મુગમ ગાંધા કરી રે, આ ભવમાં કીધા ન્યાલ. ગુરૂપદ૦ ૩
ગુરૂ મહીમાનો રે પાર હું કયમ લહું રે, થાકી સરસ્વતીને થાક્યા વેદ;
શિવ સનકાદિક રે વરણી નવ શક્યા રે (ભલે) ભારે ગુરૂ ગુણનો ભેદ. ગુરૂપદ૦ ૪
ગોવિંદથી અદકારે સદગુરૂ ગુણનીધી રે, અધમ ઉધારણ કહેવ નામ;
તનમન અરપી રે સેવા સદા કરૂં રે, નમિ નરસીંહ કરે છે પ્રણામ. ગુરૂપદ૦ ૪

પદ ૧૧૪ મું

એક તું એક તું એમ સૌ સ્તવે, કોણ હું તે નહિ કો વિચારે;
કોણ છું ક્યાં થકી આવિયો જગ વિશે, જઇશ ક્યાં છુટશે દેહ ત્યારે. ૧
પ્રતિદીને જડ કને જઇ કરી યાચતો, દશ તું સહાય થાજે સદા રે;
તોય પણ દુઃખ તો લેશ ટળતું નથી, મથી મથી થાકતો તું કદા રે. ૨
કોઇ તો ઉર્ધ્વમુખ ગગનમાં તાકતો, ભાખતો જોઉં હું નમ્ર વાણી;
કોણ હું કો કને માગું શા હક થકી, તે નથી જાણતો મુરખ પ્રાણી. ૩
એમ કરતાં કદી લાભ જો પામિયો (તો) કહે હરી તણી સાહ્ય થઇ રે;
કાગ ઉપસ્યા થકી ભવિષ્યને ભાંડતો, પુર્વના કર્મનું નામ લેઇ રે. ૪

પુર્વનકર્મ જો હરિ ભજે નવ રળે, તો કહો કોણ તે કામ કરશે;
સત્ય સમજી કહિ ધર્મ પદ પરખશે, ભવભવ કર્મને તજ હરશ. ૫
આકના વૃક્ષથી આમ્રફળ દેખવા, મુરખો જો કદી આશા ધરશે;
એમ વ્યથા તેહનો તો જઈ જગ વિશે, જ્ઞાન હિણો સદા તેજ ઠરશે. ૬
જીવ ઇશ્વર અને બ્રહ્મના ભર્મમાં, સત્ય વસ્તુ નહિ સત્ય જડશે;
હું અને તુ પણું તજીશ નરસિંહ તો, ગુરૂ કૃપાથી તું પાર પડશે. ૭

પદ ૧૧૫ મુ—રાગ મલાર.

ઉલીરે આળસ મોડે આ જોને ઉલી રે આળસ મોડે. આ જોને૦ ૧
આછો સાળુ શીરપર ઓઢયો રંગ ભર્યા છે ઘોડે ઘોડે. આ જોને૦ ૨
ચરણમાં નેપુર ઝુમ ઝુમ બોલે, હિંડે છે વાંકે અંબોડે. આ જોને૦ ૩
સોનાની ઝારી સ સ સમારિ, માંહિ નીર ગંગાજળ જોડે. આ જોને૦ ૪
મહેતા નરસયાને પાણિ પાવા, મારા વાલાજી આવ્યા હોડે. આ જોને૦ ૫

પદ ૧૧૬ મું.

મોહ્યા છે મુનિવર રાય રે ગોરી તારે તાળુડે મોહ્યા છે મુનિવર રાય રે.—ટેક.
રૂપ સહોમણ દીસે છે સુંદરી, આઘ ઈશ્વરી મોટી માયા રે. ગોરી તારે૦ ૧
આ રે વણ તને ક્યારે સુશાવી, સણગટ વાળંતા સુથારી;
આ કંચુકી તને ક્યારે સિવડાવી, ચાંદુ છે વ્રજ કેરિ નારિ રે. ગોરી તારે૦ ૨
રૂમઝુમ રૂમઝુમ નેપુર વાજે, ઘુઘરીયો ઝાંઝ ઘમકે રે;
હાર ગળામાં એકાવળ સોહે, ગગનમાં વિ ળી ચમકે રે. ગોરી તારે૦ ૩
નિ.વટ આડ કેસરની કિકી, ભ્રકુ મહુ ટિ ડિ કરલી રે;
આંખલડી તારી અતિ અણીયાળી, લીંલામાં હારે લાગ ઘેલી રે. ગોરી તારે૦ ૪
ચંચળ દ્રષ્ટે ચારે દિશા જોતી, ચિત ચોરવાનો છે ચાળો રે;
નહિ અબળા એ મહેતા નરસૈંનો, સ્વામિ સુંદર વદન નિહાળો રે. ગોરી૦ ૫

પદ ૧૧૭ મું

હરિ આવ્યા છે નારીને વેશે રે, એને કોઇ જુએ રે;
શિવ બ્રહ્મા જેનું ધ્યાન ધરે છે. એને કેમ ઉપજે મુવો રે. એને૦ ૧
માત પિત એના મનમાં વિમાસે, એ કંહાંથી આવી અર્થી રે;
અચરત સરખુ સહુકોને થાય, એતો જાણી આ કયાંથી આવી રે. એને૦ ૨
ભાઈ પોતાનો તતક્ષણ ઉઠીયા, આવ્યા મંદિર જાણી રે;
રતનબાઇ ઘરમાં વ્યાકુળ ફરે છે, હતા વિના જાતાં તને પાણી રે. એને૦ ૩
પુત્રીને પરમેશ્વર જાણી, સદા મહેરે આણી રે;
અંતરધ્યાન થયા અ.બે ત, ત્યારે વાત સરને જાણી રે. એને૦ ૪
જયજય કાર થયો જુગ અંતર સહુને, હરખ વાધ્યો. ઘણો હૈયે રે.
માનબાઇના સ્વામિના સંગે રહેતાં, એના ચરણ કમળમાં રહીયે રે. એને૦ ૫

જમુના નદીમાં કૃષ્ણ પડયા ત્યાર નાગણી પ્રભાત.

પદ ૧૧૮ મું.—રાગ પ્રભાત.

જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે, અને બાળ હત્યા લાગશે. જળકમળ૦ ૧
કેહેરે બાળક તું મારગ ભુલ્યો, કે તારા વેરીએ વળાવીયો;

નિશ્ચે તારૂં કાળજ ખુટયો, અહીંયાં તે શીદ આવીયો. જળકમળ૦ ૨
નથી નાગણ હું મારગ ભુલ્યો, નથી મારા વેરીયે વળાવીયો
મથુરા નગરીમાં જુગટુ રમતાં, નાગનું શીશ હારિયો. જળકમળ૦ ૩
રંગે રૂડો રૂપે પુરો, દિશતો કોડીલ કોડામણો;
તારી માતાએ કેટલા જનમ્યા, તેમાં તું અળખામણો. જળકમળ૦ ૪
મારી માતાએ બેજ જનમ્યા, તેમાં હું નટવર નહાનડો;
જગાડ તારા નાગને, મારૂ નામ કૃષ્ણ કહાનડો. જળકમળ૦ ૫
લાખ સવાનો મારો હાર આપુ, આપૂરે તુજને દોરીયો;
એટલું મારા નાગથી છાનુ, આપુ તુજને ચોરીયો. જળકમળ૦ ૬
શું કરૂં નાગણ હાર તારો, શું કરૂં તારી દોરીયો;
શાને કાજે નાગણ તારે, કરવી ઘરમાં ચોરીયો. જળકમળ૦ ૭
ચરણ ચાંપી મુંછ મરડી, નાગણે નાગ જગાડીયો,
ઉઠોને બળવંત કોઇ બારણે, બાળક આવીયો. જળકમળ૦ ૮
બેઉ બળીયા બાથે વળગ્યા, કૃષ્ણે કાળીનાગ નાથિયો;
સહસ્ર ફેણે ફુફવે જેમ, ગગન ગાજે હાથીયો. જળકમળ૦ ૯
નાગણ તો વિલાપ કરે જે, નાગને બહુ દુઃખ આપશે;
મથુરાં નગરિમાં લઈ જશે, પછી નાગનું શીશ કાપશે. જળકમળ૦ ૧૦
બેઉ કરજોડીને વિનવે સ્વામી, મુકો અમારા કંથને;
અને અપરાધી કાંઇ ન સમજ્યા, ન ઓળખ્યા ભગવંતને. જળકમળ૦ ૧૧
થાળ ભરી શગમોતીયે, શ્રી કૃષ્ણને રે વધાવિયો,
નરસૈયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવીયો. જળકમળ૦ ૧૨

કૃષ્ણના મેળાપ વિષે.
પદ ૧૨૦ મું.

હળવે હળવે હળવે હરજી, મારે મંદીર આવ્યા રે;
મોટે મોટે મોટે મેતો, મોતીડે વધાવ્યા રે. હળવે હળવે૦ ૧
કીધું કીધું કીધુ મુજને, કાંઇક કામણ કીધું રે;
લીધું લીધું લીધું મારૂં, ચિતડું ચોરી લીધું રે. હળવે હળવે૦ ૨
જાગી જાગી જાગી હું તો, હરિમુખ જોઇ જાગી રે;
ભાગી ભાગી ભાગી મારા, ભવની ભાવટ ભાગી રે. હળવે હળવે૦ ૩
ફુલી ફુલી ફુલી હું તો, હરિમુખ જોઇ ફુલી રે;
ભુલી ભુલી ભુલી મારા, ઘરનો ધંધો ભુલી રે. હળવે હળવે૦ ૪
પામી પામી પામી હું તો, મહાપદવીને પામી રે;
મળિયો મળિયો મળિયો મહેતા, નરસઈયાનો સ્વામી રે, હળવે હળવે૦ ૫

ભક્તોના માન રહેવા વિષે.
પદ ૧૨૦ મુ.

વાસ નહી જ્યાં વઢ્ઢણવ કેરા ત્યાં નવ વશીયે રાતડીયાં;
શ્વાસોશ્વાસે હરિ સમરણ ન કરે તો, શ્વાસ ધમણ કેરી શ્વાસડીયાં. વાસ નહિ૦ ૧
જીભલડી જપમાળા ન જપે તો, જીભલડી તહિં ખાંસડીયા;

નમ તેનો નહી લેખામાં જે, ન કહેવાય હરી દાસડીયાં. વાસ નહી૦ ૨
મોહનજીની માયા પેખો, અવર માયા જેમ ફાંસડીયાં;
ભણે નરસઇયો ભારે મારી, માવલડી દસ આંસડિયાં. વસ નહી૦ ૩

ભક્તને તજવા વિશે.

પદ ૧૨૧ મુ.

નારાયણનું નામજ લેતાં, વારે તેને તજીયે રે;
મનસા વાચા કર્મે કરીને, લક્ષ્મીવરને ભજીયે રે. નારાયણનું૦ ૧
કુળને તજીયે કુટુંબને તજીએ તજીએ માને બાપ રે;
ભગની સુત દારાને તજીયે, જેમ તજે કંચુકી સાપ રે. નારાયણનું૦ ૨
પ્રથમ પીતા પ્રહ્લાદે તજીયો, નવ તજીયું હરીનું નામ રે;
ભરત શતરૂધ્ને તજી જનેતા, પણ નવ તજીયા શ્રી રામ રે. નારાયણનું૦ ૩
રૂષી પત્નીએ શ્રી હરીને કાજે, તજીયા નીજ ભરથાર રે;
તેમાં તેનું કાંઇએ ન ગયું, પામી પદારથ ચાર રે. નારાયણનું૦ ૪
વ્રજ વનીતા વીઠ્ઠલને કાજે, સરવ તજી વન ચાલી રે;
ભણે નરસઇયો વનીતા સર્વે, વંદ્રાવનમાં માહાલી રે. નારાયણનું૦ ૫

પદ ૧૨૨ મું.

દુર મતીયાં ડાહ્યાં થઈ આવે, શાણા થઈ સમજાવે રે;
પ્રેમ ભક્તીમાં ભંગ પડાવે, અજ્ઞાન આગળ લાવે રે. દુર મતીયાં૦ ૧
આપણા કુળમાં કોણે ન કીધું, તે આપણે કેમ કરીયે રે;
વૈરાગી થઈ નાચ કરીયે, તુલસી તીલક કેમ ધરીયે રે. દુર મતીયાં૦ ૨
જેવા તેવા હોય તે હરીગુણ ગાયે, તે આપણ કેમ ગાઇયે રે,
કૃષ્ણ નામની કથા થાય જયાં, ત્યાં આપણે શીદ જઇયે રે. દુર મતીયાં૦ ૩
પાપ કલેશ ક્રોધના ભરીયા, સઘળાને સમજાવે રે;
જમ કીંકરનો મારજ પડશે, ત્યારે આડે કોઇ નહીં આવે રે. દુર મતીયાં૦ ૪
કુળને તજશે ને હરીને ભજશે, સહેશે સંસારનું મેણું રે;
ભણે નરસઇયો હરી તેને મળશે, બીજી વાતે વાહાશે વાહાણું રે. દુર મતીયાં૦ ૫

ઇશ્વિર જાણવાના ઉપદેશ વિષે.

પદ ૧૨૩ મું.

જુવાનીને દહાડે રે હરીને જાણ્યા નહી રે, મોહ્યું પરદારા સાથે મન;
કાંઈકતો મોહ્યા રે કામની કદપમાં રે, કાંઈ એક જોડવા ધાયો ધન. જુવાનીને૦ ૧
પચીસને પચાસ રે પરપંચમાં વહી ગયાં રે, દોહીલા આવ્યા રે સાઠ વર્ષના દન;
સીતેરતે સુધી રે કાંઈ સમજ્યો નહી રે, પછે ચાલ્યો સાધન કરવા વન. જુવા૦ ૨
આંખડીયે ન સુઝે રે ગળે બહુ નાસીકા રે, બોલે તેતો સંભળાય નહી કરણ;
માયા તો ન મુકે રે તુટે નહી તૃષ્ણા રે, ઓળખાય નહી અશરણ શરણ. જુવા૦ ૩
હાથમાં લાકડી રે ચરણ ચાલે નહી રે, તુટીને શીથળ થયું છે તન;
મુખમાંહી રે દંત એકે દીસે નહી રે, તોય પાપી ઉદર માગે અન. જુવા૦ ૪
ભાગ્ય જેનું ભલું રે આ અવસરને ઓળખ્યોરે, તે તો પ્રાણી કહેવાયે હરીના જન;
નરસઈયાના સ્વામીનેરે, સુખમાં સંભાળજોરે, જો હોય પેહલા ભવનું પુન્ય. જી૦ ૫

દ્રૌપદી પ્રાર્થના કરે છે.

પદ ૧૩૪ હું

દ્વારકાંના વાસી રે અવસરે આવજો રે, રાણી રૂખમણી કેરા કંથ,
દુષ્ટ દુરજોધન રે લાગ્યો મને પીડવા રે, પ્રભુ મારા ચૌદસ ન્યારુ તારો પંથ. દ્વા૦ ૧
સોડ તાણીને રે શું સુતો શામળા રે, આળસ મરડીને ઉઠો આજ;
લક્ષ્મીજી તળાસ પાવન તારાં પાવલાં રે, અમપર મહેર કરો મહારાજ. દ્વા૦ ૨
આહુને નક્રો રે ગજ થકી મુકાવીયો રે; કીધી તમે ગુધનવાની સહાય;
નરસીંહ રૂપે રે હીરણ્યકશ્યપુ હણ્યો રે, પ્રહલાદ ઉગાર્યો લાગો પાય. દ્વા૦ ૩
છપન કરોડ રે જાદવ તાહારા રે, સાથે બળીભદ્ર સરીખા ભ્રાત;
કાળીનાગ નાથ્યો ર જરાસંઘ જીતીયો રે, તે બળ ગયું ત્યાં મારા નાથ. દ્વા૦ ૪
વસમી વેળા મારે રે વારે ચડો વીઠલા રે, ધાજો તમે છત્રપતિ નીરધાર;
અસવારી કરજો રે ગરૂડની ઉપરે રે, નરસઇયો વીનવે વારંવાર. દ્વા૦ ૫

તાનસેન.

પદ ૧ હું રાગ પ્રભાત.

ઉઠ પ્રભાત સમરને તુ શ્રી ગણેશદેવા, પ્રાત:સમય સમરીએ તું શ્રીગણેશ દેવા. ટેક.
માતા જીનકી પારવતી, પીતા શંકર દેવા;
નામ લેતા વિધ્ન હરે, સફલ જાકી સેવા ઉઠ પ્રભાત૦ ૧
એક દંત દયાવંત, સુંદર ચાર ભુજા ધારી;
મસ્તકે સીંદુર સોહીયે, મુષકની અસ્વારી. ઉઠ પ્રભાત૦ ૨
ચડનેકુ પાન ફુલ, ખાનેકુ મેવા;
સકલ સૃષ્ટી તુમકું રટે, શકર મહાદેવા. ઉઠ પ્રભાત૦ ૩
સંગ સુધ બુધ બે નારી, સમરણ નીત્ય કરે;
નામ તાકો નીત્ય લિજે, સરવ વીઘ્ન હરે. ઉઠ પ્રભાત૦ ૪
કનક થાલ મુક્તા માલ, જાય સતે વારી;
તાનસેન ગજાનન, ગાવત સુખકારી. ઉઠ પ્રભાત૦ ૫

લાલભટ.

શ્રી અંબાજી અને બહુચરા માતાની પ્રભાત સ્તુતી વીશે.

પદ ૧ હું. રાગ પ્રભાત.

ઉઠોને અંબીકા સહાય કરો બહુચરા, ભગતને કારણે આવો ધાઈ;
આદ્ય તું અંત્ય તું મધ્ય માહેશ્વરી, તારણી ત્રિપુર સુખદાઈ. ઉઠોને૦ ૧
જ્ઞાનમાં ધ્યાનમાં સઘળે વ્યાપી રહ્યા, તાહારા રૂપપર જાઉં વારી;
અંબા અકળીત છો કોઈ કળે નહી, કીરતી ગાય છે દુનીયા રે સારી. ઉઠોને૦ ૨
વીલંબ કર્યા થકી વાત વણસે ખરી, જગતમાં શક્તિને કોણ માપે;
જાઓ. વેગે કરી દુખ સરવે હરી, ભક્તિ સુધાપાન મુજને કોણ આપે. ઉઠોને૦ ૩
કલીકેરા કાલમાં શક્તી છે તું ખરી, ભક્તની વાર તે કોણ કરશે;
જગત જનીતા તમે ઝાઝું સુખ શું કહું, તુજવિના દુઃખ મારાં કોણ હરશે. ઉ૦ ૫
અવસર ચુકેથી અરથ કાંઈ નવ સરે, તાહરા ભક્તની લાજ જાશે;

રણછોડના તારો એક તારો સદી. નીય ઉઠને ચરણ કોમુ ગાશી.   ઉઠોને૦ ૫
અસ્વારી કરી ત્રિશુલ કરમાં ધરી, ચોસઠ જોગણી સંગ લાવો;
જગદી આજ આનંદ ઉમંગ ભરી, નીજને જાણીને વેગે આવો.   ઉઠોને૦ ૬
ભાવ ભક્તી ભરી દાલકર વીનો, સુજને દરસન નીત્ય આલો;
સત્ય વિશ્વાસ સંસારમાં તાહરો, ત્રિવિધ તાપ તનનાજ ટાલો.   ઉઠોને૦ ૭

પદ ૨ જુ.

ઉઠને આતમા અંગ આળસ તજી, આદ્યને ચંડીકા ચરણ જોને;
શું સુતો સેજમાં સુરજ ઉગીઓ, દેશા દેણીને દુઃખ ખોને.   ઉઠને૦ ૧
પ્રાણિયા પ્રાતશકાળમાં નાહી ધોઈને, ભસ્મ રૂદ્રાક્ષ ધરને;
ગોખમાં બાળીને ભગવતી ભાળીને, પ્રેમશુ પાઠ પૂજા તુ કરને.   ઉઠને૦ ૨
દૂધ દહી મધુ ઘ્રત લેઇને શર્કરા, નીરમળ નીરથી અગ ધોને;
કુમકુમચંદન પ્રેમશું ચર્ચીને, પ્રગુમીને આરતી ગાયું જોને.   ઉઠને૦ ૩
આરતી ઉતારીને સમરણી માટને, ધુપને દીપ નીવેદ કરને;
મનતણા કોડ પુરણ થાશે સદી, સાચે મને કરી ધ્યાન ધરને.   ઉઠને૦ ૪
જોશી જીવન સુત જીવને શીખવે, કામને ક્રોધ તું વેગે તજને;
લોભ મદના મોહ મત્સર પરહરી, ભાવે કરી ભવાનીને ભજને.   ઉઠને૦ ૫

સુરદાસ.

શ્રી મહાદેવજી શ્રી બાલકૃષ્ણજીના દરશન કરવા આવ્યા તે સમયનું.

પદ ૧ લું.- રાગ પ્રભાત.

જીભલડી રે તુને હરીગુણ ગાતાં, આવડું આળસ કયાંથી રે—એ રાગ.

શીવ જોગી જશ ગાવો રે બાવા, મે જોગી જશ ગાયો રે.   ટેક
બ્રહ્મા ગાયો વિષ્ણુ ગાયો, ખોજત પાર ન પાયો રે;
પારબ્રહ્મ કો મુખ દેખનકું મેં, સકલ સૃષ્ટી ફીર આયો રે.   શીવ જોગી૦ ૧
દેવકી જાયો ગોકુલ આયો, જશોમતી મહા સુખ પાયો રે;
કૈલાસેથી આવ્યા રે દીગંબર, આયકે અલખ જગાયો રે.   શીવ જોગી૦ ૨
ભીક્ષા લેકર આઈ નંદરાણી, શંકર શીશ ધુણાયો રે;
નગ્ન દેખકર ગઇ રે ભુવનમાં, આયકે અમર ઓઢાયો રે.   શીવ જોગી૦ ૩
કયા કરૂં મૈયા તેરા પાટ પિતાંબર, કયા કરૂં કંચન માયા રે;
તેરા બાલકકા મૂખ દેખનકુ, સો મેરા ગુરૂને બતાયા રે.   શીવ જોગી૦ ૪
હાથ જોડકે ખડી નંદરાણી, સુનો જોગિયાં કે રાજા રે;
બાલકકો વદન દેખાઉં દીગંબર, બાલક જાત ડરાયા રે.   શીવ જોગી૦ ૫
જાકી દ્રષ્ટી હે સકલપર, સો કયુ જાત ડરાયો રે;
મેરે ઠાકુર અલક નિરંજન, સો કયું ભુવન છુપાયો રે.   શીવ જોગી૦ ૬
બાલકૃષ્ણ લે આઈ નંદરાણી, શંકર શીશ નમાયો રે;
સેવા કરી ચરણામૃત લીનો, સીંગી નાદ બજાયો રે.   શીવ જોગી૦ ૮
સકલ કુસો માઇ બાલક તેરો, દેખ શંકર સુખ પાયો રે;
સુર કહે બડો ભાગ્ય જશોદા, પુરણ પુન્યસે પાયો રે.   શીવ જોગી૦ ૯

(આશારામ)

રણછોડજીની સ્તુતિ વિષે.

પદ ૧ લું.—રાગ પ્રભાત.

પ્રભાતના પહોરમાં દીઠા ડાકોરમાં, ઠીક ઠાકોર શું મન મોહ્યું;
રણછોડરાય છે ભક્ત જોવા જાય છે, ગોમતી ગંગમાં અંગ ધોયું. પ્રભાત૦ ૧
ગોમતી ઘાટમાં હરી મળ્યા વાટમાં, સેજમાં શામળે સામું જોયું;
નરહરી નીરખીયા પ્રેમથી પરખીયા, પલક એકમાં પાપ ખોયું. પ્રભાત૦ ૨
દૈવત દેખાડીયાં ચૌદ રત્ન કહાડીયાં, કામધેનું કેરૂં દુધ દોયું;
વેદની વાતમાં સમુદ્રના સાથમાં, નાગને નેતરે નિર વલોવ્યું. પ્રભાત૦ ૩
બોડાણાજી લાવીયા ડંકપુર ભાવીયા, સર્વના મનમાં શુભ શોયું;
સ્વામી આશારામના નવ ખંડ નામના, શામલે ચીતમાં ચીત પ્રોયું. પ્રભાત૦ ૪

રામકૃષ્ણ.

આજ આનંદના ઓઘ ઉદય થયા, નાથ રણછોડજી નજરે નીરખ્યા;
પુણ્ય પુર્વના ઉદય થયા, ચૌદશ દેવને પીત્રી હરખ્યા. આજ૦ ૧
ગોમતી સાગર પતીત જન પાવન. તે તણી લેહેરમાં રેણુ ધુવે;
વેદમાં શેઠ બેઠા સુરીનરતણા, ભેટવા ભક્ત જન વાટ જુવે. આજ૦ ૨
સકલ તીરથ હરી ચરણ કમળ વીષે, છેજી હરજી અતી શામ વરણે;
રામકૃષ્ણ રંકને પ્રભુ કેરો આશરો, પંથ છે દુર પણ ચીત ચરણે. આજ૦ ૩

છોટમ.

ખેડા જીલ્લાના મલાતાજ ગામના વાસી પરમ પવીત્ર ભક્ત.

પ્રભાત રાગનાં કીર્તન.

કીર્તન ૧ લુ.

જાગ્યને જીવ તું અજ્ઞાન આળસ તજી. જગત કરતાને લેને જાણી;
નરદેહ નીરમીયો નીતી સંભાળવા, આચરે અનીતી તે અધમ પ્રાણી. જાગ્યરે૦ ૧
વિશ્વકર્તા તણું દીસ ડહાપણ ઘણું, સુખકર સરજીયો સુરજ જેણે;
તેજ દેસે અતી વાયુ છાદનવતી, આંખ્ય સહુ દેખતી થાય એણે. જાગ્યરે૦ ૨
ધન્ય દયાળને ધરણી કેવી રચી, સીદ્ધ પદારથ યુક્તી સારી;
વિવીધ પ્રકાર વનમાંહી વનસ્પતી, અખીલ છે અમીત આનંદકારી. જાગ્યરે૦ ૩
પોષવા સરવને નીર પેદા કરયું, વ્યોમમહી રચી મેઘમાળા;
ચંદ્ર આકર્ષણે સિંધુ ભરતી ચડે, જાય એ જુક્તીથી વહાણવાળા. જાગ્યરે૦ ૪
જોતીશ ચક્ર તું જોને આકાશમાં, દીસતા દીવ્ય અનંત તારા;
એજ ઉપયોગી છે સંસારને, ધન્ય હે સૃષ્ટી સરજનાર મહારા. જાગ્યનેરે૦ ૫
તાહારો દેહ તું જોને કેવો કરયો, અદ્ભુતતા ઘણી છેજ એમાં;
સર્વ વિષયોતણું જ્ઞાન બહુજ થાય છે, તવ મોઢું કરયું ચીત તેમાં. જાગ્યનેરે૦ ૬
બુદ્ધીયે નીશ્ચય થાય બહુ વાતના, એ થકી અધીક ઉદયોગ સુજે;
એજ સરજનારને મૂઢ સમરે નહી, મંદમતી મલીન પાખંડ પુજે. જાગ્યનેરે૦ ૭
સરજનહારનું જ્ઞાન સોહામણું, સરવને સમજવા યોગ્ય સારૂં;
છોટમ સદા સંસારથી ઉધરે. વચન સુવીચારથી માને મારૂં. જાગ્યનેરે૦ ૮

કીર્તન ૨ જું.

રે રાખે નિરાધારનો, જેથી સંસાર તું પાર પડશે;
વાતથી કાજ કોઈ નવ સરે, તોય મથતા કયમ તુજ જડશે. એક૦ ૧
સર્વથા સિદ્ધ પદારથ મેળવી, કેળવી સ્થિરચર જાતિ કીધી;
અગણિત અંડ કરી અધર ધરી રાખીયાં, મનુષને સુંદર મુર્તી દીધી. એક૦ ૨
શક્તિ અનંત છે સરવ કરતા તણી, જોતાં અગાધ છે જ્ઞાન જેનું;
કવિજન શું કહે પાર કોઈ નવ લહે, એમ અદભુતપણું છેજ એનું. એક૦ ૩
એક એ તાત છે અખિલ સૃષ્ટિતણો, તે તજી તુચ્છ તું શું ઉપાસે;
પાપના ઢગ તે કેમ પ્રલે થશે, અંતકાળે કિહાં જીવ જાશે. એક૦ ૪
જીવતાં જાણ્ય તું તાણ્ય સરવે તજી, ભાવશું લે ભજી બ્રહ્મ કરતા;
છોટમ સત્ય જાણીને રૃદયે ધરો, ભક્તવત્સલ પ્રભુ સરવ ભરતા. એક૦ ૫

કીર્તન ૩ જું.

ભેદ જાણ્યા વિના ભ્રાંતિ ભાગે નહીં, શાંતિ આવ્યા વિના સુખ ન પામે;
જગતનું મુળ જાણીને અવ્યક્તમાં, ભક્ત પ્રભુને ભજી ભય વિરામે. ભેદ૦ ૧
હેતુમાં સર્વ સંકેત સૃષ્ટિતણો, એજ સૃજનાર સુવિચાર શક્તિ;
અરૂપથી સ્વરૂપ બહુ થાય ન જણાય તે, કયાં રહીને હરે સર્વ વ્યક્તિ. ભેદ૦ ૨
દેહ જાણી ઘણી કોણ શકશે ગણી, કથન કવિજન કરે હોય કલપી;
અણુંતણી જાતિ અતિ જાણિયે શાવતી, જયાંલગી લહિ ગતી તેજ જલપી. ભેદ૦ ૩
જીવનો ધરમ તે કરમ સઘળા કરે, ભોગ સારૂ ફરે નિત્ય ભમતો;
સરવનો રાય કહેવાય છે માનવી, વિશ્વ કરતારને હોય ગમતો. ભેદ૦ ૪
વિહિત પ્રતિષિદ્ધ બે કરમ છે વેદમાં, ભેદ જાણી ભલું જેમ ભાવે;
પુણ્ય ને પાપનાં બીજ એ બે કહ્યાં, સુખ ને દુઃખ ફળ અંતે આવે. ભેદ૦ ૫
પુણ્યના ભાગિયા સુધરસે લાગિયા, જાણીને જોગિયા પુરૂષ ડાહ્યા;
પાપ પંથે પળ્યા દુઃખ દસમ જાયા; નરકમાં નરકીની પામી કાયા. ભેદ૦ ૬
જીવના કરમની રીતી એ તો કહી, ભાવથી જો પરિશ્રમ વેઠે;
સર્વ પ્રતિપાળ દયાળ ઇશ્વરતણી, ભક્તિથી સર્વ સાધન હેઠે. ભેદ૦ ૭
શ્રેષ્ટ સહુ ધરમથી મન વચન કર્મથી, જાણી જગદીશની ભક્તિ કરિયે;
સર્વ સિદ્ધાંતનો સાર છોટમ કહે, તેથકી ભવજળ તરત તરિયે. ભેદ૦ ૮

કીર્તન ૪ થું.

એક કરતાર આધાર સરવે તણો, એ નિરાધાર આંકાર આપે;
વિવિધ પ્રકારની વિશ્વ રચના રચે, સાંધી સંબંધ માપે અમાપે. એક૦ ૧
સ્થુળને સુક્ષ્મની સાથ સંબંધ છે, વ્યક્ત અવ્યક્તનો સંગ સાંધ્યો;
કાનને શબ્દની સાથ સંબંધ છે, નેત્રને રૂપ સંબંધ બાંધ્યો. એક૦ ૨
જીભને રસ વિષે નાકને વાસમાં, ચરમને સ્પર્શશું પ્રીતી તેવી;
એમ અપાર કઉશલ્ય અવિનાશનું, યોગ્ય રચના રચે એવી એવી. એક૦ ૩
અગણિત અંડનો નાથ એ નિત્ય છે, શક્તિને સિદ્ધ અનેક એમાં;
છોટમ ભાવથી એ પ્રભુ ઓળખે, બ્રહ્મ સુખ ભોગ આવેજ તેમાં. એક૦ ૪

કીર્તન ૫ મું.

જગત કરતારને જીવ ભુલી ગયા, વિષ્ણુની માયાએ સરવ વાહ્યા;

વ્યાસની વાણીનો સાર સમજ્યા નહીં, વિશ્વચીના કુંજવિહાર ગાયા.
કોય તો બ્રહ્મને નિરગુણ કહી ભજે, સુન્યવંત શુધ્ધ અકર્ત્ત એવું;
[illegible] જ.
[illegible]
[illegible] અને નાંખ્યા ઝુટી. જગત૦ ૩
[illegible] કોય [illegible], તો ન કહેવાય [illegible] કરતા;
[illegible] બ્રહ્મ સૂક્ષ્મ નરજે, એમ મૂર્તિ [illegible] કરતા બ્રહ્મ ભરતા. જગત૦ ૪
[illegible] નિત્ય તો બ્રહ્મ કરતા નહીં, તો જન તેની ભક્તિ ન કરશે;
બ્રહ્મ ઊપાસના જીવ જો ના [illegible], તો ભવસાગર [illegible]. જગત૦ ૫
વદનો અર્થ જો શુદ્ધ સમજાય તો, જ્ઞાન [illegible] સાચું;
છોટમ વિધી કરતાર જેના કહે, તે [illegible] સિદ્ધાંત તો [illegible] કાચું. જગત૦ ૬

કીર્તન ૬૬.

અટપેરો દેશ સરવશ સૃજનારનો, દેવ અર્ધીદેવ છે નામ જેનું;
શીવ શંકર એજ વિષ્ણુને ગણપતી, પ્રકૃતીને પુરુષ [illegible] તેનુ. અટપેરો૦ ૧
અગણિત અંડનાં અધીપ નર જેટલાં, તેટલા તે પ્રભુને આરાધ;
વેદને ગુરૂથકી જ્ઞાન પામે નર, તાહુને તે [illegible]. અટપેરો૦ ૨
નામ ને રૂપ ગુણ જ્યાં લગી [illegible], ત્યાં લગી [illegible];
માયાના ઉદરમાં સરવ આવી [illegible] અટપેરો૦ ૨
માતાનું પોષણ પામી સર્વે [illegible], [illegible] જાણી;
નાશિને [illegible]. અટપેરો૦ ૩
બ્રહ્મ જે જાણશે તે સુખ માણશે, ઉર [illegible];
છોટમ મોક્ષ સુખ તેજ નર પામતા, મન વિષે બ્રહ્માનું ધ્યાન ધરતા. અટપેરો૦ ૫

[illegible].

પદ ૧ લું—રામચંદ્ર [illegible] પ્રભાત

વનચર વીરા વધામણી, કહેને કયાંથકી આવ્યો;
આરે મુદ્રીકા શ્રી રામની, કહેને કયાથકી લાવ્યો. વનચર વીરા૦ ૧
આરે મુદ્રીકા શ્રી રામની, કોકને જોવા ન જડતી;
તે તારે હાથે આવી ચટી, સુને કળ [illegible] પડતી વનચર વીરા૦ ૨
બોલજ બોલ્યને બાંધવા, સાચી સંભળાવે વાત;
જવાળા ઓલવજો જાનકી, કુશળ છે રઘુનાથ. વનચર વીરા૦ ૩
કોપ કરી મારે કાગજી, કેમ હાથે ન મારી;
કપુર લેઈ આલ્યું કાગને. મારે વાલે વીમારી. વનચર વીરા૦ ૪
નાથ નમેગ કેમ થયા, હેડાં કઠણજ કીધાં;
સતીરે મેલીને સહુ થયા, સુખ સુનીવૃત લીધાં. વનચર વીરા૦ ૫
જોગ લીધો બે બંધવે, બેઠા આસનવાળી;
[illegible] થયા સઉ દેહ તાં, પીડાં ઉર્વીત [illegible]. વનચર વીરા૦ ૬
આ [illegible] રામજી આવશે, ત્યારે સ્વબળા ઉગ [illegible];
[illegible] જોગે ટળવળી, નારી નિશ્ચે મરશે. વનચર વીરા૦ ૬
પંથ ન્યાળતાં નેત્ર ગળ્યાં, કર્મનો પાર ન આવ્યો;

રણછોડના સ્વામીને જઈ કહેજો. સતીએ સંદેશો કહાવ્યો. વનચર વીરા૦ ૭

પદ ૨ જું

હસીને બોલ્યા હનુમાનજી, માતા આગ્નાએ પાળું;
કહોતો રાવણને રોળી દઉં, કહોતો લંકા પ્રજાળું. હસીને૦ ૧
કહોતો રાક્ષસના કુળને, ખરી ખાંતેથી ખાઉં;
કહોતો ખાંધે બેસારીને, પેલે પાર લઇ જાઉં. હસીને૦ ૨
વિપત પડે નવ મુજીએ, રામજી છે રૂડા;
નથી સતી પતી સાધુ થયા, નથી દીલનારે કુડા હસીને૦ ૩
રામ લક્ષ્મણ આરોગ્ય છે, સમાચાર છે સારા;
મારી માતાનુ દુઃખ જોઇને, આવે આંસુની ધારા. હસીને૦ ૪
તમે કહ્યું માનો મારી માતાજી, કશી ચીતા ન કરીએ;
સાચ મને કરી સાંભરી, ધ્યાન પ્રભુનું ધરીયે હસીને૦ ૫
દુરમતીએ કરમ કર્યું, મોટું વેરજ વાળ્યું,
પાપીતણા પ્રાણ લક્ષ કરી અ... ઘેર જાશુ. હસીને૦ ૬
એ આવે રૂડા રામજી. ટાળવા દુ. ૧ તમારૂ;
શોધ લેવા મુને મોકલ્યો, કહ્યું માનજો મારૂં હસીને૦ ૭
એ આવે રઘુરામજી, જાણીએ જેગ માયા,
રાજા રાવણને મારશે, ... રણછોડ ગાયા. હસીને૦ ૮

પદ ૩ જું.

મંદોદરી રાવણને કહે છે.

કહ્યુંરે માનો મારા કંથજી, રૂડા રામજી આવે;
પથ્થર તારી પાણીમાં, પ્રભુ પાજ બધાવે. કહ્યુંરે૦ ૧
નારી આપો જઇ નરપતી, કેમ પ્રભુ પ્રણામ;
દયા કરશે દયાળજી, શાના આપણું કામ. કહ્યુંરે૦ ૨
માનોજી કહે મંદોદરી, સુણીએ મારા સ્વામી;
એને લજો તમે ઓળખી જે છે અંતરજામી. કહ્યુંરે૦ ૩
આ જુવો ગરદ ઉડે ઘણી. ... પ... ગયા મેલા;
સીતાને સેહેલે જઇ મળો, સ્વામી કા થયા ઘેલા. કહ્યુંરે૦ ૪
આજ સ્વપ્નામાં આવીયુ, લંકામાં લાહ્ય લાગી;
રામબાણે દશ શિશ હયાં, ચેટલે હું જાગી. કહ્યુંરે૦ ૫
પેટ ચોળીને પીડા કરી, માન મગ ઘેરનું લીધું;
આભ સાથે જઇ આથડ્યા, વેર મોટાશું કીધું. કહ્યુંરે૦ ૬
સ્વામીજી એ શું કર્યું, તમે જુવો મહા યુદ્ધ થાશે;
પ્રાણ તમારા લેઇને, સીતા રામ ઘેર જાશે. કહ્યુંરે૦ ૭
માથે મરણ આવ્યું ઢુકડું, ઉગરવાની નહી આશ;
જઇને નમો તો ઉગરશો, કહે છે રણછોડદાસ. કહ્યુંરે૦ ૮

પદ ૪ થું.

રાવણ મંદોદરીને કહે છે.

રાવણ કહેરે મંદોદરી, હારશો નહી હૈયે;

લંકાગઢ તે કેમ લેવાશે, દશરથને રે છાએ. રાવણ૦ ૧
સેના એની જુવો શોભતી, માંહી વનચર વારૂ;
રાજા રાવણને જીતશે, એ તો શા બળ સારૂ. રાવણ૦ ૨
થાળી વગાડે હું નવ બીહું, રહ્યાં ત્રંબાળું ગાજી;
અમ આગળ એનો શો આશરો, જક માં કરો ઝાઝી. રાવણ૦ ૩
અજાણ્યો મારો એ નથી, માનની મતી પાઇ;
જોર કરીને આવીયો, જો જનકનો જમાઈ. રાવણ૦ ૪
ત્રણ ભુવનમાં તાકુજી, નથી નરપતી એવા;
રાજા રાવણ શું આથડે, યુદ્ધના લાવા લેવા. રાવણ૦ ૫
નવ ગ્રહને મેં વશ કર્યા, લોપી મુનીવરની માઝા;
ઇંદ્ર રહ્યો મહારી આજ્ઞામાં, તેત્રીશ કરોડનો રાજા. રાવણ૦ ૬
માનની મારૂં મરણ હશે, તો હરી હાથથી હણશે;
લંકા લઈ વઈકુંઠ આપશે, તેમાં શો લાભ ગણશે. રાવણ૦ ૭
નારી નહી આપું રામને, ને બરદ મારૂં રે જાય;
થનાર હશે તે થઈ રહેસે, ગુણ રણછોડ ગાય. રાવણ૦ ૮

પદ ૫ મું.

કોઈ સુધ લાવે મારા નાથની, તેને નવનિધ આપું;
મોતીડે વધાવું તેહને, કષ્ટ કોડેથી કાપું; કોઈ સુધ લાવે૦ ૧
સખી કોઈ સમઝાવીને, ઘેર તેડીને લાવે;
કઠણ હઇયાના કાનજી, સંદેશો ન કહાવે. કોઇ સુધ લાવે૦ ૨
કોઇ ગુણવંતી ગોરડી, પ્રાતમજીને પુછે;
શા માટે રીસાઇ ગયા, તેનું કારણ શું છે. કોઇ સુધ લાવે૦ ૩
મુજને મૂકી જોગી થયા, કે કોઇયે ભરમાવ્યા;
કોને ભરૂંસે મૂકી ગયા, હજી ઘેર ન આવ્યા. કોઈ સુધ લાવે૦ ૪
કાંઇ સમજણ પડતી નથી, રહું નિત્ય ઉદાશી;
વસમું લાગે મુને વીઠલા, મથુરાનારે વાશી. કોઇ સુધ લાવે૦ ૫
અનેક અપરાધ ક્ષમા કીજીયે, કહું છું શિરનામી;
વાલમ વેલા આવજો, રણછોડના સ્વામી. કોઈ સુધ લાવે૦ ૬

પદ ૬ ઠું.

સીતા વિજોગે શ્રીરામજી. લક્ષમણનેરે પુછે,
હજી હનુમાન નહિ આવિયો, તેનું કારણ શું છે. સીતા વિજોગે૦ ૧
અવધ કરી અહિંથી ગયો. હુંતો હમણાંય આવું;
સ્વર્ગ મૃત્યુ પાતાળની, સુધ પોહોરમાં લાવું. સીતા વિજોગે૦ ૨
માહારૂં મન રહેતું નથી, ભાઈ ધરસુત્ર ભાગ્યું;
સીતા ગયે શું ઉગર્યું, મોટું લાંછન લાગ્યું. સીતા વિજોગે૦ ૩
જડશે નહિ જો જાનકી, ત્યારે શી ગત થાસે;
લોક લાંછન વળી લાગશે, વિશ્વમાં નહિ રહેવાસે. સીતા વિજોગે૦ ૪
બોલ બાંધવના સાંભળી, બોલ્યા લક્ષમણ વીર;
સીતાને શોધી લાવશું, મન રાખોને ધીર. સીતા વિજોગે૦ ૫

રૂદન કરે શ્રીરામજી, શોક સાગર સુકે;
લક્ષમણ કહે સત્ય માનજો, સતી સત્ય ન ચુકે. સીતા વિજોગે૦ ૬
સીતાજી સરખી સતી નહિ, રહેશે આપ વિચારી;
અવર પુરૂષ સામું નવ જુવે, નાંખે વિષ સહારી. સીતા વિજોગે૦ ૭
અન્યો અન્ય બાંધવ બોલીયા, વાટ જુએ કહીને;
એટલે હનુમાન આવીયા, સુધ સીતાની લઇને. સીતા વિજોગે૦ ૮
હરખ થયો શ્રીરામને, હનુમાનને પુછે;
કુશળ કલ્યાણ છે જાનકી, કહેને દુઃખ કેવું છે. સીતા વિજોગે૦ ૯
પ્રણામ કરી કહે રામને, કુશળ છે મારી માતા;
મુજને કહે કહેજે નાથને, આવી કરો સુખ સાતા. સીતા વિજોગે૦ ૧૦
નિશદિન નામ લે તમતણું, શોકાતુર થઇને;
કહ્યું મેં જે વેહલા આવશું, શ્રીરામને લઇને. સીતા વિજોગે૦ ૧૧
હરખ થયો સુણી રામને, સેન્યા તત્પર કીધી;
પાગ બાંધી પાર ઉતર્યા, જઈ દુદુભી દીધી. સીતા વિજોગે૦ ૧૨
રીંછ વાનર શ્રીરામના, દળ ભારે આવ્યું;
રાક્ષસ રાજા રાવણતણા, જુધ જોર મચાવ્યું. સીતા વિજોગે૦ ૧૩
હારે નહી કોઇ કોઈથી, માગ મોકમ મારે;
રામ લક્ષમણ ક્રોધે ચડયા, કપી કોપીયા ત્યારે. સીતા વિજોગે૦ ૧૪
જુદ્ધ કરી રામ ઝીતીઆ, રાવણને રે માર્યો,
રાજ વિભીષણને આપીયું, તન તાપ નિવાર્યો. સીતા વિજોગે૦ ૧૫
સીતા લઈ શ્રી રામજી, અજોધ્યામાં આવ્યા;
જયજયકાર ત્યાં થઈ રહ્યા, પ્રજાને મન ભાવ્યા. સીતા વિજોગે૦ ૧૬
રામ કથા રસ સાંભળે, સુખ વરણી ન જાય;
ભવસાગર તેરો તજો. ગુણ રણછોડ ગાય. સીતા વિજોગે૦ ૧૭

પદ ૭ મું.

રઘુનાથજી રાજ બેસવા, અજોધ્યામાં આવે;
વધામણિયા સામા મોકલ્યા, બેઠે બળવંત કહાવે. રઘુનાથજી૦ ૧
ભર્ત શત્રુઘન બોલીયા, ચાલો સામારે જઇએ;
જઇને બાંધવને ભેટીએ, આપણ સુખીઆ રે થઇએ. રઘુનાથજી૦ ૨
પહેલા મળ્યા શ્રીરામને, પછે લક્ષ્મણ વીર;
પછે મળ્યા માતા જાનકી, સુખ પામ્યા શરીર. રઘુનાથજી૦ ૩
વળતા બોલ્યા શ્રી રામજી, વીર કહો સાચી વાત;
અજોધ્યાવાશી સહુ કુશળ છે, કુશળ કોશલ્યા માત. રઘુનાથજી૦ ૪
ભરત કહે રામજી સુણો, સઉ કુશળ કલ્યાણ;
ચૌદ વરસે પધારીઆ, સઉના જીવનપ્રાણ. રઘુનાથજી૦ ૫
ગાજતે વાગતે પુરમાં, રામ સીતા પધારયાં;
પુરવાસી સઉ પાયે નમ્યા, અતી વહાલ વધાર્યાં. રઘુનાથજી૦ ૬
નિજ મંદિરમાં આવીયા, પુષ્પ મોતિએ વધાવ્યા;
પ્રણામ કરવા પ્રીતશી માતા પાસે રે આવ્યા. રઘુનાથજી૦ ૭

ત્રણે માતાને પાએ નમ્યા, રામ લક્ષ્મણ સીતા;
વિધવા જોઈ ત્યાં માતને, સંભાર્યા નીજ પિતા. રઘુનાથજી૦ ૮
વીજોગ પડયો ચૌદ વરસનો, સૌને આનંદ થાયે;
રાજ્યાસનપર બેસવા, શુભ મુરત જોવાએ. રઘુનાથજી૦ ૯
મુરત નિશ્ચય કરયું તે મને, માણેકથંભ રોપાણો;
તરિયા તોરણ બાંધિયાં, [illegible] રચાવ્યો. રઘુનાથજી૦ ૧૦
શોભા સ્વરગથકી ઘણી, જુો નરને રે નારી;
વાજિંત્ર નાના ભાતના, વાજે બહુ ગુમકારી. રઘુનાથજી૦ ૧૧
વેદધ્વની મુનિયો ભણે, શાસ્ત્ર વાંચી પ્રમાણે;
વસ્ત્રાભુષણ સજી [illegible], આવ્યા તે ટાણે. રઘુનાથજી૦ ૧૨
[illegible] બેસાર્યા;
ગુરૂવશિષ્ઠ આદિ [illegible] ધ્યાન. રઘુનાથજી૦ ૧૩
મુનિયો સરવે કહે તે [illegible] જીવો;
પ્રજા પાળો પ્રભુ પ્રીતથી, [illegible] કુળમાં દીવો. રઘુનાથજી૦ ૧૪
મંગળ ગાઈને માનુની, [illegible] પુષ્પે વધાવે;
જાચક જન ત્યાં બહુ મળી, આશી શ દેવાને આવે. રઘુનાથજી૦ ૧૫
જેની જેવી યોગ્યતા, તેને [illegible] દેવી;
વસ્ત્ર આભુષણ [illegible] શોભા જોયા જેવી. રઘુનાથજી૦ ૧૬
જય જય શબ્દો કહે સહુ, આનંદ ઉર ન માએ;
મુનિ સર્વેને નિજ માતને, પ્રભુ નમિયા છે પાએ. રઘુનાથજી૦ ૧૭
ઘરઘર ઓછવ થઈ રહ્યા, એવા ઉત્તમ નામી;
ભાવે ભજો સહુ રામને, રઘુકુળના સ્વામી. રઘુનાથજી૦ ૧૮

પદ ૮ મુ

હું તો તને [illegible] રે, આ તેં શું કર્યું રે;
હરી હીરો ખોયો રે, ને હાર્યો તેં [illegible]. ટેક.
[illegible] આ [illegible] રે;
વિસારી [illegible] હું તો તને૦ ૧
[illegible] રે,
[illegible]
[illegible] હાંકે રે, [illegible]
વિચારી ના [illegible] રે, [illegible] હું તો તને૦ ૨
મનુશા જનમ [illegible] રે,
હસા ઉપર ઘાલી [illegible];
[illegible] તન [illegible] રે, [illegible] રે;
તારી માની કુખે ના દીધો રામ હું તો તને૦ ૩
સગાંને સબંધીરે બુડવવાને સૌ મળ્યારે,
તરવાને ત્રીકમ નામ સંસાર;
ભોતો ન લાગેરે ઝટપટ માનજેરે,
હવે તું તો ગાફલ ન રહીશ ગમાર. હું તો તને૦ ૪

ડાહાપણ તો ડોળ્યું રે સ્વારથ સાધવા રે;
પરમારથની જાણી પેર;
રણછોડ કહેછે રે રાંડના તુને તજે રે;
જહાં ગયો ભજની દીન લેહેર. હુતો તને૦ ૫

શરીરરૂપી અંગરખા વીશે.
પદ ૯ મું.—રાગ કાફી.

અંગરખુ એક તારૂં રે, બનાવ્યુ બહુ જુગતિ કરી.
શિવનારો દરજી ડાહ્યો રે, કીધી છે મહા કારીગરી;
કારીગરી માંહિ કેવીરે કીધી, તેનો કહે ન આવે પાર.
બારિક કામ બહુ કીધું ઝીણું, તેના ઉપર તાણો છે તાર;
ટાંકો તો નજરે નવ આવે રે, દેખને સરવે ગર્ત ધરી. અંગરખું. ૧
ભાત બનાવી દોરી વાળી રે, નાંખી તેમાં બખીયા છે બહુ;
વાળ્યું વળે છે અકડ નથી તેમાં, તાણ્યા નથી નહિ તાર.
સારૂ શીવ્યુ સંગેરે, આવ્યું છે અંગે ભરા નરી. અંગરખુ૦ ૨
કમ-પરો કોઠાને કુણી, કંઠેથી પાની પ્રમાણ;
તેમાં કલોચડી કાંઈ નથી વળી, શિવનારો ચતુર સુજાણ.
પ્રમાણું કેવુ કીધું રે, બેસતું છે બરાબરી. અંગરખું૦ ૩
અંગરખું બહુ રંગી બનાવ્યું. પુરણ પ્રેમ પ્રકાશ;
ચોંપ દેખોને દરજીની કેવી, શિવતાં કર્યા નવ માસ;
દાસ રણછોડને રે, પેહેરાવ્યું પ્રભુ ખરાખરી. અંગરખુ૦ ૪

પદ ૧૦ મુ—અન્નદેવનું.

તમને આરાધું અન્નદેવ, પ્રથમ કરૂ તમારી સેવ. ટેક.
સવા પહોરે સૂતાં ઉઠે, બકોર કરતાં બાળ;
માતા પાસે ખાવા માગે, પહેલે પ્રાતઃકાળ. તમને૦ ૧
પહોર દહાડામાં આવી મળે તો, કય કરે કલોલ;
માણસ થાય છે મરવા જેવુ, ઘડી થાય જો મોળ. તમને૦ ૨
વાત કરતાં વહી પડે છે, ભણતાં જાય છે ભુલી,
આંખડીયે અંધારાં આવે, કાયા થઈ જાય લુલી. તમને૦ ૩
પંદર દિને એકાદશી આવે, વ્રત તણા મહીમાય;
રાત પડે ને સ્વપ્નુ આવે, ચાખું ત્યારે વાર. તમને૦ ૪
બળિયામાં જે બળીયો કહાવે, જે છે સધી બળિયો;
તે જો પામે ત્રીજે પહોરે, ધુળ થઇને ઢળિયો. તમને૦ ૫
તેત્રિસ કોટી દેવ મળીને, સઉકો તમને પુજે;
કહે રણછોડ અન્નદેવ મળે તો, સરવે વાતો સુજે. તમને૦ ૬

કલ્યાણ.

પદ ૧ લું. રાગ પ્રભાતી.

સગપણ સાચું શાનું ભાઇ, શું માયાને વળગું રે;
ગરજ ગરજે સહુ મળ્યું છે, અંતે રહેશે અળગું રે. સગપણ૦ ૧
ધન કાજે ન પીશ , ભુમી ભેગું ભળવું રે;

ઘડી એક તો પ્યારી જાય છે, તારે તો છે મરવું રે. સગપણ૦ ૨
ઉંચા ઉંચા મેહેલ બનાવી, ફુલ્યા ફુલ્યા ફરવું રે;
એ મંદિરમાં કોણ માલશે, તારે તો છે મરવું રે. સગપણ૦ ૩
બચકે બાંધ્યા વસ્ત્રને વાઘા, ઘણું ઘરેણું ભરવું રે;
પટોળાં તારાં કોણ પેરશે, તારે તો છે મરવું રે.
હાથી ઘોડા માલ ખજાના, સુખપાલમાં ફરવું રે,
એમા જાને કોણ માલશે, તારે તો છે મરવું. સગપણ૦ ૫
ભજન કરીલે મન વેરાગી, ફટ હૈયાના ફુટ્યા રે;
કહે કલ્યાણ કહ્યું નવ માને, એમ દિવસ તને ઉઠ્યા રે, સગપણ૦ ૬

પદ ૨ જું.

કંઇક કરમનો કરનારો તે, શરણ તમારે આવ્યો રે;
મહા જાળમાં બાંધી નાંખ્યો, હવે હરી છોડાવો રે. કંઇક કરમનો૦ ૭
પાપ કરતાં પાછું નવ જોયું, હરિનું નામ હું ભુલ્યો રે;
દુરિજનની સંગત મેં કીધી, દેવાળામાં ડુલ્યો રે કંઇક કરમનો૦ ૨
અનાથ જંતુ રાંક બાપડા, તેમાં મેં કીધા વાસ રે;
લખ ચોરાસી ફેરા ફરવા, કરી મુક્તિની આશ રે. કંઇક કરમનો૦ ૩
સોનું રૂપું જંતર મંતર, તંતર મારે તું છે રે;
આનું દુનિયામાં નથીજ ગમતું, મળવા આતુર હું છું રે. કંઇક કરમનો૦ ૪
નામ તણો મહિમા મોટો છે, કંઇક પાપી નર તાર્યો રે;
એવું જાણીને દાસ કલ્યાણે, ભુદરને પોકાર્યો રે. કંઇક કરમનો૦ ૫

દલપત.

પદ ૧ લું રાગ પ્રભાત.

હાથ જોડીને ગણનાથને હું નમું, સાથ છે સિદ્ધિને બુદ્ધિ જેને—ટેક.
સિદ્ધિને સિદ્ધિ બે દાશીઆ દેખીયે, લાભને લક્ષ બે પુત્ર તારા;
સ્વરેશ મનીવરો સર્વ સેવા કરે, સ્નેહથી ગાય ગુણ જાણી સારા. હાથ જોડીને૦ ૧
એ [illegible] છે [illegible] ગુ [illegible] ન [illegible]ામ [illegible], ભા માં ચંદ્ર આભાસ ભાસે;
[illegible] પત [illegible] વ્રત [illegible]ાતુરી, [illegible] સ [illegible] નાશે. હાથ જોડીને૦ ૨
[illegible] ર [illegible] કરતા વાણી, સર્વ શુભ કામમાં નાથ પહેલું;
[illegible] બ્રહ્મા [illegible] જન ગાયછે, થાયછે તેથી સુખ મને સેહેલું. હાથ જોડીને૦ ૩
[illegible] પક્ષ સરનો ધણી, જક્ષનો એજ અધ્યક્ષ આપો;
[illegible]ના, હાર શણગાર છે સર્પના, ગર્વ ગંદર્પના એ ઉથાપો. હાથ જોડીને૦ ૪
[illegible] સંસારનું ચિત્ત જો ચાહીયે, મુકી બીજાની નીજ આશ કરીયે;
દીનતા લાવીને દાસ દલપત કહે, ધ્યાન ગણનાથનું નીત્ય ધરીયે. હાથ જોડીને૦ ૫

સમાપ્ત

જાહેર ખબર.

પુસ્તકોનાં નામ.

નામ.	કીમત.	નામ.	કીમત.
મહેવત સાવત્રીઆ.	૦-૦-૬	નારાયણ કવચ.	[illegible]
ગુલબકાવળી.	૦-૦-૬	યજુર્વેદ સંધ્યા.	૦-૧-
ગજરામારૂની વારતા.	૦-૦-૩	સીવમહીમન મુળ.	૦-૧-
બુધ્ધી લક્ષ્મીની વારતા.	૦-૦-૩	અગસ્ત્ય સ્તોત્ર મુળ.	૦-૧-
કાષ્ટના ઘોડાની વારતા	૦-૦-૬	નવગ્રહ સ્તોત્ર મુળ.	૦-૦-૬
ઇશ્વર વિવાહ	૦-૦-૩	શનીસ્તોત્ર મુળ.	૦-૦-૬
મતબામાનુ રૂસણુ.	૦-૦-૩	ભડળી વાકય.	૦-૦-૬
અરજુન ગીતા	૦-૦-૩	જ્ઞાનમાળા શિક્ષામાળા.	૦-૦-૬
નરસીંહ મેહતાના બાપનું શ્રાદ્ધ.	૦-૦-૩	વમતવીણુ	૦-૦-૬
નરસીંહ મેહેતાની હુંડી	૦-૦-૩	નળદમયતી નાટક.	૦-૨-૦
નરસીંહ મહેતાની પુત્રીનુ મામેરૂ	૦-૦-૩	ભગવદભક્તી.	૦-૧-૦
ગુરૂ મહીમા તથા ગુરૂ પ્યાલો.	૦-૦-૩	સત્યનારાયણ કથા મુળ છુટક પાના.	૦-૨-૦
દેશી આંક.	૦-૦-૩	ભજનરામાયણ તુલસીદાસ કૃત	૦-૧-૦
વીશ્નુ સહસ્ત્ર નામ મુળ.	૦-૦-૩	નર્મદાષ્ટક.	૦-૦-૩
સમમતી	૦-૧-૦	એ ગાઇડ ટુ ડ્રોઇંગ ટીચર.	૧-૦-૦
નરસીંહ મેહેતાની હારમાળા	૦-૧-૬	ચતુર સુંદર સ્ત્રી વિલાસ.	૦-૨-૬
પહેલાદ આખ્યાન.	૦-૨-૦	દાસ્તાન	૨-૦-૦
દ્રોપદી સ્વયંવર	૦-૨-૦	શામળભટના છપ્પા તથા સમશ્યાઓ.	૦-૧-૦
બારમાસી મહીના	૦-૨-૦	ભાગન ભગતના ચાબખા	૦-૦-૬
	૦-૦-૬	ગુજરાતી પાચમા ધોરણની નોટ.	૦-૨-૬
	૦-૧-૦	,, છઠ્ઠા ,, નોટ.	૦-૨-૦
	૦-૧-૦	કિંડરગાર્ટન.	૨-૪-૦
	૦-૨-૬	જાતક ખંડ.	૪-૪-૦
	[illegible]-૦	વીશ્નુસહસ્ત્ર નામાવળી	૦-૧-૦

જેમ જેમ અક્ષર પડશે તેમ તેમ તેના ભાવે
મો પૂરો પાડીશું અને બીજા